MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૩૦-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 સુપ્રિમે દોષિત મુકેશની અંતિમ અરજી પણ ફગાવી - મુકેશને ફાંસી નક્કીઃ ત્રણ નરાધમો પાસે ત્રણ વિકલ્પ ખૂલ્લા..!

5 સુપર ઓવરમાં કિવિના ૧૮ રનના ટાર્ગેટ સામે રોહિતે અંતિમ બે બોલમાં બે છગ્ગા ફટાકરી જીત અપાવી

8 ૨૫ વર્ષમાં પ્રથમવાર રાજ્યમાં પેથોલોજી વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાશે

12 ભારત બંધના એલાનને નર્મદા જિલ્લામાં બીટીપીના સમર્થનમાં ડેડીયાપાડા સહિતના વિસ્તારોમાં ભારે પ્રતિસાદ

મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નેન્સી બિલને મોદી કેબિનેટની મંજૂરી

હવે ૨૪મા સપ્તાહે પણ મહિલાઓ ગર્ભપાત કરાવી શકશે

- નવા બિલને મંજૂરી મળતાં અવિવાહીત મહિલાઓ, રેપ પીડીતાઓ, અસહાય મહિલાઓને મળશે મદદ
- પોર્ટ પર કામ કરતા ૨૮ હજાર લોકોનું બોનસ વધારી ૭,૦૦૦થી૧૩,૦૦૦ રૂપિયા કરાયું
- આયુર્વેદ, યુનાની અને સિદ્ધ ચિકિત્સા પ્રક્રિયા માટે કમિશન બનશે

મહિલાઓના હિતમાં નિર્ણયઃ ગર્ભપાત કરાવવાની મંજૂરી માટે મહત્તમ સીમા ૨૦ સપ્તાહથી વધારી ૨૪ સપ્તાહ કરવામાં આવી,આ બિલને સંસદના બજેટ સત્રમાં રજૂ કરવામાં આવશે



ન્યુ દિલ્હી

મોદી કેબીનેટે મેડીકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી (સુધારા) બીલ ૨૦૨૦ને મંજુરી આપી દીધી છે. આ મંજુરી સાથે જ મેડીકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એકટ ૧૯૭૧માં સંશોધનનો માર્ગ મોકળો બની ગયો છે. હવે આ બીલને સંસદના આગામી સત્રમાં રજૂ કરવામાં આવશે. આ બીલ થકી હવે મહિલાઓ ૨૪મા સપ્તાહે પણ ગર્ભપાત કરાવી શકશે. મંત્રી મંડળના નિર્ણય અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યુ હતુ કે, ૨૦ સપ્તાહમાં ગર્ભપાત કરાવવા પર માતાનો જીવ ગયો હોય તેવા અનેક મામલાઓ સામે આવ્યા છે. ૨૪ સપ્તાહમાં ગર્ભપાત કરાવવાનું સુરક્ષિત રહેશે. જાવડેકરે ગર્ભપાત કરાવવાની સીમા ૨૪ સપ્તાહ કરવા પર કહ્યુ હતુ કે, આ પગલાથી રેપની પીડીતાઓ અને સગીરાઓને મદદ મળશે.

હાલનો ગર્ભપાત કાયદો લગભગ ૫ દશકા જૂનો છે. હાલમાં જે કાયદો છે જે અનુસાર જો ગર્ભ નિરોધક કામ નહીં કરે કે અનિચ્છીત ગર્ભના ગર્ભપાત માટે કાયદામાં માત્ર પરિણીત મહિલાઓના કેસમાં જ માન્ય છે. આ કાયદા પ્રમાણે સગીર યુવતીઓ માટે પેરેન્ટ્સની લેખિત પરવાનગી જરૂરી છે. જયારે અપરિણીત મહિલા ગર્ભ નિરોધક કામ ન આવ્યું એ કારણસર ગર્ભપાત કરાવી શકે નહીં. જો ભ્રૂણમાં કોઈ અસમાન્યતા હોય તો ૨૦ અઠવાડિયા બાદ કોઈપણ સમયે અબોર્શન કરવાની પરવાનગી મળશે.

ગયા વર્ષે ગર્ભપાત કરવા માટેની સમયમર્યાદા વધારવા માટે કોર્ટમાં એક જનહિત અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી પર સુનાવણી દરમિયાન સ્વાસ્થ્ય મંત્રાલયે ગયા વર્ષે ઓગસ્ટમાં દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું કે ગર્ભવતી મહિલાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખતા ગર્ભપાતની સમયમર્યાજા ૨૦ અઠવાડિયાથી વધારીને ૨૪થી ૨૬ અઠવાડિયા સુધી કરવા માટે મંત્રાલયે ચર્ચા-વિચારણા શરૂ કરી દીધી છે.

કાયદાકીય રીતે માતાના જીવને જોખમ હોવું, રેપને કારણે ગર્ભ હોવો, બાળક શારીરિક કે માનસિક રીતે દુર્બળ હોવા પર ગર્ભ નિરોધક કામ ન કરવા પર ગર્ભને ૨૦ અઠવાડિયાની અંદર ગર્ભપાત

અનુસંધાન પાના નં. ૮

બિહારમાં CAA-NRCના વિરોધીઓ-સમર્થકો વચ્ચે અથડામણઃ ૧૫ ઘાયલ

પટણા

નાગરિકતા કાયદાને લઈને દેશવાસીઓ બે અલગ મત ધરાવતા જૂથોમાં વહેંચાઈ ગયા છે. જેને કારણે હવે પરસ્પર અથડામણના બનાવો સામે આવા લાગ્યા છે. બિહારના સમસ્તીપુરમાં નાગરિકતા કાયદા વિવાદે એક ઘટના બની છે જેમાં ઝછછ અને દ્વઈઝ સમર્થકો અને વિરોધીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ સંઘર્ષમાં ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, બંને જૂથો પરસ્પર લાકડીઓ-ડંડા વડે એકબીજા પર હુમલો કરી રહ્યા છે. આ ઘટના પછી સ્થાનિક પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવી સમગ્ર વિસ્તારમાં ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી હતી

ઉલ્લેખનીય છે કે ૧૦ જાન્યુઆરીથી નાગરિકતા સુધારણા કાયદાને સમગ્ર દેશમાં લાગૂ કરી દેવામાં આવ્યો હતો. જે હેઠળ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનથી આવેલા ધાર્મિક અલ્પસંખ્યક શરણાર્થીઓને નાગરિકતા પ્રદાન કરવાની જોગવાઈ છે. જેમાં મુસ્લિમ સમુદાયને સામેલ ન કરાતા દેશભરમાં તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. દિલ્હીમાં શાહિન બાગ સહિત અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. શાહિન બાગમાં વિતેલા ૪૩ દિવસથી લોકો પ્રદર્શન કરી રહ્યા છે.

વડોદરામાં દુકાનો બંધ કરવા નીકળેલા ટોળામાંથી ૪ લોકોની અટકાયત

સીએએ અને એનઆરસીના વિરોધમાં બંધને મિશ્ર પ્રતિસાદ, સુરતમાં પથ્થરમારો

બગોદરા હાઈવે પર ટાયરો સળગાવ્યાં, રાજકોટ અને અમદાવાદમાં બંધની કોઈ અસર નહીં

અમદાવાદ

સીએએ અને એનઆરસીના વિરોધમાં અપાયેલા ભારત બંધની અસર ગુજરાતમાં નહિવત જોવા મળી હતી. જેમા સુરતમાં બંધના મુદ્દે લિંબાયત વિસ્તારમાં પોલીસ પર પથ્થરમારાની ઘટના બની હતી. જ્યારે વડોદરામાં દુકાનો બંધ કરવા નીકળેલા ટોળાને પોલીસે વિખેરી નાખી ૪ લોકોની અટકાય કરી હતી. અમદાવાદ અને રાજકોટમાં બંધ બે અસર રહ્યું હતું.

સુરતમાં એનઆરસી અને સીએએના વિરોધમાં ભાગાતળાવ, ચોકબજાર, ભાગળ વિસ્તારમાં દુકાનો બંધ રાખવામાં આવી છે. દરમિયાન લિંબાયતમાં મદિના મસ્જીદ વિસ્તારમાં તણાવગ્રસ્ત માહોલ વચ્ચે પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેના પગલે પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પથ્થરમારામાં એક પોલીસ કર્મીઓ પણ ઈજાગ્રસ્ત થયો હતો. હાલ પોલીસ દ્વારા પરિસ્થિતી પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. જોકે, કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

વડોદરા શહેરના નવાયાર્ડ ફૂલવાડી વિસ્તારમાં સીએએ અને એનઆરસીનો વિરોધ કરવામાં આવ્યો હતો અને કેટલીક દુકાનો બંધ જોવા મળી હતી. બહુજન ક્રાંતિ મોરચાના કાર્યકરો દુકાનો બંધ કરાવવા માટે નીકળ્યા હતા. અને લોકોને બંધમાં જોડાવવા માટે અપીલ કરી હતી.

જમીયતે ઉલ્માએ હિંદ સંસ્થા દ્વારા સીએએ અને એનઆરસીના વિરોધમાં અપાયેલા બંધના એલાનને પગલે ભરૂચમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. ભરૂચના પશ્ચિમ વિસ્તારની દુકાનો આજે બંધ રહી છે. આ ઉપરાંત બાળકોની સલામતીને ધ્યાને

અનુસંધાન પાના નં. ૮

પોલીસે બિહારથી શરજીલની ધરપકડ કરી છે

શરજીલને છોડી મૂકો નહીં તો.....: અલીગઢ મુસ્લિમ વિદ્યાર્થીઓની ધમકી

આગરા

દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના વિદ્યાર્થી અને નાગરિકતા સુધારિત કાયદાના વિરોધી શરજીલ ઈમામની ધરપકડ કરવામાં આવી છે. કથિતપણે દેશવિરોધી ભડકાઉ ભાષણ કરવા બદલ દેશદ્રોહના આરોપસર દિલ્હી પોલીસે શરજીલની ગઈ કાલે બિહારના જેહાનાબાદમાં ધરપકડ કરી હતી અને એને દિલ્હી લાવવા આજે નીકળી ગયા હતા.

દરમિયાન, ઉત્તર પ્રદેશમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ માગણી કરી છે કે શરજીલ ઈમામને તાત્કાલિક છોડી મૂકવામાં આવે. આ વિદ્યાર્થીઓ ગઈ કાલે યુનિવર્સિટીની કેન્ટીનમાં ભેગા થયા હતા અને ઈમામને છોડી મૂકવાની માગણી કરી હતી.

શરજીલની ધરપકડના વિરોધમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ મોરચો કાઢ્યો હતો અને એલાન કર્યું છે કે જો શરજીલને જલદી છોડી મૂકવામાં નહીં આવે તો કંઈક એવું થશે જેની કોઈએ કલ્પના પણ કરી નહીં હોય.

ગઈ ૧૬ જાન્યુઆરીએ એએમયુ કેમ્પસમાં શરજીલે

અનુસંધાન પાના નં. ૮

પશ્ચિમ બંગાળમાં નાગરિકતા કાયદા વિરુદ્ધ પ્રદર્શનઃ બેના મોત

ટીએમસીના ગુંડાઓએ બોમ્બથી હુમલો કરતાં લોકોના જીવ ગયાઃ કોંગ્રેસનો આરોપ



કોલકાત્તા

નાગરિકતા સંશોધન કાયદાની વિરુદ્ધ દેશભરમાં અનેક જગ્યાએ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. પશ્ચિમ બંગાળનાં મુર્શિદાબાદમાં આ પ્રદર્શનોએ હિંસક રૂપ ધારણ કરી લીધું છે. આ હિંસક ઘટનામાં બે લોકોનાં મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ઘાયલ થયો છે. ઘાયલ વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. કૉંગ્રેસે આરોપ લગાવ્યો છે કે સત્તાધારી તૃણમૂલ કૉંગ્રેસનાં ગુંડાઓએ બૉમ્બથી હુમલો કર્યો જેમાં લોકોનાં જીવ ગયા છે.

ઉલ્લેખનીય છે કે ભારતીય નાગરિક મંચ તરફથી અહીં બંધની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ આ દરમિયાન હિંસાનાં સમાચારો સામે આવ્યા. હિંસાનાં સમાચાર સામે આવ્યા બાદ પોલીસની ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી જેથી સ્થિતિને નિયંત્રણમાં લાવી શકાય. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે સીએએને લઈને જલંગીમાં બે જૂથ વચ્ચે દલીલ થઈ અને ત્યારબાદ હિંસા થઈ. આ હિંસામાં બે લોકોનાં મોત થયા છે અને એક વ્યક્તિ ઘાયલ થયો છે. ઘાયલ વ્યક્તિને મુર્શિદાબાદ મેડિકલ કૉલેજ તેમજ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે.

હિંસા માટે સત્તાધારી તૃણમૂલ કૉંગ્રેસને જવાબદાર ઠેરવતા કૉંગ્રેસનાં સાંસદ અને લોકસભામાં પાર્ટીનાં સંસદીય દળનાં નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું કે, "સાહબ નગર વિસ્તારનાં લોકો નાગરિકતા સંશોધન કાયદાની વિરુદ્ધ શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહ્યા હતા. અચાનક ટીએમસીનાં ગુંડાઓએ તેમના પર બૉમ્બથી હુમલો કરી દીધો. આમાં એક વ્યક્તિનું મોત થયું છે. ઓછામાં ઓછા ૪ લોકો ઘાયલ થયા છે, જેમને હૉસ્પિટલ ભરતી કરવામાં આવ્યા છે."

બીજી તરફ સીએએની વિરુદ્ધ અનિશ્ચિતકાળ માટે પશ્ચિમ બંગળનાં પાર્ક સર્કસ મેદાનમાં ધરણા પર બેઠેલી ૬૦ મુસ્લિમ મહિલાઓએ બુધવારનાં ૨૩માં દિવસે પણ પોતાનું વિરોધ પ્રદર્શન ચાલું રાખ્યું. આ મેદાનને 'કોલકાતાનું શાહીન બાગ' કહેવામાં આવી રહ્યું છે. આમાં ગૃહિણીઓ અને નોકરીયાત મહિલાઓ સામેલ છે, જેઓ ત્યાંથી હટે તેવું જોવા મળી રહ્યું નથી. ધરણા પર બેઠેલી મહિલાઓમાંથી એક પરવીન નઝીરે માન્યું કે આ પ્રદર્શનની સૌથી મોટી તાકાત એ છે કે પ્રદર્શનકારી કોઈપણ રાજકીય પાર્ટી સાથે જોડાયેલા નથી.



નિર્ભયા કેસઃ સુપ્રિમે દોષિત મુકેશની અંતિમ અરજી પણ ફગાવી

મુકેશને ફાંસી નક્કીઃ ત્રણ નરાધમો પાસે ત્રણ વિકલ્પ ખૂલ્લા..!



ચાર નરાધમોને ૧ ફેબ્રુઆરીએ ફાંસી આપશે કે કેમ તેની વ્યાપક ચર્ચા

નિયમો મુજબ ચારેયને સાથે ફાંસી આપવી પડશે

નિર્ભયા કેસના તમામ ચારેય દોષિતોને સાથે જ ફાંસી આપવામાં આવશે. ચાર દોષિતો પૈકી મુકેશ પાસે હવે તમામ કાયદાકીય વિકલ્પ પૂરા થઈ ગયા છે પરંતુ તેમ છતા તેને એકલાને ફાંસી આપી શકાય નહીં. એક જ કેસમાં એકથી વધુ દોષિતો હોવાથી તમામના કાયદાકીય વિકલ્પ પૂરા થયા બાદ જ ચારેય દોષિતોને સાથે ફાંસી અપાશે.

બાકી ત્રણ દોષિતો પાસે શું છે વિકલ્પ?

અક્ષય ઠાકુર : ૨૦૧૯માં તેની રીવ્યૂ પિટિશન ફગાવી દેવાયા બાદ તેણે ૨૦૨૦ની ૨૮ જાન્યુઆરીએ ક્યુરેટિવ પિટિશન દાખલ કરી છે. રાષ્ટ્રપતિ સમક્ષ તેણે હજી સુધી દયાની અરજી કરી નથી.આ વિકલ્પ બાકી છે.

પવન ગુપ્તા : જુલાઈ ૨૦૧૮માં પવનની રીવ્યૂ પિટિશન ફગાવી દેવાઈ હતી. હજી સુધી તેણે ક્યુરેટિવ પિટિશન દાખલ કરી નહી હોવાથી આ વિકલ્પ તેની પાસે છે.

વિનય શર્મા : જુલાઈ ૨૦૧૮માં તેની રિવ્યૂ પિટિશન ફગાવી દેવાઈ હતી. ક્યુરેટિવ પિટિશન જાન્યુઆરી ૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.હ વે તેની પાસે દયાની અરજીનો વિકલ્પ બાકી છે.

ફાંસીની તૈયારીઓ પૂર્ણઃ આજે જલ્લાદ પવન તિહાર જેલ પહોંચશે

નિર્ભયા રેપ કેસના હત્યારાઓને ફાંસીના માંચડે ચડાવવા માટે ગુરુવારે પવન જલ્લાદ તિહાર જેલ પહોંચી જશે. અત્યાર સુધી પૂરી થયેલ કાયદાકીય પ્રક્રિયામાં જો કોઈ ફેરફાર ન થાય તો ૧લી ફેબ્રુઆરીએ સવારે છ કલાકે ચારેયને ફાંસી આપી દેવામાં આવશે. ત્યારે આગામી ૨૪ કલાકમાં જલ્લાદ પવન તિહાર જેલ પહોંચી જશે. તિહાર જેલના ડીજી સંદીપ ગોયલે જણાવ્યું કે, 'ગુરુવારે સવારે પવન જલ્લાદને મેરઠથી તિહાર જેલ લાવવામાં આવશે.

ન્યાય જરૂર થશેઃ સુપ્રિમના ચુકાદા બાદ નિર્ભયાની માતા બોલી

સુપ્રીમ કોર્ટના ચુકાદા બદ નિર્ભયાના માતા એ કહ્યું કે દોષિત ભલે કેસને લટકાવી રહ્યા હયો, પરંતુ ન્યાય ચોક્કસ થશે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો કે ૧ ફેબ્રુઆરીના રોજ ફાંસી ચોક્કસ થશે. તેઓ બોલ્યા ખૂબ લંબી લડાઈ લડ્યા છીએ. આગળ પણ લડીશું. સાત વર્ષથી જોઈએ રહ્યા છીએ. આગળ પણ વિશ્વાસ છે કે ન્યાય થશે.

ન્યુ દિલ્હી

દિલ્હીના ચકચારી નિર્ભયા ગેંગરેપ કેસમાં ૪ દોષિતો પૈકીના એક મુકેશે રાષ્ટ્રપતિ દ્વારા તેમની દયાની અરજીને ફગાવી દેવા સામે કરેલી રીટને સુપ્રિમ કોર્ટ દ્વારા આજે ફગાવી દેવાતા મુકેશને ફાંસીના માંચડે લટકાવવામાં હવે કોઈ કાનૂની અડચણો નથી. ૧ ફેબ્રુઆરીના રોજ તમામ ૪ને એક સાથે ફાંસીએ લટકાવવાનો ડેથ વોરંટ પટિયાલાહાઉસ કોર્ટ દ્વારા બીજીવાર જારી કરાયો છે. જો કે અન્ય ૩ દોષિતો પાસે હજુ દયાની અરજી અને ક્યુરેટીવ પીટીશનના કાનૂની બચાવના છેલ્લાં રસ્તાઓનો વિકલ્પ હોવાથી પહેલીએ તેમને ફાંસી થશે કે કેમ તે એક સવાલ છે. તો બીજી તરફ નિર્ભયાના પરિવારજનોની લાગણી છે કે દોષિતો ફાસીથી બચવાના ગમે તેટલા પ્રયાસો કરે તો પણ પહેલીએ તેમની ફાંસીી નક્કી જ છે. ડિસે.૨૦૧૨માં બનેલી આ જઘન્ય ઘટનાને ૮ વર્ષ થવા આવ્યાં છતાં ભારે દેશમાં સનનસનાટી અને અરેરાટી મચાવનાર આ કેસમાં દોષિતોને હજુ ફાંસી નહીં થતાં ન્યાયપ્રક્રિયા સામે પણ સવાલો થઇ રહ્યાં છે.

મુકેશની દયાની અરજી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ફગાવી દેવાતા મુકેશે એવી દલીલ અને દાવા સાથે રાષ્ટ્રપતિના નિર્ણયને સુપ્રિમમાં પડકારી હતી કે તેમની દયાની અરજીના નિર્ણય માટે ભારતના રાષ્ટ્રપતિને તેમના પૂરા દસ્તાવેજો પૂરા પાડવામાં આવ્યા નથી અને જે ઝડપે તેમની દયાની અરજી ફગાવી દેવામાં આવી છે તે દર્શાવે છે કે રાષ્ટ્રપતિ નિર્ણય માટે તેમના દિમાગનો ઉપયોગ કર્યો નથી અને વીજળી ગતિએ દયાની અરજી ફગાવી દઈને તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે. દોષિતના દાવા સામે કેન્દ્ર સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, આવો ગંભીર ગુનો કરનાર સાથે જેલમાં ખરાબ વર્તન થાય તો તેના આધારે તે દયાની અરજીને હકદાર છે એમ માની લેવાય નહીં.

મુકેશના વકીલ દ્વારા એવી દલીલ પણ કરવામાં આવી હતી કે તેના અસીલ મુકેશને તેની દયા અરજી નામંજૂર કરતા પહેલા જેલમાં એકાંતવાસમાં કેદ હેઠળ રાખવામાં આવ્યો હતો, જે કાયદામાં માન્ય નથી. અને આ અંગેનો અહેવાલ રાષ્ટ્રપતિને પૂરો પાડવામાં આવ્યો ન હતો, તેમ કોર્ટને કહેવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા સોલિસીટર જનરલ તુષાર મહેતા દ્વારા આ મુદ્દાને જોરદાર રીતે નકારી કાઢવામાં આવ્યો હતો, તેમણે કોર્ટને કહ્યું હતું કે મુકેશની દયાની અરજીનો અસ્વીકાર કરવા સંબંધિત કાર્યવાહીમાં કોઈ ખામી નથી. રાષ્ટ્રપતિ મહોદયને પૂરા પાડવાના તમામ જરૂરી સંબંધિત દસ્તાવેજો ખરેખર વાસ્તવમાં પૂરા પાડવામાં આવ્યા જ હતા.

સરકારી વકીલ મહેતાએ આ રજૂઆતનો વિરોધ કરતાં કહ્યું હતું કે સુપ્રિમ કોર્ટે શત્રુઘ્ન ચૌહાણના કેસના ચુકાદામાં દયાની અરજીઓને લગતી બાબતોનો ઝડપથી નિકાલ કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે કહ્યું હતું કે જે તે વખતે કોર્ટે કહ્યું હતું કે મૃત્યુદંડની સજા ફટકાર્યા પછી તેના અમલ કરવામાં વિલંબ થવાથી નકારાત્મક પ્રભાવ છે અને તેથી, કુદરતી ન્યાયના હિતમાં તેના પર ઝડપી કાર્યવાહી થવી જોઈએ. જેથી મહામહિમ દ્વારા વિવેકબુધ્ધિનો ત્વરિત ઉપયોગ કરીને નિર્ણય લેવાયો છે. બન્ને પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે મુકેશની દયાની અરજી સામેની રીટ પણ ફગાવી દીધી હતી. આ અગાઉ તેની ક્યુરેટીવ અરજી પણ ન્યાયના હિતમાં ફગાવી દેવામાં આવી હતી. તે સાથે મુકેશસિંહ પાસે ફાંસીના માંચડે લટકવા સિવાય હવે કોઇ કાનૂની ઉપાય કે રસ્તો બાકી રહેતો નથી. ફાંસીથી બચવાના તેના તમામ રસ્તાઓ હવે બંધ થઈને હવે એક જ રસ્તો બાકી છે જે તેને તિહાર જેલની ફાંસીની કોટડી સુધી દોરી જાય છે. હવે મુકેશ સિંહ પાસે ફાંસીમાંથી રાહત મેળવવાના કોઈ વિકલ્પ બચ્યા નથી. ચારેય દોષિતોને ૧ ફેબ્રુઆરીએ સવારે ૬ વાગે તિહાર જેલમાં ફાંસી આપવાની તૈયારીઓ ચાલી રહી છે.

પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ મુખ્યમંત્રીએ કાર્યવાહી કરી

નીતિશ આકરા પાણીએઃ પ્રશાંત કિશોર-પવન વર્મા જેડીયૂમાંથી 'આઉટ'



પટના

નીતાશ કુમારે જનતા દળ યુનાઇટેડ (જેડીયુ) ના બળવાખોર નેતાઓ પ્રશાંત કિશોર અને પવન વર્મા સામે મોટી કાર્યવાહી કરી છે. બંને નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. જણાવી દઇએ કે બુધવારે નીતીશ કુમારે પ્રશાંત કિશોર પર મોટો હુમલો કર્યો હતો અને કહ્યું હતું કે જે પાર્ટીમાંથી બહાર જવા ઇચ્છે છે તે જઇ શકે છે. તેમના નિવેદન બાદથી માનવામાં આવી રહ્યું હતું કે જેડીયુ તેમની વિરુદ્ધ કાર્યવાહી કરશે.

નીતીશ કુમારે કહ્યું કે પ્રશાંત કિશોરને ફક્ત અમિત શાહના કહેવાથી પાર્ટીમાં શામેલ કરવામાં આવ્યા હતા. નીતીશ કુમારના આ નિવેદન બાદ પ્રશાંત કિશોરે પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે નીતિશ કુમાર મને પાર્ટીમાં લેવા અંગે આવું ખોટું કેવી રીતે બોલી શકે છે. તમે નિષ્ફળ પ્રયાસ કર્યો છે. મારો રંગ તમારા જેવો નથી.

રણનીતિકાર અને પાર્ટીના વરિષ્ઠ નેતા પ્રશાંત કિશોર મંગળવારે બિહારમાં સત્તાધારી જનતા દળ યુનાઇટેડ (જેડીયુ) ની બેઠકમાં હાજર થયા ન હતા. આવી સ્થિતિમાં, કિશોર જેડીયુ સાથે છે કે નહીં એવી વાતો વહેતી થઈ હતી. આ વિષય પર જેડીયુના અધ્યક્ષ અને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે કહ્યું કે ભાજપના નેતા અમિત શાહના કહેવા પર પ્રશાંત કિશોરને પાર્ટીમાં લેવામાં આવ્યા હતા અને હવે તેઓ જ્યાં ઇચ્છે ત્યાં જઈ શકે છે.

જેડીયુની આ બેઠક આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીની તૈયારી માટે બોલાવવામાં આવી હતી. બેઠક બાદ મુખ્યમંત્રી નીતીશ કુમારે પત્રકારો સાથેની વાતચીત દરમિયાન પ્રશાંત કિશોર અને પવન વર્મા વિશે પૂછતાં કહ્યુ, જેને જ્યાં જવું હોય ત્યાં જાય. અમારે અહીં ટ્વીટનો કોઈ અર્થ નથી. જેણે ટ્વીટ કરવી હોય એ કરે. અમારી પાર્ટીમાં મોટા અને બુદ્ધિજીવી લોકો માટે કોઈ સ્થાન નથી. બધા સામાન્ય લોકો છે. નીતીશે કહ્યું, 'અમે કોઈને થોડા પાર્ટીમાં લાવ્યા છીએ.

સીએમ નીતીશ કુમારનાં આ નિવેદન બાદ પ્રશાંત કિશોરે તેમની ઉપર નિશાન સાધ્યુ હતુ. પ્રશાંત કિશોરે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને 'જૂઠ્ઠા' ગણાવ્યા હતા.

ભાજપીઓને જણાવો કે અમને વીજળી અને પાણી અહીં મફતમાં મળે છે

દિલ્હીની ચૂંટણી બે કરોડની જનતા અને ૨૦૦ ભાજપા સાંસદો વચ્ચે છેઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરવાલે કહ્યું છે કે ફેબ્રુઆરી મહિનામાં યોજાવા જઈ રહેલી વિધાનસભાની ચૂંટણી દિલ્હીના બે કરોડ લોકો અને ભાજપના ૨૦૦ સાંસદો વચ્ચેની લડાઈ છે. કેજરીવાલે દિલ્હીની જનતાને આપને મતદાન કરવા માટેની અપીલ પણ કરી છે. રોડ શો દરમિયાન પણ તેમણે કહ્યું કે, 'આ લડાઈ દિલ્હીના બે કરોડ લોકો અને ૨૦૦ ભાજપા સાંસદોની વચ્ચે છે. જ્યારે ભાજપ આવ્યું ત્યારે તેમણે પાંચ વર્ષમાં પોતે કરેલા કાર્યોને ગણાવ્યા હતા. હવે તેમને પરત મોકલવાનો સમય આવી ગયો છે. તેમને દિલ્હીનું અપમાન કરતા રોકવાના છે.'


કેજરીવાલે ભાજપ તરફથી ચૂંટણી પ્રચાર માટે ૨૦૦ પાર્ટી સાસંદો, ૭૦ મંત્રીઓ અને ૧૧ મુખ્યમંત્રીઓને દિલ્હી લાવવાના ભાજપના નિર્ણય પર પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'જો તેઓ આપણા વિસ્તારમાં આવે છે તો તેમને તેમના રાજ્ય વિશે પ્રશ્ન પૂછો. તેમને પૂછો કે દિલ્હી વિશે તેઓ કેટલું જાણે છે? તેમના રાજ્યમાં લોકોને કેટલા કલાક વીજળી મળે છે અને તે પાછળનો ખર્ચો કેટલો આવે છે? તેમના રાજ્યમાં એક પરિવારને પાણી પિવા માટે કેટલા પૈસા ચૂકવવા પડે છે? તેની સામે તમે એમને જણાવો કે આ તમામ સગવડો તમને એકદમ મફતમાં મળી રહી છે.

વુહાનમાં ૫૦૦ ભારતીય સુરક્ષિત, ગમે ત્યારે એર ઈન્ડિયા એરલિફ્ટ કરશે

ચીનમાં કોરોના વાયરસનો આતંકઃ મૃત્યુઆંક વધીને ૧૩૨

ન્યુ દિલ્હી/બીજિંગ

કોરોના વાઈરસથી હુબેઈ રાજ્યમાં વધુ ૨૫ લોકોના મોત થયા છે. તેના કારણે ચીનમાં મોતનો કુલ આંકડો ૧૩૨ સુધી પહોંચી ગયો છે. ચીનમાં ૬,૦૦૦ લોકોને કોરોના વાઈરસનું ઈન્ફેક્શન થયું છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, આગામી ૧૦ દિવસમાં સ્થિતિ વધારે ભયાનક થઈ શકે છે. સરકારે લોકોને ઘરમાંથી બહાર ન નીકળવાનો આદેશ આપ્યો છે. ભારત સરકારે કહ્યું કે, વુહાનમાં ૫૦૦ ભારતીય છે, જેમને સુરક્ષિત સ્થાન પર રાખવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, એર ઈન્ડિયા વુહાનથી લોકોને એર લિફ્ટ કરવા માટે ૩૧ જાન્યુઆરીએ ફ્લાઈટ મોકલે તેવી શક્યતા છે. આ દરમિયાન ચીનમાં વાઈરસથી પીડિત પહેલી ભારતીય મહિલા પ્રીતિ મહેશ્વરીની સ્થિતિમા સુધારો થઈ રહ્યો છે.



એર ઈન્ડિયના મેનેજિંગ ડિરેક્ટર અશ્વિની લોહાણીએ કહ્યું છે કે, લોકોને એર લિફ્ટ કરવા માટે વિમાન સંપૂર્ણ રીતે તૈયાર છે. જોકે તેમણે એવું નથી જણાવ્યું કે, લોકોને વુહાનમાંથી બહાર કાઢવા માટે ક્યારે કામ કરવામાં આવશે. શક્ય છે કે લોકોને એર લિફ્ટ કરવા માટે બોઈંગ ૭૪૭નો ઉપયોગ કરવામાં આવશે. આ પહેલાં ફ્રેન્ચ્છએ એર ઈન્ડિયાના મુંબઈ-દિલ્હી-વુહાન ફ્લાઈટને ત્યાં જવાની મંજૂરી આપી હતી. આ દરમિયાન જમ્મુ-કાશ્મીર પ્રશાસને ચીન અને અન્ય દેશોથી પહોંચેલા નાગરિકોના સ્ક્રીનિંગનો આદેશ આપ્યો છે. જ્યારે બેંગલુરુમાં પણ ચાર લોકોને ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા છે. એક ચેનલના જણાવ્યા પ્રમાણે ચીનમાં મંગળવાર સુધીમાં ૩૧ શહેરોમાં કોરોના વાઈરસનું ઈન્ફેક્શન જોવા મળ્યું છે. તેમાં વુહાન શહેરમાં સૌથી વધારે ૩૫૫૪ કેસ નોંધવામાં આવ્યા છે અને અહીં કુલ ૧૨૫ લોકોના મોત થયા છે. ૧૨૩૯ દર્દીઓની સ્થિતિ ગંભીર જણાવવામાં આવી છે. બુંહઈ શહેરમાં ૮૪૦ નવા કેસ નોંધાયા છે. આ આંકડાઓથી ખ્યાલ આવે છે કે વાઈરસ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

સમગ્ર ચીનમાં કુલ ૯૨૩૯ કેસ નોંધાયા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા પ્રમાણે મૃતકોમાં સૌથી વધારે ૬૦ વર્ષની ઉંમરના લોકો છે. ચીનના સ્વાસ્થય અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, આ વાઈરસ માણસોમાં સંપર્કથી ફેલાઈ રહ્યો છે. હોંગકોંગમાં ૮, મકાઉનમાં ૭ અને તાઈવાનમાં ૮ કેસ નોંધાયા છે.

કોમેડિયન કામરા અને ટીવી પત્રકાર વચ્ચે વિમાનમાં તુ તુ મૈં મૈં

એરલાઈન્સ ઈન્ડિગો-એર ઈન્ડિયાએ કોમેડિયન કામરા પર છ માસ માટે પ્રતિબંધ મૂક્યો

મુંબઈ

મુંબઈથી લખનઉ જઈ રહેલી ઈંડિગોની ફ્લાઈટ સિક્સ ઈ ૫૩૧૭માં આજે બુધવારે સવારે કોમેડિયન કુણાલ કામરા અને ટીવી પત્રકાર અર્બન ગોસ્વામી વચ્ચે હુંસાતુંસી થતાં ઈન્ડિગો અને એર ઈન્ડિયાએ કામરા પર છ માસ માટે પ્રતિબંધ જાહેર કર્યો હતો.

આ ઘટનાની પૂરેપૂરી વિગતો મેળવ્યા બાદ કેન્દ્રના ઉડ્ડયન પ્રધાન હરદીપ સિંઘ પુરીએ દેશની તમામ એરલાઈન્સને કામરા પર બૅન લાદવાની હાકલ કરી હતી. જો કે કોંગ્રેસે આ હાકલ અને પ્રતિબંધ બંનેને વખોડી કાઢ્યા હતા. ઈન્ડિગોએ ટ્વીટર પર લખ્યું કે મુંબઈથી લખનઉ જઈ રહેલી અમારી ફ્લાઈટ સિક્સ ઈ ૫૩૧૭માં બનેલી તાજી ઘટના પછી અમે કુણાલ કામરા પર છ માસ માટે પ્રવાસ પ્રતિબંધ લાદીએ છીએ અને અમારા તમામ યાત્રીઓને વિનંતી કરીએ છીએ કે આવી બાબતોથી દૂર રહે કારણ કે અન્ય પ્રવાસીઓની સુરક્ષા જોખમાઈ શકે છે. કામરાએ આ સમાચાર મળતાં ટ્વીટ કરીઃ થેંક્સ ઈન્ડિગો. છ માસ માટેનો પ્રતિબંધ હળવો છે મોદીજી તો એર ઈન્ડિયાને કાયમ માટે બરતરફ કરી દેવાના છે. કોંગ્રેસના શશી થરૂરે ટ્વીટ કરી કે આ તો અર્નબ ગોસ્વામીને એનીજ કડવી દવાનો ડૉઝ મળ્યા જેવું થયું. અર્નબ પોતાના હોદ્દાના જોરે સાવ નિર્દોષ લોકોને ધમકાવતો હોય છે, કુણાલ કામરા પોતાની કોમેડીથી એવું તો નથી કરતો.

નિકાસ સંબંધિત શરતો પૂરી ન થવાને કારણે કાર્યવાહી કરાઈ

ભારતી એરટેલને વધુ એક ઝટકોઃ વાણિજ્ય મંત્રાલયે બ્લેકલિસ્ટ કરી

ન્યુ દિલ્હી

ભારતી એરટેલ હજી પણ એડજસ્ટેડ ગ્રોસ રેવેન્યુ (એજીઆર) ની બાકી રકમ આપવા સંઘર્ષ કરી રહી હતી કે તેની સામે એક નવી મુશ્કેલી આવી પડી છે. વાણિજ્ય મંત્રાલયે ભારતી એરટેલ પર કાર્યવાહી કરી છે. મંત્રાલયે સુનીલ મિત્તલના નેતૃત્વવાળી આ કંપનીને આયાત પર મળનારા ટેક્સ છૂટના મામલે બ્લેક લિસ્ટ કરી દીધી છે.

નિકાસ સંબંધિત શરતો પૂરી ન થવાને કારણે એરટેલ પર આ કાર્યવાહી કરવામાં આવી છે. ખબરો અનુસાર વાણિજ્ય મંત્રાલય અંતર્ગત આવનારા વિદેશ વેપાર ડિરેક્ટોરેટ જનરલે એરટેલને 'ડિનાઇડ લિસ્ટ'માં નાંખી દીધી છે. ભારતી એરટેલે એક્સપોર્ટ પ્રમોશન કૈપિટલ ગુડ્સ સ્કિમ (EPCG) અંતર્ગત નિકાસ જવાબદારીઓ પૂરી કરી નથી જે કંપનીઓને ડિનાઇડ એન્ટ્રી લિસમાં નાંખવામાં આવી છે જેમના આયાત લાઇસન્સ સમાપ્ત થાય છે. કંપની હવે વિદેશ વેપાર ડિરેક્ટોરેટ જનરલ અંતર્ગત કોઈ પણ પ્રકારની આયાતનો ફાયદો અથવા લાઇસન્સ હાંસલ કરી શકશે નહી.

નોંધનિય છે કે, જિયોના આવ્યા બાદ તગડી પ્રતિસ્પર્ધા અને એજીઆર પર હજારો કરોડની રકમ સરકારને આપવાની જવાબદારી હોવાના કારણે એરટેલની હાલત પહેલા કરતા વધારે ખરાબ છે. EPCG સ્કિમ અંતર્ગત કોઈ કંપનીને નિકાસ માટે માલ અને સેવાઓ તૈયાર કરવા માટે કૈપિટલ ગુડ્સની આયાત શૂન્ય સીમા ટેક્સ પર કરવાની પરવાનગી મળે છે. આ સુવિધા હાંસલ કરનારી કંપનીએ આ પ્રકારે જેટલો ટેક્સ બચાવ્યો છે તેના છ ગણા બરાબર નિકાસ કરવાની હોય છે પરંતુ એરટેલે આ શરતની પૂર્ણ કરી નહી

તમે કહો ત્યાં આવું, મને ગોળી મારી દોઃ અનુરાગ ઠાકુરને ઔવેસીએ લલકાર્યા

મુંબઈ

ભાજપના નેતા અનુરાગ ઠાકુરના વિવાદિત નિવેદન પર વિપક્ષ દ્વારા ભારે પ્રહારો થઈ રહ્યાં છે. ત્યારે એ આઈએ મઆઈએ મના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ પણ અનુરાગ ઠાકુર પર નિશાન સાધ્યું છે. ઓવૈસીએ મુંબઈના એક કાર્યક્રમમાં અનુરાગ ઠાકુરને પડકાર ફેંકતા કહ્યું કે તેઓ દેશમાં કોઈ પણ જગ્યા જણાવે અને ત્યાં જઈને ઓવૈસીને ગોળી મારે.

નાગપાડામાં આયોજિત એક કાર્યક્રમમાં ઓવૈસીએ કહ્યું કે હું અનુરાગ ઠાકુરને પડકાર ફેંકુ છું કે દેશમાં કોઈ પણ જગ્યા જણાવો, જ્યાં તમે મને શૂટ કરી શકો છો. હું તે જગ્યાએ આવવા માટે તૈયાર છું. તમારું નિવેદન મારા દિલમાં કોઈ પણ જાતનો ડર ઊભો નથી કરતા કેમકે અમારી માતા-બહેનો મોટી સંખ્યામાં રસ્તાઓ પર ઉતરી આવી છે અને તેઓએ દેશને બચાવવાનો નિર્ણય કર્યો છે.

ઓવૈસીએ વધુમાં કહ્યું કે આ સમય છે દેશને બચાવવાનો અને ગાંધીજીના વિચારોને જીવંત રાખવાનો.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

વિપક્ષ ખુબ જ કમજોર છે

દેશના જાણીતા બુદ્ધીજીવી લોકો આ બાબતને લઈને હવે ચિંતાતુર દેખાઈ રહ્યા છે કે ભારતમાં વિપક્ષ ખુબ જ કમજોર સ્થિતીમાં છે. નોબેલ પુરસ્કારથી સન્માનિત ભારતીય મુળના અર્થશાસ્ત્રી અભિજીત બેનર્જીએ જયપુર લિટરેચર ફેસ્ટિવલમાં કહ્યુ હતુ કે વિપક્ષી રાજકીય દળો એકમત દેખાતા નથી. જેના કારણે આ લોકો સરકાર પર દબાણ લાવવામાં સફળ સાબિત થઈ રહ્યા નથી. બેનર્જીએ કહ્યુ છે કે ભારતને વધારે સારા વિપક્ષની જરૂર છે આ જ બાબત લોકપ્રિય ઈતિહાસકાર રામચન્દ્ર ગુહા પણ થોડાક દિવસ પહેલા કરી ચુક્યા છે. કોઝિકોડમાં આયોજિત કેરળ લિટરેચર ફેસ્ટિવલમાં તેમણે કહ્યુ હતુ કે ભાજપની સામે લડવા માટે એક વિશ્વસનીય અને સ્થિર વિપક્ષની જરૂર દેખાઈ રહી છે. રાહુલ ગાંધીમાં આ ક્ષમતા નથી કે તેઓ વિપક્ષને એક નેતૃત્વ આપી શકે. આ સંબંધમાં તેમને વધુમાં કહ્યુ છે કે યુવા ભારત પાંચમી પેઢીના વંશવાદ માટે તૈયાર નથી. વિપક્ષને લઈને પહેલા પણ સમય સમય પર પ્રશ્નો સપાટી પર આવતા રહ્યા છે. હકીકતમાં કોઈ પણ જનતાંત્રિક વ્યવસ્થા માટે આદર્શ સ્થિતી એ હોય છે કે સમાન ક્ષમતાવાળી બે પાર્ટીઓ હોવી જોઈએ. એક પાર્ટી સત્તામાં અને અન્ય પાર્ટી વિપક્ષમાં રહે તે જરૂરી છે. ભારતમાં સ્વતંત્રતા બાદ લાંબા સમય સુધી કોંગ્રેસનુ પ્રભુત્વ રહ્યુ હતુ . પરંતુ સંસદથી લઈને માર્ગ સુધી વિપક્ષી પાર્ટીઓની સ્થિતી પણ મજબુત રહી હતી. વડાપ્રધાન તરીકે પંડિત જવાહર લાલ નહેરુએ આને પ્રાથમિકતા આપી હતી. ત્યારબાદ બિન કોંગ્રેસી પક્ષોએ કોંગ્રેસને પડકાર ફેંક્યો હતો. તેમની વચ્ચે જ જનસંઘની ધારા સમયની સાથે સાથે મજબુત થતી ગઈ છે. સમયની સાથે સાથે ભારતીય જનતા પાર્ટી તરીકે એક પાર્ટી કોંગ્રેસની સામે સમાંતર ઉભી થઈ ગઈ છે. એ વખતે બિન કોંગ્રેસ અને બિન ભાજપની ગણતરી કરવામાં આવી હતી. ત્રીજા મોરચાની રચના કરવામાં આવી હતી. જો કે તેની સાથે જોડાયેલા પક્ષો લાંબા સમય સુધી એક સાથે રહી શક્યા ન હતા. તક જોઈને આ પક્ષો ક્યારેય કોંગ્રેસ સાથે તો ક્યારેય ભારતીય જનતા પાર્ટી સાથે નજરે પડ્યા હતા. જેમાં ટીડીપી અને ટીએમસી જેવા પક્ષોનો સમાવેશ થાય છે. વચ્ચેના ગાળામાં એમ લાગ્યુ હતુ કે કોંગ્રેસ અને ભાજપ ગઠબંધન તરીકે બે વિચારધારા અમેરિકા અને બ્રિટનની જેમ ચાલશે. ત્યારબાદ ભાજપે યુપીએ સરકારના નબળા નિર્ણયોના નામ પર મજબુત કેન્દ્ર સરકારના નામ પર મત માંગ્યા હતા. જેથી તેને જોરદાર જનસમર્થન મળ્યુ છે. ત્યારબાદ કેટલીક વખત એવુ લાગ્યુ હતુ કે વિપક્ષ એકમત થઈને ભાજપ અને મોદીને પડકાર ફેંકશે પરંતુ આ બાબત પૂર્ણ થઈ નથી. કોંગ્રેસની મુશ્કેલી એ છે કે તેના ભુતકાળની બાબત તેની સાથે જોડાયેલી છે. તેના પર પરિવારના લેબલ પણ લાગેલા છે. જેથી તે આક્રમક હોવાના બદલે રક્ષણાત્મક નજરે પડે છે. તેનુ નેતૃત્વ પણ નવુ નથી. કોંગ્રેસનુ જમીની માળખુ જરજર થઈ ચુક્યુ છે. પાર્ટીની પાસે કાર્યકરો નથી. નેતાઓમાં જનતાની વચ્ચે રહીને સંઘર્ષ કરવાની કોઈ પ્રવૃતિ નથી. ક્ષેત્રીય પાર્ટીઓ પોતાની હદમાંથી બહાર નિકળી શકતી નથી. સાથે સાથે કોઈને ઘુસવા દેવા માટે તૈયાર નથી. આ તમામ બાબતો ભારતીય રાજનીતિ માટે કોઈ સારા સંકેત સમાન તો નથી.

સત્તા પક્ષની વિરુદ્ધ વિપક્ષ ઉભા રહેવાની પણ સ્થિતીમાં નથી : વિપક્ષમાં એકતા નથી


એક્ટિવ સેક્સ લાઈફથી લાભ

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે એક્ટિવ સેક્સ લાઈફ યુવા અને સ્લીમ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સેક્સથી એકબાજુ વિટામીન ડીના સ્કીન પ્રોડકશને પ્રોત્સાહન મળે છે. જ્યારે બીજા નિષ્ણાંતોનું કહેવું છે કે એક્ટિંવ સેક્સ લાઈફથી વધુ યુવા દેખાવામાં પણ મદદ મળે છે. અભ્યાસના ભાગરૂપે જેનીફર ડક્કરલી નામના નિષ્ણાંતે ૧૦ જેટલા પ્રશ્નો તમામને પૂછ્યા હતા જેના ભાગરૂપે એક્ટિંવ સેક્સ લાઈફથી શું ફાયદો થશે તે પ્રશ્નનો પણ સમાવેશ થાય છે. આ પ્રશ્નના જવાબમાં મોટાભાગના લોકોએ કહ્યું હતું કે એક્ટીવ સેક્સ લાઈફથી ખુશખુશાલ રહેવામાં પણ મદદ મળે છે. ૩૦-૪૦ અને ૫૦ વર્ષની વયમાં નિયમિતપણે સેક્સ માણનાર પુરુષોમાં હાર્ટ એટેકનો ખતરો વધી જાય છે તેવા કોઈપણ પુરાવા મળ્યા નથી જેથી આ અંગેની માન્યતા પણ બિલકુલ ખોટી છે. બીજી બાજુ ફિનિશ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે એક સમાહમાં બે વખત સેક્સ માણી રહેલા પુરુષોમાં લાઈફના મોડાના તબક્કામાં નપુસંકતાનો ખતરો પણ રહેતો નથી. બ્રિટનના જાણીતા અખબાર ડેલી સ્ટારે અભ્યાસના તારણોને તાકીને જણાવ્યું છે કે આનાથી સ્ટ્રેસ અથવા તો ટેન્શન પણ દૂર થાય છે. સેક્સ કુદરતી ટેન્શન દૂર કરનાર પરિબળ સમાન છે.

ચીનમાં સ્થિતી બગડી મોતનો આંકડો ૧૦૦થી વધારે પહોંચ્યો...

કરોના વાયરસને લઈને વિશ્વમાં ભય

કરોના વાયરસને લઈને દુનિયાભરમાં ભારે દહેશત દેખાઈ રહી છે. હવે આ ડરના સકંજામાં એવા લોકો પણ આવી ગયા છે જે નોનવેઝ અને સી-ફુડ્સનો ઉપયોગ કરતા નથી. આનુ કારણ છે કે ચાઈનાના હેલ્થ એક્સપર્ટસ દ્વારા કબુલાત કરવામાં આવી છે કે કરોના વાયરસ એક માનવીથી બીજા માનવીમાં ટ્રાન્સફર થાય છે. કરોના વાયરસને લઈને દહેશતમાં વધારો થઈ રહ્યો છે. જેમ જેમ દુનિયાના અલગ અલગ દેશોમાં અને શહેરોમાં આ વાયરસના નવા નવા કેસો સપાટી પર આવી રહ્યા છે તેમ તેમ લોકોની વચ્ચે દહેશત પણ વધી રહી છે. લોકોની વચ્ચે આને લઈને ભારે દહેશત રહેલી છે. આ જ કારણ છે કે લોકો જાહેર સ્થળ પર જવાથી ડરવા લાગી ગયા છે. જો જઈ પણ રહ્યા છે તો માસ્ક પહેરવા માટેની બાબતને ઉપયોગી ગણવામાં આવે છે. જો કે જ્યારથી કેનેડામાં કરોના વાયરસનો એક દર્દી સપાટી પર આવ્યો છે અને એક શંકાસ્પદ કેસ સપાટી પર આવ્યો છે તે જોતા ત્યાં લોકો બહાર નિકળતા પહેલા સર્જિકલ માસ્ક પહેરવા લાગી ગયા છે. આ જ ટ્રેન્ડ અમારા દેશમાં પણ જોવા મળે છે. પબ્લિક પ્લેસ અને મેટ્રોજમાં ખુબ વધારે લોકો માસ્ક પહેરીને નજરે પડે છે. તે પૈકી કેટલાકની પાસે સર્જિકલ માસ્ક હોય છે. કેટલાક સાદા માસ્ક પહેરીને ફરે છે. જેમ જેમ લોકોની વચ્ચે પોતાની સેફ્ટીને લિને માસ્ક પ્રત્યે જાગરુકતા વધી રહી છે તેમ તેમ કેટલાક નવા સવાલ પણ થવા લાગી ગયા છે. હવે નવા સવાલ એ થઈ રહ્યા છે કે શુ માસ્ક ખરેખર કરોના વાયરસથી બચાવી શકે છે. આ સંબંધમાં તબીબો સાથે વાતચીત કરવામાં આવી ચુકી છે. તબીબોને પ્રશ્ન કરવામાં આવ્યો કે આખરે સર્જિકલ માસ્કનો ઉપયોગ કરોના વાયરસથી બચાવી લેવામાં કેટલો અસરકારક છે તો તબીબો પણ આને લઈને નિશ્ચિત દેખાઈ રહ્યા નથી. તેમનુ કહેવુ છે કે જો મોટા સ્તર પર કરોના વાયરસથી બચવા માટે માત્ર નિર્ભરિતા વધારી દેવામા આવે તો તે યોગ્ય બાબત નથી. દરેક વ્યક્તિ માટે માસ્ક કરોના વાયરસથી સેફ્ટીની ગેરંટી હોશિકે તેમ નથી. તબીબો કહે છે કે સર્જિકલ માસ્કનો ઉપયોગ યોગ્ય જગ્યાએ અને યોગ્ય સમય પર કરવાની જરૂર હોય છે. જેમ કે હોસ્પિટલમાં હોય છે. કેમ કે ત્યાં તબીબો અને નર્સ પેશન્ટની સાથે અને તેમના પરિવારના સભ્યોથી મોટા ભાગે ઘેરાયેલા હોય છે. આવી સ્થિતીમાં સર્જિકલ માસ્ક તેમને પ્રોટેક્ટ કરે છે. જો કે સર્જિકલ માસ્ક સ્ટ્રીટમાં અથવા તો પબ્લિક પ્લેસમાં પહેરીને ફરવાની બાબત તેમજ પ્રોટેક્શનની આશા રાખવાની બાબત એકદમ અલગ અલગ છે. કરણ કે આ માસ્ક બે સાઈડથી ખુલ્લા રહે છે. આ પ્રકારના વાયરસથી બચવા માટે આ પૂર્ણ રીતે કારગર છે. એમ કહેવાની બાબત યોગ્ય રહેશે નહીં. બીજી બાજુ તબીબો કહે છે જો તમે એન૯૫ રેસ્પિરેટર માસ્કનો ઉપયોગ કરી રહ્યા છો તો કેટલીક હદ સુધી રક્ષણ મેળવી શકાય છે. કારણ કે સર્જિકલ માસ્કની તુલનામાં વધારે થિક ફેબ્રિકસથી તે બને છે. સાથે સાથે ફેસને ખુબ સારી રીતે કવર કરી નાંખે છે. સાથે સાથે સામાન્ય વાયરસથી પણ રક્ષણ આપે છે. જો કે કરોના વાયરસથી બચાવી લેવામાં તે કેટલી હદ સુધી સુરક્ષિત છે તે અંગે વાત કરવી હાલમાં યોગ્ય રહેશે નહીં. નિષ્ણાંતો કહે છે કે વાત સર્જિકલ માસ્કની થાય છે ત્યારે એન૯૫ રેસ્પિરેટર માસ્ક પણ એક હદ સુધી તમામ ગંભીર વાયરસથી બચાવી લેવામાં રક્ષણ આપે છે. ખાસ કરીને પૂર્ણ રીતે સ્વસ્થ રહેલા લોકોને પ્રોટેક્ટ કરવાનુ કામ આ માસ્ક એક મિલિટ સુધી કરે છે. માસ્કનો ઉપયોગ કરતી વેળા તમામ સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. જો તમારા ઘરમાં કોઈ વ્યક્તિ ફ્લુ જેવી બિમારીથી ઘેરાઈ જાય તો માસ્કનો ઉપયોગ કરવાની બાબત યોગ્ય રહે છે. જેમ કે માસ્ક પહેરવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. જો માસ્ક કેરી કરી રહ્યા છો તો પોતાના હાથથી બીજા સ્ટફ સ્પર્શ કરી લઈએ છીએ ત્યારે મોને ટચ કરી લેવામાં આવે છે. જો આવુ છે તો માસ્ક પહેરવાની બાબત બેકાર છે. કારણ કે આપના વાયરસ બહારની હવાના સંપર્કમાં આવી જાય છે.



હવે દહેશત હેઠળ એવા લોકો પણ છે જે નોનવેઝ અને સી-ફુડ્સ ખાતા નથી : વાયરસ એક માનવીથી બીજા માનવીમાં ટ્રાન્સફર થાય છે

ટિપ્સ : બચવા માટે પણ શાનદાર તરીકા છે


કરોના આ રીતે ફેલાઈ શકે

કરોના વાયરસને લઈને દુનિયાભરમાં ભારે દહેશત દેખાઈ રહી છે. એકલા ચીનમાં આ વાયરસના કારણે સેંકડો લોકોના મોત થઈ ચુક્યા છે અને ૫૦૦૦ જેટલા કેસો નોંધાઈ ચુકી છે. યુરોપના અનેક દેશો પણ તેના સકંજામાં આવી ગયા છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ ગયા બાદ તેની ચર્ચા નિષ્ણાંતો અને તબીબોમાં જોવા મળે છે. આરોગ્ય નિષ્ણાંતો કહે છે કે કરોના વાયરસ તેનાથી ગ્રસ્ત વ્યક્તિ દ્વારા ખાંસી ખાવા અથવા તો ઉધરસ ખાવાના ગાળા દરમિયાન આસપાસ બેઠેલા લોકોને અસરગ્રસ્ત કરી નાંખે છે. સાથે સાથે કોઈ વ્યક્તિના સતત સંપર્કમાં રહેવાના ગાળા દરમિયાન પણ વાયરસ ફેલાઈ જાય છે. એમ નથી કે તમે માર્ગ પર રસ્તાને પાર કરી રહ્યા છો અને બીજી તરફથી કોઈ કરોના વાયરસ ગ્રસ્ત દર્દી આવે છે તો આપને ઈન્ફેક્શન થઈ શકે છે. ઓરેન્ટો મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડોક્ટર સૌહેલ ગાંધીના કહેવા મુજબ કરોના વાયરસથી બચવા માટે માસ્ક પહેરવા કરતા વધારે અસરકારક તરીકા હેન્ડ વોશને લઈને એલર્ટ રહેવાની બાબત છે. પબ્લિક પ્લેસ આવી ગયા બાદ ઘરના કોઈ સામાન ટચ કરવાથી પહેલા હાથ સારી રીતે ધોઈ કાઢવામાં આવે તે જરૂરી છે. પબ્લિક પ્લેસમાં રહેવાના ગાળા દરમિયાન કોઈ પણ ચીજ વસ્તુઓને સ્પર્શ કરવા, બસ, ટ્રેનમાં બેસવા અને લોકોને મળવાની પ્રક્રિયા બાદ પોતાના હાથને ચહેરા પર લગાવી દેવા જોઈએ નહીં. જો તમને કોઈ પણ પ્રકારની ફિજિકલ ઈલનેસ અનુભવ થાય છે તો જાહેર સ્થળ પર જવાની બાબતને ટાળવાની જરૂર હોય છે. નિષ્ણાંતો કહે છે કે જ્યારે અમારી બોડી થાકેલી હોય છે ત્યારે રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે. જેથી બહારના વાયરસ અમારા પર પ્રભુત્વ જમાવી લેવા માટે વધારે સક્ષમ બની જાય છે. કરોના વાયરસના કેટલાક લક્ષણો દેખાઆવે છે. જો આ લક્ષણ હોય છે તો સાવધાન થવાની જરૂર છે. માથામાં દુખાવો, ગળામાં કફ, માંસપેશિઓમાં દુખાવો અને અસ્વસ્થ થવાની બાબત આના લક્ષણ તરીકે છે. તેજ તાવ આવે તો પણ તેની અસર રહે છે. સામાન્ય રીતે કરોના વાયરસ શરીરના ઉપરના શ્વસનતંત્ર પર હુમલો કરે છે. શ્વાસ લેવાની તકલીફ પણ ઉભી થાય છે.

વડાપ્રધાન મોદીએ આપેલી ટિપ્સ પણ સફળતા માટે પુરતી છે...

પરીક્ષા ટેન્શનમુક્ત રહે તે ખુબ જરૂરી

પરીક્ષા અને શિક્ષણ કોઈ પણ રીતે બોજ અને ટોર્ચર સમાન ન બને તે માટે વર્ષોથી પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ જ્યારે પણ કોઈ મોટી પરીક્ષા નજીક આવે છે ત્યારે મોટા ભાગના વિદ્યાર્થીઓ ટેન્શનમાં દેખાય છે. ખાવા પિવાનુ ભુલી જાય છે. વાંચનમાં સમગ્ર દિવસ દરમિયાન લાગેલા રહે છે. આવી સ્થિતી ઉભી ન થાય તે માટે પહેલાથી જ તમામ વિદ્યાર્થીઓ નિયમિત વાંચનની ટેવ બનાવે તે જરૂરી હોય છે. નિયમિત અભ્યાસ કરવાની ટેવ હમેંશા વધારે સફળતા અપાવે છે. હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી અને તમામ પ્રશ્નોના જવાબ પણ સરળ રીતે વિદ્યાર્થીઓને આપ્યા હતા. તેમની દુવિધા દુર કરી હતી. મોદીએ વિદ્યાર્થીઓને સલાહ આપી હતી કે કોઈ પણ પરીક્ષા ક્યારેય છેલ્લી પરીક્ષા હોતી નથી. અભ્યાસની સાથે સાથે અન્ય એક્ટિવીટી ચોક્કસપણે જારી રાખવી જોઈએ. ટેકનોલોજીને પોતાના પર પ્રભુત્વ જમાવવાની તક ન આપવા માટે પણ વિદ્યાર્થીઓને મોદીએ સલાહ આપી હતી. પરીક્ષાના ગાળાની હવે ફરી એકવાર શરૂઆત થવા જઈ રહી છે. આગામી બે મહિના પરીક્ષાનો માહોલ રહેનાર છે. જાણકાર શિક્ષણશાસ્ત્રી કહે છે કે દસમાં ધોરણની પરીક્ષા આપતી વેળા વિદ્યાર્થીઓ હમેંશા પોતાની લાઈફના સૌથી સંવેદનશીલ દોરમાં હોય છે. આજ વયમાં મન પર પડનાર અસહનીય દબાણ બાળકના જીવનને તહસ નહસ કરી શકે છે. જેથી પહેલા પણ દસમાં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા આત્મહત્યાની ઘટના વધારે બનતી હતી. હવે બોર્ડનુ દબાણ પણ ઘટાડી દેવામાં આવ્યુ છે. તેની પાછળ એવી આશા રાખવામાં આવી રહી હતી કે બાળકો દબાણમુક્ત થઈને અભ્યાસ કરશે. સાથે સાથે સારી રીતે અભ્યાસ કરી શકશે. એમ પણ ભારત જેવા દેશમાં ૧૦ ધોરણની પરીક્ષા પાસ કરવાને લઈને નોકરી મેળવી લેવા સુધીના સફર સુધી પહોંચી જવા માટે ભારે મહેનત કરવી પડે છે. આ સંઘર્ષની શરૂઆત થોડાક વધુના સમયમાં થાય તો કોઈ નુકસાન નથી. હવે કેટલાક લોકો એવા અભિપ્રાય પણ ધરાવે છે કે ૧૪-૧૫ વર્ષની વયમાં તેમને ભાવિ સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. આવી વિચારધારા ધરાવનાર નિષ્ણાંતો સીબીએસઈમાં બોર્ડની પરીક્ષાને ફરજિયાત કરવામાં આવે તેની તરફેણ કરી રહ્યા હતા. આવી જ વિચારધારાનુ પરિણામ છે કે અમારી સમગ્ર પરિક્ષા પ્રણાલીમાં કોઈ પણ બાબત સિખવા, જ્ઞાન મેળવી લેવા જેવી ચીજ રહી નથી. બાળકને નાની વયથી જ અભ્યાસક્રમને રટી કાઢવા માટે કહેવામાં આવે છે. આ પ્રક્રિયા વહીવટી પરીક્ષાની વય નિકળી જવા સુધી જારી રહે છે. આ નવી પેઢી સાથે એક પ્રકારના અન્યાય સમાન છે. અભ્યાસને યંત્રણામાં બદલી નાંખવાના પ્રયાસ થવા જોઈએ નહી. બાળકોને અભ્યાસની મજા લેવા માટે તક મળે તે જરૂરી છે. ધોરણ-૧૨માં આવી ગયા બાદ બાળકો થોડાક પરિપક્વ બની જાય છે. જેથી કેટલાક અંશ સુધી દબાણ ઝીલી લે છે. પરંતુ ધોરણ-૧૦માં ફેરવિચારણાની શક્યતા રાખવી જોઈએ.પરીક્ષા કોઈ પણ રીતે ટોર્ચર તરીકે ન બને તે જરૂરી છે. પરીક્ષાને ટેન્શનમુક્ત બનાવવા માટેની દલીલો વર્ષોથી કરવામાં આવી રહી છે અને આ દિશામાં પહેલ પણ થઈ ચુકી છે. વધતી જતી સ્પર્ધાના યુગમાં કેટલાક પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. શિક્ષણને રોજગારલક્ષી બનાવવા ની માંગ ઉઠી રહી છે. પરીક્ષા માહોલ હવે જામી રહ્યો છે ત્યારે નિષ્ણાંતો કહે છે કે બાળકો પર અભ્યાસને લઈને વાલીઓએ દબાણ ન લાવે તે જરૂરી છે. સાથે સાથે બાળકને હમેંશા પ્રોત્સાહન આપવામાં આવે તે જરૂરી છે. ટાઈમ ટેબલ સાથે અભ્યાસની ટેવ ફાયદો કરાવે છે. ધોરણ દસ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષાન દિવસોમાં સંપૂર્ણ પોઝિટીવ રહીને આગળ વધે તે જરૂરી છે. આવી સ્થિતીમાં તે વધારે સારી રીતે પેપર લખી શકે છે.




બાળકો દબાણમુક્ત થઈને અભ્યાસ કરે તે જરૂરી : સ્પર્ધાના યુગમાં શિક્ષણ રોજગારલક્ષી બને તે ખુબ જરૂરી હોવાનો નિષ્ણાંતોનો મત

લાયકાત પર શંકા ન કરવી જોઈએ

જીવનમાં તમામ ઉંચાઈ હાંસલ કરી લીધી હોવા છતાં કેટલાક લોકોને હમેંશા લાગે છે કે તે ખુબ બનાવટી છે. તમામ સફળતા મેળવી લીધા બહાદ પણ સફળ લોકો પણ આ માનસિક ભાવનાથી ગ્રસ્ત રહે છે. આવા લોકો માને છે કે તેમની સાથે રહેલા લોકો ટુંક સમયમાં જ તેમની સફળતાના રહસ્યને જણી લેશે. તેમને એક ભય આ બાબતને લઈને પણ રહે છે કે જો તેઓ વધારે મહેનત કરશે નહી તો તેઓ અન્યો કરતા પાછળ રહી જશે. તેમને અન્યો પાછળ છોડીને તેમની જગ્યા લઈ લેશે. પોતાની લાઈફમાં તમામ પડકારોને સફળ રીતે પાર પાડીને ઉંચી સફળતા મેળવી લીધી હોવા છતાં તેમને કેટલીક વખત આવુ લાગે છે કે આજે તેમને જે સફળતા મળી છે તે ભવિષ્યમાં ફરીવાર મળી શકશે નહી. આવી ભાવના કોઈ મોટી કંપનીના માલિકથી લઈને નાના કારોબારીને પણ થાય છે. સામાન્ય મજુરી કરનાર વ્યક્તિને પણ આવુ લાગે છે. જો તમારા મનમાં પણ આવી જ કોઈ ભાવના રહેલી છે તે તો ભાવના અયોગ્ય છે. આવી ભાવનાને કાઢી નાંખવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવાની જરૂર છે. કેટલાક લોકો તો ખુબ કુશળ પણ હોય છે પરંતુ તેઓ પોતાની કુશળતાને લઈને શંકા કરતા રહે છે. જો તમે લાઈફમાં ઉંચી ઉંચી સફળતા હાંસલ કરવા ઈચ્છો છો તો પોતાના પર ક્યારેય શંકા કરવી જોઈએ નહી. શંકા ખતરનાક છે અને તે શંકા આપના માર્ગને રોકી શકે છે. પોતાને અન્યો કરતા ઓછા આંકવાના બદલે બીજા પર નજર કરવી જોઈએ. તેમના ગુણની સાથે સાથે તેમના દોષને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. જો આવુ કરશો તો પોતાના પર પરફેક્ટ બનવા માટેના બોજ લાગી કરશો નહી. જો આવુ કરશો તો પોતાના પર પ્રેમ અને સાહનુભુતિ પણ રાખી શકશો. પોતાની લાયકાતને ઓળખી કાઢવા માટેના પ્રયાસ સતત કરવા જોઈએ. પોતાની પોઝિટીવ સ્કિલ્સ, સફળતા અને અનુભવની યાદી બનાવી દીધા બાદ પોતાની સફળતાની સ્થિતીને સમજવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. પોતાની સફળતાનુ મુલ્યાંકન કરવામાં આવશે તો સીધો ફાયદો થશે. આપે જે પણ સફળતા હાંસલ કરી છે તે પોતાની તાકાત પર હાંસલ કરી છે તેવી ભાવના જો જાગશે તો વધુ સફળતા હાંસલ થઈ શકશે. કેટલીક વાર એવુ પણ બને છે કે પોતાને પ્રશંસાથી દુર રાખવા માટે પોતાના કામ માટે મળેલી પ્રશંસા પર પણ કોઈ પ્રતિક્રિયા આપતા નથી. હવે જ્યારે પણ કોઈ સમય કામ બદલ પ્રશંસા મળે ત્યારે તમામ બાબતોને ભુલીને તે પ્રશંસાને સ્વિકાર કરવામાં આવે તે જરૂરી છે. પોતાના વ્યક્તિત્વની સારી બાબતોના સંબંધમાં કોઈ વિશ્વસનીય મિત્રો સાથે પણ વાત કરી શકાય છે. શુ કોઈ અન્ય વ્યક્તિ કરતા વધારે કામ કરીને આપ પોતાને વધારે યોગ્ય અનુભવ કરી શકો છો જો દિલ આવુ માને છે તો વધારે મહેનત કરવાની ટેવ પાડવી જોઈએ. જ્યારે સતત મહેનત કર્યા બાદ સફળતા હાંસલ થવા લાગે છે ત્યારે યોગ્યતા અને કુશળતા પર આત્મવિશ્વાસ સતત વધે છે. પોતાની યોગ્યતાને લઈને શંકામાં રહેલા લોકો સામાન્ય રીતે ભયના કારણે હસી મજાક કરતા નથી. તેમને કામ વગરની વ્યક્તિ કોઈ ન માની લે તેમ અનુભવ કરે છે.

ફિલ્મી ગપસપ...



શાહરૂખ ખાનની કેન્સર પીડિત બહેન નૂર જહાંનું પાકિસ્તાનમાં નિધન

પેશાવર

બોલિવૂડ અભિનેતા શાહરૂખ ખાનના ઘરમાં શોકનું વાતાવરણ છે. તેમની પિતરાઈ બહેન નૂર જહાંનું મંગળવારના રોજ નિધન થઈ ગયું છે. નીર જહાંના નાના ભાઈ મંસૂરે આ વાતની પુષ્ટી કર છે. નોંધનીય છે કે નૂર છેલ્લા ઘણા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહી હતી. મંસૂરની બહેનના નિધનની ખબરની પુષ્ટિ કરતા કહ્યું કે નૂર લાંબા સમયથી કેન્સરના રોગથી પીડાઈ રહી હતી. તે પાકિસ્તાના પેશાવરના કિસ્સા ખ્વાની બજારની પાસે મોહલ્લા શાહ વલી કતાલ વિસ્તારમાં રહેતી હતી. ૨૦૧૮ની ચૂંટણીમાં તેણે ઉમેદવારી નોંધાવી હતી ત્યારથી તે ચર્ચામાં આવી હતી. જોકે, ત્યારબાદ તેણે પોતાનું નામ પરત ખેંચી લીધું હતું. આ ઉપરાંત નૂર જહાંથી સંબંધિત કોઈ જાણકારી સામે નથી આવી.

'એફ૯- ધ ફાસ્ટ સાગા'નું ટ્રેલર આવતી કાલે રિલીઝ થશે

મુંબઈ

'એફ૯- ધ ફાસ્ટ સાગા' ફિલ્મ હોલિવૂડ એક્શન ફિલ્મ છે જેમાં વિન ડિઝલ લીડ રોલમાં છે. આ ૨૦૧૭ની ફિલ્મ 'ધ ફેટ ઓફ ફ્યુરિઅસ'ની સિક્વલ અને 'ફાસ્ટ એન્ડ ફ્યુરિઅસ' ફ્રેન્ચાઈઝીની નવમી ફિલ્મ છે. ફિલ્મનું ટ્રેલર ૩૧ જાન્યુઆરીએ રિલીઝ થવાનું છે. ફિલ્મનું પોસ્ટર રિલીઝ કરતાં વિન ડિઝલે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, 'આપણી વધુ નજીક આવી રહ્યા છીએ.' ટ્રેલર રિલીઝ પહેલાં ફિલ્મનું એક ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું.

'એફ૯- ધ ફાસ્ટ સાગા' ફિલ્મની સ્ટારકાસ્ટમાં રેસલર જહોન સીના પણ સામેલ છે જે પહેલીવાર આ સિરીઝમાં દેખાશે. ફિલ્મને જસ્ટિન લિને ડિરેક્ટ કરી છે અને વિન ડિઝલ ફિલ્મનો પ્રોડ્યૂસર પણ છે.

ટ્વિટર યુઝરે ગદ્દાર કહી દેશ છોડવા કહેતા જાવેદ જાફરીએ આપ્યો જડબાતોડ જવાબ

મુંબઈ

જાવેદ જાફરીએ ટ્વિટર પર એક યુઝરને વળતો સટીક જવાબ આપ્યો છે. ટ્વિટર પર એક મહિલાએ જાવેદને ગદ્દાર કહીને સલાહ આપી હતી કે જો તમને દેશથી આટલી જ તકલીફ છે તો તેને છોડીને યુરોપ જ રહેવા જતા રહો. મહિલા યુઝરે લખ્યું હતું કે, 'તમે યુરોપ કેમ નથી જતા રહેતા? અમને અમારા દેશમાં ગદ્દારોની જરૂર નથી.'

જવાબ આપતા જાવેદે લખ્યું કે, 'તમારો દેશ? મેમ ક્યારે ખરીદ્યો તમે? છેલ્લે મેં જ્યારે બંધારણ વાચ્યું હતું ત્યારે તેમાં લોકતંત્ર, સમાનતાની વાત કહેવામાં આવી હતી. તમે પર્સનલી ફેરફાર કર્યો હોય તો મને ખ્યાલ નથી. મહેરબાની કરીને અપડેટ કરો.'

જાવેદ જાફરીએ જવાબ આપીને કહ્યું હતું કે, 'સર જો આંતરરાષ્ટ્રીય ધારણાઓથી ફરક નથી પડતો તો માનનીય પ્રધાનમંત્રી દુનિયાભરમાં ફરીને તેમને આપણા દેશમાં રોકાણ કરવા શું કામ મનાવી રહ્યા છે? મને સારી રીતે ખબર છે કે ભારત શું છે અને સીએએ સાથે એનઆરસી જોડાય બાદ આ દેશને કેટલું નુકસાન પહોંચાડી શકે છે.'

મલંગનું 'ફિર ના મિલે કભી' રિલીઝ થતાં છવાઈ ગયું, મળ્યા લાખો વ્યૂઝ

મુંબઈ

બોલીવુડ અભિનેત્રી દિશા પટની અને આદિત્ય રોય કપૂરની આગામી ફિલ્મ મલંગ જલ્દી રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મના અત્યાર સુધી રિલીઝ કરાયેલા ગીત દર્શકોને ઘણા પસંદ આવ્યા છે. આ સંજોગોમાં હાલમાં જ વધુ એક જબરજસ્ત ગીત રિલીઝ કરાયું છે. ફિર ના મિલે કભી... ગીત રિલીઝ થતાંની સાથે સોશિયલ મીડિયા પર છવાઈ ગયું છે. લોકો આ ગીતને ઘણું પસંદ કરી રહ્યા છે. અત્યાર સુધી લાખો વ્યૂઝ મળી રહ્યા છે.

બોલીવુડ ફિલ્મ મલંગના આ ગીતના વીડિયોમાં દિશા પટની અને આદિત્ય રોય કપૂર રોમેન્ટિક અંદાજમાં દેખાય છે. આ ગીત બંનેની જુદાઈ પર છે. જેનું કારણ હૃદયસ્પર્શી હોય એવું લાગી રહ્યું છે.

મારા જેવા અયોગ્ય અને નાલાયક માટે પદ્મશ્રી નથી : અનુ કપૂર

મુંબઈ

ભારત સરકારે હાલમાં જ ફિલ્મ જગતના કંગના રનૌત, કરણ જોહર, એકતા કપૂર અને અદનાન સામીને ભારતનો સૌથી ચોથો મોટો એવોર્ડ કે સન્માન પદ્મશ્રી આપવાની ઘોષણા કરી છે. આ પછી કેટલાક લોકો તેના પર સવાલ કરી રહ્યા છે. મશહુર ગાયક અદનાન સામીને પદ્મશ્રી એવોર્ડ આપવાને લઈને તો હજુ સુધી વિવાદ ચાલે છે. આ વચ્ચે અનુ કપૂરને લઈ ટ્વિટર પર ઘમાસાણ મચી રહ્યું છે.

આ ટ્વિટનાં કારણે અનુ કપૂર ચર્ચામાં આવ્યા છે. બન્યું એવું કે, અનુ કપૂરને ટેગ કરીને એક યુઝરે લખ્યું કે, શું ફિલ્મ જગતના સુપ્રસિદ્ધ ગ્રેટ કોમેડિયન, અભિનેતા, નિર્માતા-નિર્દેશક અને રેડિયો હોસ્ટ પરમ આદરણીય શ્રી અનુ કપૂર સાહેબને અદ્ભુત પ્રતિભા માટે સર્વોચ્ચ રાષ્ટ્રીય પદ્મશ્રી મળવો જોઈએ? કૃપયા વોટ કરશો.

યુઝરના આ ટ્વીટ પછી અનુ કપૂરે થોડા ગુસ્સામાં સરકાર પર કટાક્ષ કરતાં કહ્યું કે, ધન્યવાદ ભાઈ. પરંતુ પદ્મ પુરસ્કાર માત્ર યોગ્ય લોકોને આપવામાં આવે છે. મારા જેવા અયોગ્ય અને નાલાયકને નહીં. છતાં પણ તમે મને યાદ કર્યો એ બદલ આભારી રહીશ. અનુ કપૂરની આ ટ્વીટ બાદ યુઝરે પણ પોતાની રાય રાખી છે. એકે લખ્યું કે, સર તમારી શખ્સિયત જ એટલી મોટી છે કે, પુરસ્કાર તમારાથી સન્માનિત થાય છે.

કેપ્ટન મિતાલી રાજની બાયોપિક 'શાબાશ મિતુ'નો ફર્સ્ટ લુક રિલીઝ



મુંબઈ

અપકમિંગ સ્પોર્ટ્સ બાયોપિક 'શાબાશ મિતુ'નો ફર્સ્ટ લુક રિલીઝ થયો છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન મિતાલી રાજ પર બની રહેલ આ ફિલ્મમાં તાપસી પન્નુ ૩૭ વર્ષીય કેપ્ટન મિતાલી રાજના રોલમાં છે. તાપસીએ ફિલ્મનો ફર્સ્ટ લુક સોશિયલ મીડિયા પર મિતાલીનો એક ક્વોટ સાથે શેર કરતાં લખ્યું કે, 'મને હંમેશાં એવું પૂછવામાં આવ્યું છે કે તમારો ગમતો મેલ ક્રિકેટર કોણ છે પણ તમારે તેમને એવું પૂછવું જોઈએ કે તમારા ફેવરિટ ફિમેલ ક્રિકેટર કોણ છે. આ એક સ્ટેટમેન્ટ જેણે દરેક ક્રિકેટ પ્રેમીને અટકીને એ વિચારવા મજબૂર કર્યા કે શું તેઓ ક્રિકેટને પ્રેમ કરે છે કે પછી જે જાતિ આ ગેમ રમે છે તેને. મિતાલી રાજ તમે ગેમ ચેન્જર છો.'

'શાબાશ મિતુ' ફિલ્મ આવતા વર્ષે ૫ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થવાની છે. ફિલ્મને 'રઈસ' ફેમ ડિરેક્ટર રાહુલ ધોળકિયા ડિરેક્ટ કરી રહ્યા છે. 'વાયાકોમ૧૮ સ્ટુડિયોસ' દ્વારા આ ફિલ્મ પ્રોડ્યૂસ કરવામાં આવી રહી છે.

મિતાલી રાજે સપ્ટેમ્બર ૨૦૧૯માં ટી૨૦ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. જોકે તેઓ હજુ વન ડે ઈન્ટરનેશનલ ક્રિકેટ ફોર્મેટ અને ટેસ્ટ ક્રિકેટના કેપ્ટન છે.

સલમાનનાં ગેરવર્તન પર રાજકારણીઓ લાલઘૂમ, ગોવામાં એન્ટ્રી પર બેન કરવા માંગ

મુંબઈ

બોલિવૂડ અભિનેતા સલમાન ખાનનો એક વીડિયો ભારે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમા ફેન સાથે તેનું વાહિયાત વર્તન બતાવવામાં આવ્યું છે. હવે એક અઘરો વિવાદ સામે આવ્યો છે. એનએસયુઆઈએ ગોવામાં સલમાનની એન્ટ્રી પર બેન લગાવવા માંગ કરી છે. જ્યાં સુધી સલમાન ખાન જાહેરમાં આ યુવકની માફી ન માગે ત્યાં સુધી તેને બેન કરવામાં આવે.

એનએસયુઆઈ પ્રમુખ અહરાજ મુલ્લાએ ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતને એક પત્ર લખ્યો હતો. તેમણે લખ્યું- 'મારી વિનંતી છે કે તમારી સત્તામાં કૃપા કરીને આ મામલાને ગંભીરતાથી જુઓ. અભિનેતા પાસેથી ક્ષમાની માંગ કરો. કારણ કે તેણે જે કર્યું એ ચાહકનું જાહેરમાં અપમાન છે. આવા નબળા રેકોર્ડવાળા હિંસક કલાકારોને ગોવામાં આવવા દેવા જોઈએ નહીં.

એનએસયુઆઈ સિવાય પૂર્વ સાંસદ અને ગોવાના ભાજપ સચિવ નરેન્દ્ર સાવઈકરે સલમાન ખાનની વર્તણૂકને ખોટી ગણાવી હતી. તેણે સલમાન ખાનનો વીડિયો પણ ટ્વીટ કર્યો છે.

રમત જગત વિશેષ

વિલિયમ્સને કહ્યું સુપર ઓવર સારી ન રહી, ભારત પાસેથી અમુક બાબત શીખવાની જરૂર

વિલિયમ્સન ૯૫ રને રમી રહ્યો હતો તે જોતા લાગતું હતું કે અમે હારી જઈશું: કોહલી

હેમિલ્ટન

ભારત-ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી ટી-૨૦ મેચ રોમાંચક રહી હતી. મેચ ટાઈ થતા સુપર ઓવરમાં હાર-જીતનો નિર્ણય થયો હતો. સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડની ટીમે ૧૭ રન બનાવ્યા હતા. જવાબમાં ભારતની ટીમે સુપર ઓવરમાં ૨૦ રન બનાવ્યા હતા. પ્રથમ બેટિંગ કરતા ભારતે પાંચ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા. જવાબમાં ન્યૂઝીલેન્ડ છ વિકેટે ૧૭૯ બનાવી શક્યું. હતું.

મેચ પછી વિરાટ કોહલીએ કહ્યું હતું કે જે રીતે વિલિયમ્સન ૯૫ રને રમી રહ્યો હતો તે જોતા એક તબક્કે હું એવું વિચારી રહ્યો હતો કે અમે હારી જઈશું. જ્યારે અમુક બાબતો તમારી તરફેણમાં ન રહે ત્યારે કેવું થાય તે હું જાણું છું, વિલિયમ્સન સાથે પણ આવું જ થયું આ બાબતમાં મારી લાગણી તેની સાથે છે. છેલ્લા બોલે અમારે ચર્ચા થઈ હતી કે અમારે સ્ટમ્પને હીટ કરવો જ પડશે અને જો એમ નહીં કરી શકીએ તો એક રન થઈ જશે. રોહિત શર્માના વખાણ કરતા તેણએ કહ્યું હતું કે બન્ને ઈનિંગ્સમાં તે સારું રમ્યો હતો અને ખાસ કરીને છેલ્લા બે બોલ. અમે જાણતા હતા કે જો તે એક શોટ મારશે તો સામે છેડે બોલર તરત જ પ્રેશરમાં આવી જશે. સીરિઝને ૫-૦થી જીતવાનો અમે પ્રયાસ કરીશું.

ન્યૂઝેલેન્ડના કેપ્ટન વિલિયમ્સને કહ્યું હતું કે સુપર ઓવર અમારા માટે સારી રહી ન હતી. અમારે વધારે સારા પ્રયાસો કરવાની જરૂર હતી. ભારત પાસેથી અમારે અમુક બાબત શીખવાની જરૂર છે.

નીરજ ચોપડાની ધમાકેદાર વાપસી, ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦ની ટિકિટ મેળવી

ટોક્યો

ભારતના સ્ટાર ભાકા ફેંક ખેલાડી નીરજ ચોપડાએ ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાઇ કરી લીધું છે. કોણીની ઈજા બાદ એક્શનમાં આવેલા નીરજે સાઉથ આફ્રિકામાં એથલેટિક્સ સેન્ટ્રલ નોર્થ ઈસ્ટ મીટિંગમાં ૮૭.૮૬ મીટરના થ્રોની સાથે આ ટિકિટ મેળવી છે.

૨૨ વર્ષીય નીરજ ચોપડા ૨૦૧૯માં ઈજાને કારણે બહાર રહ્યો હતો. તેણે પોતાના ચોથા પ્રયાસમાં ૮૬ મીટરના ઓલિમ્પિક ક્વોલિફિકેશનનો માર્ક હાસિલ કર્યો અને આ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટમાં ટોપ પર રહ્યો હતો. ચોપડાએ શરૂઆત ૮૧.૭૬ મીટરની સાથે કરી અને દરેક થ્રોની સાથે સારો સ્કોર કરતો ગયો હતો. તેનો બીજો પ્રયાસ ૮૨ મીટર અને ત્રીજો ૮૨.૫૭ મીટરનો હતો. નીરજે ટ્વીટ કર્યું, 'સ્પર્ધામાં પાછા ફરીને સારૂ લાગી રહ્યું છે. બધાનો તેની શુભકામનાઓ અને સહયોગ માટે આભાર.'

સુપર ઓવરમાં કિવિના ૧૮ રનના ટાર્ગેટ સામે રોહિતે અંતિમ બે બોલમાં બે છગ્ગા ફટાકરી જીત અપાવી

'હિટમેન'ની ધમાલ: ભારતે સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડને હરાવી ઈતિહાસ રચ્યો

- ભારતે આપેલા ૧૮૦ રનના ટાર્ગેટ વિરુદ્ધ ન્યૂઝીલેન્ડને અંતિમ ઓવરમાં ૯ રનની જરૂર હતી,શમીએ આઠ રન આપી મેચને ટાઈ કરાવી
- ભારત વતી રોહિત શર્માએ આક્રમક ૪૦ બોલમાં ૬૫ રન ફટકાર્યા,સુપર ઓવરમાં પણ હિટમેને છગ્ગો ફટકારી ટીમને જીત અપાવી
- ભારત પાંચ મેચોની ટી-૨૦ સિરિઝમાં ૩-૦થી આગળ,ન્યૂઝીલેન્ડમાં પ્રથમ વખત દ્વિપક્ષીય સિરિઝ જીતી



હેમિલ્ટન

ભારતીય ટીમે અહીં રમાયેલી ત્રીજી ટી૨૦ મેચમાં સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડને પરાજય આપીને પાંચ મેચોની સિરીઝમાં ૩-૦ની અજેય સરસાઈ મેળવી લીધી છે. આ સાથે ભારત ન્યૂઝીલેન્ડની ધરતી પર પ્રથમ વખત કોઈ દ્વિપક્ષીય સિરીઝ કબજે કરી છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ કેપ્ટન કેન વિલિયમસનના ૯૫ રનની મદદથી ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૭૯ રન બનાવતા મેચ ટાઈમાં પરિણમી હતી. સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૧૭ રન બનાવ્યા અને ભારતને જીતવા માટે ૧૮ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતને સુપર ઓવરમાં અંતિમ બે બોલમાં ૧૦ રનની જરૂર હતી ત્યારે રોહિત શર્માએ બે છગ્ગા ફટકારીને ભારતને વિજય અપાવ્યો હતો.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે હાલની ટી૨૦ સિરીઝ પહેલા માત્ર બે દ્વિપક્ષીય ટી૨૦ આંતરરાષ્ટ્રીય સિરીઝ રમાઈ છે. આ બંન્ને ટી૨૦ સિરીઝમાં ભારતે ન્યૂઝીલેન્ડના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. એક દ્વિપક્ષીય ટી૨૦ સિરીઝ વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ઈનિંગ રમી હતી. ન્યૂઝીલેન્ડને અંતિમ ઓવરમાં જીત માટે ૯ રનની જરૂર હતી, પરંતુ મોહમ્મદ શમીએ માત્ર ૮ રન આપ્યા હતા. તેણે અંતિમ બોલ પર રોસ ટેલરને આઉટ કરીને મેચ ટાઈ કરાવી હતી.

ભારતીય ટીમે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા શાનદાર શરૂઆત મેળવી હતી. રોહિત શર્મા અને કેએલ રાહુલે પાવરપ્લેમાં ૬૯ રન બનાવ્યા હતા. આ વચ્ચે રોહિત શર્માએ માત્ર ૨૩ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. આ તેના ટી૨૦ કરિયરની ૨૦મી અડધી સદી હતી. રોહિત શર્મા ૪૦ બોલમાં ૬૫ રન બનાવી આઉટ થયો હતો. તેણે પોતાની ઈનિંગમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા હતા.

ન્યૂઝીલેન્ડ માટે હામિશ બેનેટે પોતાની ચાર ઓવરમાં ૫૪ રન આપીને ત્રણ તથા કોલિન ડી ગ્રાન્ડહોમ તથા મિશેલ સેન્ટનરે એક-એક વિકેટ ઝડપી હતી. ભારત તરફથી શાર્દુલ ઠાકુરે ૨૧ રન આપીને બે તથા જાડેજા, શમી અને ચહલને એક-એક સફળતા મળી હતી.

રોહિત શર્માએ ઓપનર તરીકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦ હજાર રન પૂરા કર્યા

કોહલીએ તોડ્યો ધોનીનો રેકોર્ડ, ટી-૨૦માં કેપ્ટન તરીકે સૌથી વધારે રન બનાવ્યા

હેમિલ્ટન

વિરાટ કોહલી ટી-૨૦માં કેપ્ટન તરીકે સૌથી વધારે ૧૧૨૬ રન બનાવનારા ભારતીય બની ગયા છે. તેમણે પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની(૧૧૨ રન)ને પાછળ મુકી દીધા છે. કોહલીએ આ સિદ્ધીને બુધવારે ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ હેમિલ્ટન મેચમાં હાંસિલ કરી હતી. તેમણે મેચમાં તેમના ૨૫ રન પુરા કરતાની સાથે જ ધોનીને પછાડ્યો હતો. કોહલીએ મેચમાં ૨૭ બોલ પર ૩૮ રનની ઈનિંગ રમી હતી.

જ્યારે ધોની કેપ્ટન હતા ત્યારે ૭૨ મેચમાં ૩૭.૦૬ની સરેરાશથી ૧૧૧૨ રન બનાવ્યા હતા. કોહલીએ તેમને ૩૬મી મેચમાં જ પાછળ મુકી દીધા અને ૪૫.૦૪ની સરેરાશથી ૧૧૨૬ રન બનાવ્યા હતા. ત્રીજા સ્થાન પર રોહિત શર્મા છે. તેમણે ૧૮ મેચમાં ૩૮.૩૫ની સરેરાશથી ૬૫૨ રન બનાવ્યા હતા.

કોહલીએ ટી-૨૦ કારકિર્દીમાં ૮૦ મેચ રમી છે, જેમાં ૫૧.૫૪ની સરેરાશથી ૨૭૮૩ રન બનાવ્યા છે. આ દરમિયાન તેમને ૨૪ અડધી સદી ફટકારી હતી. તેઓ સદી ફટકારવામાં સફળ થઈ શક્યા ન હતા. સાથે જ ધોનીએ ૯૮ ટી-૨૦ રમી છે. આ દરમિયાન તેમણે ૩૭.૬૦ની સરેરાશથી ૧૬૧૭ રન બનાવ્યા છે. તેમને તેમની છેલ્લી મેચ ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ બેંગલુરુમાં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ રમી હતી.

ભારતીય ઓપનર રોહિત શર્માએ હેમિલ્ટનમાં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ત્રીજી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ખાસ સિદ્ધિ પોતાના નામે કરી છે. તે ઓપનર તરીકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦ હજાર રન પૂરા કરનાર ચોથો ભારતીય બની ગયો છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન રોહિતને આ સિદ્ધિ માટે ૫૬ રનની જરૂર હતી જે તેણે ઈનિંગની ૮મી ઓવરના અંતિમ બોલ પર પૂરા કર્યા હતા. આ સાથે તે ઓપનર તરીકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦ હજાર રન પૂરા કરનાર ભારતીય બેટ્સમેન બની ગયો છે.

રોહિત પહેલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં માત્ર ૩ ભારતીય બેટ્સમેન જ ઓપનર તરીકે ૧૦ હજાર કે તેથી વધુ રન બનાવી શક્યા છે. દિગ્ગજ સચિન તેંડુલકર, સુનીલ ગાવસ્કર અને વીરેન્દ્ર સહેવાગના નામે આ સિદ્ધિ નોંધાયેલી છે. ગાવસ્કરે ઓપનર તરીકે ૧૨,૨૫૮ રન બનાવ્યા હતા. તો વીરૂએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઓપનર તરીકે ૧૬૧૧૯ રન બનાવ્યા છે. સચિને ઓપનર તરીકે વનડેમાં જ રેકોર્ડ ૧૫૩૧૦ રન બનાવ્યા છે.

ભલે એક ટ્રેનમાં નહોતા પરંતુ એક જ સ્ટેશન પર આવીને ઉભા છીએઃ મુખ્યમંત્રી

નાગપુર મેટ્રોના ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્ધવ ઠાકરેએ ફડણવીસ-ગડકરીના વખાણ કર્યા

નાગપુર

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ એક કાર્યક્રમ દરમ્યાન પૂર્વ સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને ભાજપના નેતા નિતિન ગડકરીના ખૂબ વખાણ કર્યા. તેમણે બંનેને રાજ્યના વિકાસ માટે પગલાં ભરવાનો શ્રેય આપ્યો. ઉલ્લેખનીય છે કે લાંબા સમય સુધી સહયોગી રહેલા ભાજપથી અલગ થઈને શિવસેનાએ ઉલટી વિચારધારાવાળા કોંગ્રેસ-એનસીપીની સાથે સરકાર બનાવી લીધી હતી. હવે ઉદ્ધવના નિવેદન પર અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. ચર્ચા થવા લાગી છ કે મહારાષ્ટ્રમાં ચોક્કસ કંઈક નવા જૂની થશે.

નાહગપુર મેટ્રોની એક્વા લાઇનના ઉદ્ઘાટન માટે વીડિયો લિંકથી જોડાયેલા ઉદ્ધવ ઠાકરે એ દેવેન્દ્ર ફડણવીસ અને નિતિન ગડકરીનો રાજ્યના વિકાસ કરવા માટે પગલાં ઉઠાવા વખાણ કર્યા. ઠાકરે એ કહ્યું કે અમે સરકારનો હિસ્સો હતા. અમે ભલે એક જ ટ્રેનમાં નહોતા પરંતુ અમે એક જ સ્ટેશન પર આવીને ઉભા છીએ. રાજનીતિમાં જ્યારે કોઈ કામના શ્રેયની વાત આવે છે તો એક નેતા ત્યાં સુધી નેતા નથી હોતો જ્યાં સુધી તે શ્રેય ના લે પરંતુ હું નમ્રતાથી કહેવા માંગીશ કે અમને શ્રેય નહીં લોકોના આશીર્વાદ જોઈએ છીએ. તેમણે સેના સંસ્થાપક બાલ ઠાકરેના સી-લિંકના સપનાને સાકાર કરવા માટે ગડકરીના પણ વખાણ કર્યા.

ઉલ્લેખનીય છે કે શિવસેનાએ ભાજપથી અલગ રાહ પકડીને કોંગ્રેસ અને એનસીપીની સાથે સરકાર બનાવી લીધી હતી. જો કે કેટલાંય મુદ્દા પર શિવસેનાનો બંને પાર્ટીઓથી અલગ વિચારધારા હોવાના લીધે વિવાદ જોવા મળે છે.



દેશમાં સીએએ અને એનઆરસીને લઈને લોકો અત્યંત રચનાત્મક રીતે વિરોધ કરી રહ્યા છે. તેમાં હવે પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનું નામ પણ જોડાઈ ગયુ છે. મમતાએ કોલકતામાં એક આર્ટ કેમ્પમાં સીસીએ અને એનઆરસી વિરૂદ્ધ આયોજીત વિરોધ પ્રદર્શનમાં પેઈન્ટીંગ બનાવ્યુ હતુ. તેમણે બન્ને કાનૂન પરત લેવાની માંગણી કરી હતી. મેયો રોડ પર ગાંધી મૂર્તિ પાસે આયોજીત આ કાર્યક્રમમાં ૪૨ જાણીતા પેઈન્ટરોએ ચિત્રકારી થકી સીએએનો વિરોધ કર્યો હતો. મમતાએ એક દુઃખીયારી મહિલાની તસ્વીર કેનવાસ પર અંકીત કરી હતી જેની આંખોમાંથી આંસુ વહી રહ્યા છે અને તેના માથા પર સીએએ લખ્યુ હતું.

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીમાં નેતાઓના બિગડે બોલ

અરવિંદ કેજરીવાલ આતંકવાદી અને નક્સલી છેઃ પ્રવેશ વર્મા

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા વિવિધ પાર્ટીઓના નેતાઓ એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે. શાહીનબાગની તુલના પાકિસ્તાન સાથે કર્યા બાદ ભાજપ સાસંદ પ્રવેશ વર્માએ અરવિંદ કેજરીવાલને આતંકવાદી અને નક્સલી ગણાવ્યા છે. વર્માએ જણાવ્યું કે, જેમ નક્સલી અને આતંકવાદી સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડે છે તે જ કામ દિલ્હીના મુખ્યમંત્રી પણ કરી રહ્યા છે.

પશ્ચિમ દિલ્હીના ભાજપના સાંસદ પ્રવેશ વર્માએ શાહીનબાગ બાદ હવે કેજરીવાલ પર નિશાન તાક્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આતંકવાદી અને નક્સલી દેશને નુકશાન પહોંચાડે છે. રોડને તોડે છે સરકારી સંપત્તિને નુકશાન પહોંચાડે છે તે જ કામ મુખ્યમંત્રી કેજરીવાલ પણ કરી રહ્યા છે.

ભાજપ સાંસદે ટ્વિટર પર લખ્યું હતું કે, આજે સવારે એક નંબર પરથી મને ધમકી મળી હતી. હું દિલ્હી પોલીસને આ મામલે ફરિયાદ કરવા જઈ રહ્યો છું. પવન વર્મા શાહીનબાગ પર વિવાદાસ્પદ નિવેદનને કારણે ખૂબ જ ચર્ચામાં છે.

ઉદ્ધવ સરકાર મૃતકોને ૧૦ લાખની સહાય કરશે

મહારાષ્ટ્રમાં બસ-રિક્ષા અકસ્માતમાં મૃત્યુઆંક ૨૫એ પહોંચ્યોઃ ૩૫ ઘાયલ

નાશિક

મહારાષ્ટ્રના નાશિક પાસે એક મુસાફરોથી ખચોખચ ભરેલી બસ કૂવામાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં ૨૫ લોકોના મોત થયા છે, જ્યારે ૩૦ લોકોને બચાવી લેવામાં આવ્યાં છે. આ અંગે એક અધિકારીએ જણાવ્યું કે, આ દુર્ઘટનામાં ૩૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. આ ઘટના માલેગાંમ-દેઓલા રોડ પર મંગળવાર સાંજે ૪ વાગ્યે બની હતી.

મળતી માહિતી મુજબ, ૫૦ મુસાફરોથી ભરાયેલી આ બસ નાશિકથી ધુળે તરફ જઈ રહી હતી. તે દરમિયાન બસની સામે અચાનક એક ઓટો રીક્ષા આવી ગઈ અને તેને બચાવવાના પ્રયત્નમાં ડ્રાઈવરે બસ પરનું નિયંત્રણ ગુમાવ્યું અને બસ રોડના કિનારે બનેલા કૂવામાં ખાબકી હતી.

આ દુર્ઘટના બાદ ચીસો સાંભળીને રસ્તા પર જતા અને આસપાસમાં રહેતા લોકો મદદ માટે આવ્યા અને તેમણે દોરડાથી મુસાફરોને કાઢવાનું શરૂ કર્યું હતું. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, અત્યાર સુધી ૨૦ લોકોના મૃત્તદેહ કૂવામાંથી બહર કાઢવામાં આવ્યાં છે. આ ઘટનાની માહિતી મળ્યાં બાદ સ્થાનિક પોલીસે સ્થળ પર પહોંચી બચાવ અભિયાન શરૂ કર્યું હતું, પરંતુ ત્યાં સુધી ૨૫ લોકોના મોત થઈ ચૂક્યા હતા.

આ ઘટના અંગે રાજ્યના પરિવહન પ્રધાન અનિલ પરબે કહ્યું કે, અકસ્માતમાં મોતને ભેટેલા લોકોના પરિવારજનોને ૧૦ લાખની સહાય કરવામાં આવશે, જ્યારે ઘાયલોની મુફ્ત સારવાર કરવામાં આવશે.

દેશમાં થઈ રહેલ હિંસાને કારણે રોકાણકારો રોકાણ કરવાથી ડરે છે

વડાપ્રધાન-નાણાંમંત્રીને અર્થવ્યવસ્થા અંગે નથી ખબર કે આગળ શું થશેઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ફરી એકવાર અર્થવ્યવસ્થાની સ્થિતિને લઈને મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. ટવિટર માધ્યમ દ્વારા રાહુલ ગાંધીએ લખ્યું છે કે મોદી અને તેમની આર્થિક સલાહકારોની સપનાની ટીમે અર્થવ્યવસ્થાને ખરેખર બદલી નાખી છે.

રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહાર કરતાં કહ્યું કે પહેલા જીડીપી ૭.૫ ટકા અને મોંઘવારી દર ૩.૬ ટકા હતા. હવે જીડીપી ૩.૫ ટકા અને મોંઘવારી દર ૭.૫ ટકા થઈ ગયો છે. પ્રધાનમંત્રી મોદી અને નાણામંત્રી નિર્મલા સીતારમણને ખબર નથી કે આગળ હવે શું થશે.

રાહુલ ગાંધીએ ભારતીય અર્થવ્યવસ્થાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. આ સાથે દેશમાં બેરોજગારોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. દેશને બરબાદી તરફ લઈ જવાનો નિર્ણય ૨૦૧૬માં નોટબંધીને લઈને કરવામાં આવ્યો હતો.

સરકાર કહેતી હતી કે તેઓ કાળા નાણાને સીસ્ટમમાંથી દૂર કરી દેશે. પરંતુ પરિણામ એ આવ્યું કે રોકડને લઈને કાળા નાણું સિસ્ટમનો એક ભાગ બની ગયું. આજે પરિસ્થિતિ એવી છે કે બેરોજગાર નોકરીની શોધ કરી રહ્યાં છે, પરંતુ નોકરી નથી.

પહેલી ફેબ્રુઆરીએ નાણાંમંત્રી સંસદમાં બજેટ રજૂ કરશે

બજેટ-૨૦૨૦ઃ વડાપ્રધાન મોદીએ પાંચ અધિકારીઓને સોંપી મહત્વની જવાબદારી

ન્યુ દિલ્હી

પહેલી ફેબ્રુઆરીએ નાણાપ્રધાન નિર્મલા સીતારામન સંસદમાં બજેટ રજૂ કરશે અને આ બજેટ-૨૦૨૦ને તૈયાર કરવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાંચ ખાસ અધિકારીઓને જવાબદારી સોંપી છે. દેશમાં આર્થિક મંદીના માહોલ વચ્ચે બજેટ ઉપર સૌની નજર છે. મીડિયાના અહેવાલો મુજબ ખુદ પીએમ આ બજેટને લઈને ઉત્સુક છે. તેમણે આ અધિકારીઓ ઉપર બજેટ ખાધને ઓછી કરવા, ડિસઈન્વેસ્ટમેન્ટનો લક્ષ્યાંક પાર પાડવા, ખર્ચમાં કાપ મૂકવા અને બેંકિંગ સેક્ટરમાં સુધારા કરવાની જવાબદારી સોંપી છે. એશિયાની ત્રીજા નંબરની સૌથી મોટા અર્થતંત્રમાં આર્થિક મંદી સામે લડવા સરકાર કેવાં પગલાં લેશે? ઇક્રમટેક્સમાં લોકોને રાહત મળશે? અને ખેડૂતોને કોઈ લાભ થશે એના પર સૌની નજર છે. જે પાંચ અધિકારીઓને જવાબદારી અપાઈ છે એમની વિગતો નીચે મુજબ છે.

રાજીવકુમાર, ફાઇનાન્સ સેક્રેટરી

નાણામંત્રાલયના ટોચના આ અધિકારી રાજીવકુમાર બેંકિંગ સેક્ટરમાં સુધારા ઉપર કામ કરી રહ્યા છે. તેમણે બેંકોના રિકેપિટલાઇઝેશનનું કામ કર્યું હતું અને અનેક બેંકોનું મર્જર કરાવ્યું હતું. તેઓ બેંકિંગ સેક્ટરને સંકટમાંથી ઉગારવા ઉપરાંત કેડિટ ગ્રોથ વધારવાની દિશામાં કામ કરશે. તેમની પાસે બેંક સેક્ટરનો લાંબો અનુભવ છે અને એનો નિચોડ બજેટ તૈયાર કરવામાં કામ લાગશે. બેકિંગ સેક્ટર માટે બજેટમાં ઘણી ઘોષણાઓ થવાની ધારણા છે.

અતનુ ચક્રવર્તી, ઇકોનોમિક અફેર્સ સેક્રેટરી

સરકારી કંપનીઓના વેચાણની કામગીરીમાં એક્સપર્ટ મનાતા અતનુ ચક્રવર્તીને જુલાઈ મહિનામાં ઇકોનોમિક અફેર્સ સેક્રેટરી બનાવાયા છે. તેમના આવ્યા બાદ ઇકોનોમીની ગતિ ધીમી પડી છે અને એ પાંચ ટકા કરતાં નીચે આવી છે. તેમણે એક ટ્રિલિયન ડોલરનો ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામ તૈયાર કર્યો છે. બજેટમાં ખાધને ઓછી કરવાની જવાબદારી તેમને સોંપાઈ છે. તેઓ અર્થવ્યવસ્થાને ચેતનવંતી બનાવવા માટે કેવાં પગલાં લેશે એના પર નજર છે.

ટી. વી. સોમનાથન, એક્સ્પેન્ડિચર સેક્રેટરી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યાલય પીએમઓમાં કામ કરી ચૂકેલા ટી. વી. સોમનાથનને થોડા સમય પહેલાં નાણામંત્રાલયમાં એક્સ્પેન્ડિચર સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. તેમની અને પીએમ મોદી વચ્ચે સારો તાલમેલ છે. તેમને ખબર છે કે વડા પ્રધાન બજેટમાં શું ઇચ્છે છે. સોમનાથન પર સરકારી ખર્ચામાં કાપ મૂકવાની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ ડિમાંડ વધે અને સરકારી કાર્યક્રમોમાં ખોટા ખર્ચા ઘટે એના ઉપર ખાસ ફોકસ કરી રહ્યા છે.

અજય ભૂષણ પાંડે, રેવન્યૂ સેક્રેટરી

બજેટ તૈયાર કરી રહેલા પાંચ અધિકારીઓ પૈકી સૌથી વધારે દબાણ રેવન્યૂ સેક્રેટરી અજય ભૂષણ પાંડે ઉપર છે કારણ કે આર્થિક મંદીના પગલે સરકારની મહેસૂલી આવક અપેક્ષા મુજબની રહી નથી. સરકારની મહેસૂલી આવક કેવી રીતે વધે એ જોવાની જવાબદારી તેમના ઉપર છે. એવી આશા રાખવામાં આવી રહી છે કે તેઓ ડાયરેક્ટ ટેક્સ કોડના કેટલાક પ્રસ્તાવોમાં ફેરફાર કરી શકે એમ છે. તેઓ કોર્પોરેટ ટેક્સમાં કેવી રીતે વધારો થાય એના પર ધ્યાન આપી રહ્યા છે.

તુહીનકાંત પાંડે, ડિસઈન્વેસ્ટમેન્ટ સેક્રેટરી

એર ઇન્ડિયાના વેચાણની જવાબદારી ડિસઈન્વેસ્ટમેન્ટ સેક્રેટરી તુહીનકાંત પાંડે ઉપર છે. અન્ય સરકારી કંપનીઓના વિનિવેશની જવાબદારી તેઓ સંભાળી રહ્યા છે, જેથી સરકારની આવક વધી શકે. આ નાણાકીય વર્ષમાં ૧.૦૫ લાખ કરોડ રૂપિયાના ડિસઈન્વેસ્ટમેન્ટનો લક્ષ્યાંક પૂરો થયો નથી. આના કારણે તેમના પર મોટી જવાબદારી છે. આવતા નાણાકીય વર્ષમાં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા ભંડોળ એકઠું કરવું પડકારજનક રહેશે એમાં કોઈ શંકા નથી.

પ.બંગાળમાં થઈ રહેલ રાજકીય હત્યાઓ મુદ્દે ભાજપે કરેલ અરજી પર સુપ્રિમ લાલઘૂમ

પાર્ટીઓ પોતાના રાજકીય મુદ્દાઓને ઉકેલવા માટે કોર્ટનો ઉપયોગ ના કરેઃ સીજેઆઇ

ન્યુ દિલ્હી

પશ્ચિમ બંગાળમાં થઈ રહેલી રાજકીય હત્યાઓને લઈને બીજેપી દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલ પર સુનાવણી કરતી વખતે ચીફ જસ્ટિસ એસએ બોબડેએ બીજેપી અને પશ્ચિમ બંગાળની સરકારના વકીલોને ફટકાર લગાવતા કહ્યું કે, તેઓ પોતાના રાજકીય મુદ્દાઓને ઉકેલવા માટે કોર્ટનો ઉપયોગ ના કરે.

બીજેપીનું પ્રતિનિધિત્વ કરી રહેલા વરિષ્ઠ વકિલ ગૌરવ ભાટિયા અને તૃણમૂળ કોંગ્રેસની આગેવાનીવાળી પશ્ચિમ બંગાળની સરકાર તરફથી કપિલ સિબ્બલે પોતાનો કેસ કોર્ટમાં મૂક્યો.

બીજેપીના પ્રવક્તા ગૌરવ બંસલે પશ્ચિમ બંગાળમાં થઈ રહેલી કથિત રાજકીય હત્યાઓને લઈને પીઆઈએલ દાખલ કરી હતી. કપિલ સિબ્બલે અરજીનો વિરોધ કરતાં કહ્યું કે, જો કોઈ રાજકીય દળને જનહિત અરજી દાખલ કરવાની અનુમતિ આપવામાં આવે તો અદાલતે તેની તપાસ કરવી જોઈએ. સીજેઆઈ બોબડે કહ્યું કે, 'અમે તે વાતથી અવગત છીએ કે, બંને પક્ષ અદાલતનો રાજકીય હિસાબ બરાબર કરવાના મંચના રૂપમાં ઉપયોગ કરી રહ્યાં છે.' સુપ્રીમ કોર્ટે બેન્ચે અદાલતમાં રાજકીય નિવેદન આપવા પર બંને વકિલ કપિલ સિબ્બલ અને ગૌરવ ભાટિયા સાથે ટીખળ કરી હગી. સીજેઆઈ બોબડેએ કહ્યું, 'તે સારૂ રહેશે કે, તમે બંને કોઈ ટીવી ચેનલ પર જઈને ત્યાંથી પોતાનો હિસાબ બરાબર કરી શકો છો.

આ વચ્ચે સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને કહ્યું કે, તેઓ ભાજપા કાર્યકર્તા દૂલાલ કુમારના પરિવારની અરજી પર જેમાં મોતની સીબીઆઈ તપાસ કરવાની વાત કરવામાં આવી છે, ચાર સપ્તાહની અંદર વિસ્તૃત જવાબ દાખલ કરો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી મને ઘણી પ્રેરણા મળે છેઃ નેહવાલ

બેડમિન્ટ ખેલાડી સાઇના નેહવાલની રાજકારણમાં એન્ટ્રીઃ ભાજપમાં જોડાઈ

ન્યુ દિલ્હી

દેશની સ્ટાર બેડમિન્ટન ખેલાડી સાઈના નેહવાલ સ્પોર્ટસ ક્ષેત્રે ધૂમ મચાવ્યા બાદ હવે પોલિટિક્સમાં પોતાની નવી ઈનિંગ્સ શરૂ કરવા સજ્જ થઈ ચૂકી છે. જે અંતર્ગત આજે સાઈના નેહવાલ ભાજપમાં સામેલ થઈ છે. સાઈના ભાજપ માટે મોટો ચહેરો બની શકે છે. વિશ્વની પૂર્વ નંબર વન બેડમિન્ટન ખેલાડી સાઈના નેહવાલને આજે ભાજપ કાર્યાલયમાં પાર્ટીનું સભ્યપદ અપાવવાની તૈયારીઓ પહેલાથી જ શરૂ થઈ ગઈ હતી. સાઈના નેહવાલ ભાજપ માટે મોટો ચહેરો બની શકે છે. સાઈનાની સાથે તેની મોટી બહેને પણ ભગવો ખેસ ધારણ કર્યો છે.

સાઈના નેહવાલ પહેલા પણ અનેક ખેલાડીઓ ભાજપમાં સામેલ થઈ ચૂક્યા છે. જેમાં પૂર્વ ક્રિકેટર ગૌતમ ગંભીર, રેસલર યોગેશ્વર દત્ત અને બબીતા ફોગાટ જેવા મોટા ચહેરાઓ સામેલ છે.

હું મહેનતી ખેલાડી છું અને મને તેવા લોકો સાથે કામ કરવાનું પસંદ છે જે સખત મહેનત કરે છે. વડાપ્રધાન મોદીની પ્રશંસા કરતા સાઈના નેહવાલે કહ્યું કે, મેં જોયું છે કે નરેન્દ્ર મોદી દેશ માટે ઘણી મહેનત કરી રહ્યાં છે. હું રાજનીતિમાં નવી છું. મોદીએ રમતગમત માટે ઘણું કર્યું છે. નેહવાલે કહ્યું કે તે મોદીથી ઘણી પ્રેરિત છે અને આશા છે કે તે પણ દેશ માટે સારુ કામ કરે. જણાવી દઈએ કે, રાજનીતિમાં પગ મૂકવા જઈ રહેલી બેડમિન્ટન આઈકન સાઈના નેહવાલ પર બાયોપિક પણ બની રહી છે.

મેક્સિકો, ફ્લોરિડા સુધીનો વિસ્તાર ધણધણ્યો

ક્યૂબામાં ૭.૭ની તીવ્રતાના ભૂકંપના આંચકાઃ સુનામીનું એલર્ટ જાહેર

ક્યૂબા

જમૈકાના તટીય વિસ્તાર અને પૂર્વી ક્યૂબાની વચ્ચે કેરેબિયન સાગરમાં ભૂકંપનો તીવ્ર ઝટકો અનુભવાયો હતો. જમૈકા અને પૂર્વી ક્યૂબની વચ્ચે ૭.૭ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. મોડી રાતે આવેલા આ ભૂકંપના આંચકાની અસર મેક્સિકો અને ફ્લોરિડા સુધી જોવા મળી હતી.

જો કે ભૂકંપના કારણે કોઈ જાનહાનિના અહેવાલ હજી સુધી પ્રાપ્ત થયા નથી. અમેરિકાના ભૂવિજ્ઞાનિક સર્વેક્ષણ અનુસાર, ભૂકંપ મોટેગો બે અને જમૈકાના ૧૪૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમ અને નિકવૈરો, ક્યૂબાના ૧૪૦ કિલોમીટર પશ્ચિમી-દક્ષિણીમાં કેન્દ્રિત હતું.

યુએસજીએસ અનુસાર ભૂકંપની તીવ્રતા રિકટર સ્કેલ પર ૭.૭ આંકવામાં આવી હતી. જ્યારે કેમેન દ્વીપ સમૂહમાં મોડી રાતે ફરી એકવાર રિકટર સ્કેલપર ૬.૧ની તીવ્રતાનો બીજો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપની તીવ્રતાને ધ્યાનમાં લઈને અમેરિકાના વિજ્ઞાનિકોએ તટીય વિસ્તારમાં સુનામીને લઈને એલર્ટ જાહેર કરી દીધું છે.

પ્રશાંત સુનામી ચેતવણી કેન્દ્ર તરફથી જમૈકા અને તટીય વિસ્તારમાં સૂનામીની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ચેતવણીમાં જણાવાયું છે કે સુનામીની લહેરની અસર જમૈકા, બેલીજ, ક્યૂબા, હોંડુરાસ, મેક્સિકો અને કેમેન દ્વીપ સમૂહમાં જોવા મળશે.

હવે ફ્લાઈટની જેમ ટ્રેનમાં અભદ્ર કરનારા યાત્રિક પર લાગશે પ્રતિબંધ

ન્યુ દિલ્હી

હવે એરલાઈન્સની તર્જ પર રેલવે પણ અભદ્ર કરનારા યાત્રિકોની મુસાફરી પર પ્રતિબધં લગાવી શકે છે. રેલ મંત્રાલયના અદિકારીઓએ કહ્યું કે જે રીતે એરલાઈન્સમાં અભદ્ર કરનારા યાત્રિકો પર પ્રતિબધં લગાવવાનો નિયમ છે તેની જેમ જ હવે ભારતીય રેલવેમાં પણ આવા યાત્રિકો પર પ્રતિબધં લગાવવા માટે વિચાર કરી રહ્યું છે.એક વરિ રેલવે અધિકારીએ કહ્યું કે આ પ્રતિબધં ઉપરાંત અમે એ યાત્રિકોની મુસાફરી ઉપર પણ રોક લગાવશું જેની યાત્રા એરલાઈન્સ દ્વારા પ્રતિબંધિત કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે રેલવે તમામ એરલાઈન્સ પાસેથી એવા યાત્રિકોની યાદી મગાવશે અને પછી તેને પોતાની સીસ્ટમમાં નાખી દેશે જેથી થોડા મહિનાઓ માટે તેમનું ટિકિટ બુકિંગ ન થઈ શકે. રેલવે આવા યાત્રિકો ઉપર છ મહિનાનો પ્રતિબધં મુકી શકે છે.

શાહીનબાગમાં પ્રદર્શન કરનારાઓમાંથી કોઇ મરતું કેમ નથી?ઃ દિલીપ ઘોષ

કોલકાત્તા

પશ્ચિમ બંગાળના ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષે દિલ્હીના શાહિન બાગમાં નાગરિકતા સંશોધન કાયદો અને એનઆરસી વિરુદ્ધ પ્રદર્શન કરી રહેલા લોકો સામે વિવાદિત નિવેદન આપ્યું છે. ઘોષે કહ્યું કે, શાહીનબાગમાં મહિલાઓ અને બાળકો સહિત ઘણાં લોકો ખુલ્લા આકાશ નીચે ૪-૫ ડિગ્રી તાપમાનમાં ધરણાં કરી રહ્યા છે. તેમ છતા ન કોઈ બીમાર પડી રહ્યા છે, ન કોઈનું મોત થયુ છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં સીએએ અને એનઆરસીથી ગભરાયેલા લોકો આત્મહત્યા કરી રહ્યા છે.

ઘોષે કહ્યું છે કે, નોટબંધી દરમિયાન ૩-૪ કલાક લાઈનમાં ઉભા રહેવાથી લોકોના મોત થઈ ગયા હતા. જ્યારે શાહીન બાગમાં કડકડતી ઠંડીમાં પણ દેખાવકારોને કઈ નથી થતું. શું આ લોકો અમૃત પીને આવ્યા છે? આ પહેલી વખત નથી જ્યારે ઘોષે સીએએ-એનઆરસીનો વિરોધ કરતી પાર્ટીઓ માટે આવું નિવેદન આપ્યું છે. દિલીપ ઘોષે ૧૯ જાન્યુઆરીએ કહ્યું હતું કે, પહેલાં તો મુસ્લિમ ઘૂસણખોરોની ઓળખ કરીને તેમના નામ વોટર લિસ્ટમાંથી બહાર કરવામાં આવશે. ત્યારપછી દીદી કોઈનો પક્ષ નહીં લઈ શકે. ઘૂસણખોરોના નામ વોટર લિસ્ટમાંથી બહાર કાઢવાના કારણે ૨૦૨૧માં થનારી બંગાળ વિધાનસભા ચૂંટણીમાં મમતા બેનરજીના મતદાતાઓ પણ ઘટી જશે. તેના કારણે અમને ચૂંટણીમાં ૨૦૦ સીટ મળશે અને મમતા દીદીને ૫૦ સીટ પણ નહીં મળે.

જામનગરમાં સાયરન વાગતાં બેંકમાં ઘૂસેલા તસ્કરો ભાગ્યા

તસ્કરોનો તરખાટ... ગેસ કટરથી બે એટીએમ તોડી રૂ.૩૯ લાખની લૂંટ મચાવી

મહેસાણા

મહેસાણા શહેરના નાગલપુર વિસ્તારના વાળીનાથ ચોકમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના બે એટીએમ ગેસ કટરથી કાપીને અંદાજે રૂપિયા ૩૯ લાખની લૂંટ થતાં દોડધામ મચી ગઈ છે. આ ઘટનામાં તસ્કરોએ સીસીટીવી કેમેરા પર કાળા કલરનો સ્પ્રે છાંટીને લૂંટ ચલાવી હતી. જેથી લૂંટની ઘટના કેમેરામાં કેદ ન થાય. આ પ્રકારની હરકતથી રીઢા ગુનેગારો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર નાગલપુરના કૈલાસપતિ એપાર્ટમેન્ટ પાસે આવેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના બે એટીએમ મુકવામાં આવ્યા છે. મંગળવારે સવારે એટીએમમાં નાણા ભરવા આવેલાં એજન્સીના માણસે શટર ઉંચુ કરીને જોતા એટીએમ કાપીને લૂંટ થઈ હોવાની જાણ થતાં બેંકના અધિકારીઓને જાણ કરી હતી.

બેંકના અધિકારીઓએ પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળની મુલાકાત કરીને કેટલી રકમની લૂંટ થઈ છે તે અંગે તપાસ હાથ ધરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે એક એટીએમ માંથી ૧૨ લાખ તો બીજા એટીએમમાંથી ૨૭ લાખ રૂપિયા ગાયબ થયા છે. અત્રે નોંધનીય છે કે એ.ટી.એમમાં સિકોરિટી ગાર્ડ ન હોવાથી ચોરોએ ઘટનાને અંજામ આપી શક્યા છે.

તો બીજી તરફ જામનગરના નાઘેડ ગામે તરસ્કરો બેંકમાં ઘૂસી ગયા. જોકે સદનસીબે બેંકનું સાયરન વાગી જતાં તાત્કાલિક ગ્રામજનો જાગી ગયા હતા અને તસ્કરો ત્યાં નાસી છૂટ્યા હતા. બેંકમાંથી ચોરી થઈ છે કે નહી તે જાણવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

જસદણ નગરપાલિકાના વોર્ડ નં.૬ની પેટા ચૂંટણીમાં ભાજપની જીત

જસદણ

જસદણ નગરપાલિકાના વોર્ડ નં. ૬ની પેટા ચૂંટણી ગત તા.૨૭ નાં રોજ યોજાઈ હતી અને ૩૮.૫૨ ટકા મતદાન નોંધાયું હતું. આ બેઠક માટે જસદણની સરદાર પટેલ નગર પ્રાથમિક શાળાના જુદા જુદા ૪ બુથ અને પુષ્કરધામ પ્રાથમિક શાળાનું ૧ બુથ મળી કુલ ૫ મતદાન મથક ઉપર મતદાન યોજાયું હતું. જેમાં ૧૮૬૨ પુરુષ મતદારો તેમજ ૧૭૨૧ સ્ત્રી મતદારો મળીને કુલ ૩૫૮૩ મતદારો પૈકી ૭૪૬ પુરુષ અને ૬૩૪ સ્ત્રી મતદારો મળી કુલ ૧૩૮૦ મતદારોએ મતદાન કરતા ૩૮.૫૨ ટકા મતદાન નોંધાયું હતું. જેની આજે તા.૨૯ ને બુધવારે મત ગણતરી યોજાઈ હતી. જેમાં ભાજપના ઉમેદવાર ભરતભાઈ મનુભાઈ જેબલીયાને ૧૦૨૭ મત મળ્યા હતા. જયારે કોંગ્રેસના મહિલા ઉમેદવાર રંજનબેન નિલેશભાઈ તોગડિયાને ૨૧૪ મળતા તેમણે પોતાની ડીપોઝીટ પણ ગુમાવી હતી.

જસદણ નગરપાલિકા વોર્ડ નં.૬ ની એક બેઠક માટેની પેટાચુંટણીમાં ૩૫૮૩ મતદારો પૈકી માત્ર ૧૩૮૦નું મતદાન થતા ૩૮.૫૨ ટકા મતદાન નોંધાયું હતું. જોકે આ બેઠકમાં ભાજપના ઉમેદવાર ભરતભાઈ જેબલીયાનો ૮૧૩ મતની લીડથી વિજય થયો હતો. પરંતુ માત્ર ૧૩૮૦ જેટલા મતદાનમાં ૯ મત નોટાને મળતા નગરજનોએ નગરપાલિકાની કામગીરીની અસલી છબી છતી કરી હતી.

રોજબરોજ બનતી ઘટનાઓ પાછળ ના વૈજ્ઞાનિક કારણો

મિત્રો આપણે જાણીએ છીએ આજ કાલ લોકોનું જીવન ફાસ્ટ અને વ્યસ્ત થઈ ગયું છે. તેમની પાસે પોતાના માટે પણ સમય ઓછો હોય છે. પરંતુ અમુક ઘટનાઓમાં હજુ પણ ક્યાંક ને ક્યાંક અંધશ્રદ્ધા જોવા મળે છે. ગમે તેટલો શિક્ષિત વ્યક્તિ હોય, પરંતુ અમુક બાબતોમાં હજુ પણ લોકો વિચારશીલ છે અને અમુક માન્યતાઓમાં ભરોસો રાખે છે તો ચાલો આજે આપણે અમુક આવી બાબતો જોઈએ જે દેખીતી રીતે તો સામાન્ય જ છે તો પણ તેમાં ક્યાંક ને ક્યાંક અંધશ્રદ્ધા જોવા મળે છે. પરંતુ તેની પાછળના વૈજ્ઞાનિક કારણો શું છે તેના વિશે આજ ના લેખમાં માહિતી મેળવીએ.

બિલાડી આડી ઉતરે તો અટકી જવું: આપણે બધા જ એ વસ્તુથી પરિચિત છીએ, કે પહેલા ના સમયમાં લોકો એક જગ્યાએ થી બીજી જગ્યાએ જવા માટે ઘોડાગાડી અને બળદગાડી જેવી વસ્તુનો ઉપયોગ કરતા હતા.પહેલાના સમય માં અત્યારે જેટલી સુવિધાઓ છે તેટલી નહોતી ના કે આટલો વાહનવ્યવહારનો વિકાસ થયો હતો. ક્યારેક લોકોને રાત્રે પણ કામથી બહાર જવું પડતું હતું એમાં અંધારી રાતે ક્યારેક બિલાડી આડી ઉતરે તો લોકો અટકી જતા તેની પાછળ લોકોની અંધશ્રદ્ધા તો છે જ પરંતુ તેનું વૈજ્ઞાનિક કારણએ છે કે બિલાડીની આંખો ચળકતી હોય છે.અને રાતે તો એ તારાની જેમ ચમકારા મારે એવામાં એ ખૂબ જ ભયાનક લાગે ત્યારે રાત ના સમયે પશુઓ બિલાડીને જોઈ ને ડરી જતા અને પોતાના પર કાબુ રાખી શકતા નહિ તેથી જ બિલાડી આડી ઉતરે ત્યારે લોકો અટકી જતા બાકી તેની પાછળ કોઈ જ કારણ જવાબદાર નથી.



લાલમરચાં અને લીંબુ: ક્યારેક આપણે કોઈ દુકાનની મુલાકાતે જઈએ ત્યારે આપણે જોઈએ છીએ કે પ્રવેશદ્વારે જ લીંબું અને મરચાં લટકાવેલ હોય છે. લોકોની માન્યતા એવી હોય છે, કે કોઈક ની ખોટી નજર કે ખોટા પડછાયા થી બચી શકાય છે પરંતુ એ પણ એક પ્રકારની અંધશ્રદ્ધા જ છે. લીંબુમાં અમુક એન્ટીઓક્સિડ હોય છે તેના કારણે જંતુઓ મરી જાય છે, અને સ્વછતા જળવાય છે. તે તેની પાછળનું વૈજ્ઞાનિક કારણ છે.

દહીં અને ગોળ: કોઈ નવા કાર્યની શુરુઆત હોય કે ક્યાંક સારા કામે બહાર જવાનુ હોય, કે કોઈ પરીક્ષા હોય કે કોઈ સારો પ્રસંગ હોય તે વખતે દહીં અને ગોળથી મોં મીઠુ કરાવવામાં આવે છે કે એ ખાવાથી ફતેહના થાય છે. આ એક ગેરમાન્યતા છે.દહીં ગોળ પેટને ઠંડુ રાખે છે. અને પાચનશક્તિમાં અવરોધ આવતો નથી તેથી બહાર નીકળતા જ દહીં ગોળ આપવામાં આવે છે જેથી પેટ સબંધી સમસ્યાઓ ના થઈ શકે.આ તેનું વૈજ્ઞાનિક કારણ છે.

ભૂમિપૂજન: આપણે જોઈએ કે ક્યારેક કોઈક નવા ઘરમાં ગૃહપ્રવેશ કરવાનો હોય, ત્યારે જે તે જગ્યાની ભૂમિને પહેલા વિધીસર પૂજવા માં આવે છે ત્યારબાદ જ ગૃહપ્રવેશ કરવામાં આવે છે તેની પાછળ લોકોની આવી અંધશ્રદ્ધા હોય છે કે તે જગ્યાએ કોઈ પ્રેત કે આત્મા હોય તો તેના પ્રભાવથી બચી શકાય. પરંતુ એવુ નથી હોતું પૂજન કરવા થી સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે અને ઈશ્વરીયશક્તિ ને આપણે પૂજી હોવાથી ખોટા વિચારો મનમાં નથી આવતા અને આપણે સુખ શાંતિથી તે જગ્યા ઉપર રહી શકે.આ તેનું મુખ્ય કારણ છે.

પીપળાનું પૂજન:લોકોમાં એવી માન્યતા હોય છે કે રોજ પીપળે પાણી ચડાવવાવાં થી વ્યક્તિ સુખ શાંતિથી પોતાનું જીવન પસાર કરી શકે છે હા હું મનુ છું કે પીપળામાં સ્વયં વિષ્ણુ ભગવાનનો વાસ હોય છે અને એ ધાર્મિક કાર્ય કરવું જ જોઈએ.પરણીત સ્ત્રીઓ પોતાના પતિની લાંબી ઉંમર માટે ત્યાં પ્રાર્થના કરે છે. પરંતુ તેની પાછળ પણ વિજ્ઞાન જવાબદાર છે. આપણે જાણીએ છીએ કે વૃક્ષમાં ભરપૂર પ્રમાણમાં ઓક્સિજન હોય છે. અને તે પૃથ્વી પર રહેતા દરેક લોકો માટે ખૂબ ઉપયોગી હોય છે તેમાં સૌથી વધુ પ્રમાણમાં ઓક્સિજન પીપળામાં હોય છે તેથી લોકો તેની સમીપ રહેવાનું વધુ પસંદ કરે છે.

બિભત્સ ફોટા પાડી પરણિતાને ધમકી આપી દુષ્કર્મ આચરનાર આરોપીની ધરપકડ

વડોદરા

પાદરા તાલુકામાં વધુ એક દુષ્કર્મની ઘટનાએ સોનેરી નગરી કહેવાતા પાદરા તાલુકાને શર્મસાર કરી નાખ્યો છે. પાદરા તાલુકાના ઉમરાયા ગામે પરિણીતા સાથે યુવક દુષ્કર્મ આચરતો હતો. યુવતીને વારંવાર હેરાન કરી યુવતીના બીભત્સ ફોટા પાડી લીધા હતા. યુવતી જયારે પોતાના ઘરે કામ કરતી હોય તે દરમિયાન આરોપી ફોટા પાડી લીધા હતા. યુવતીને ફોટાના આધારે ધમકી આપતો હતો કે મારી સાથે શારીરિક સંબંધ નહિ રાખે તો આ ફોટા સોસીયલ મીડિયા પર વાઈરલ કરી દઈશ. તારી સમાજ માં ઈજ્જત બગાડીસ એટલું જ નહીં પરંતુ યુવક પરિણીતાના પરિવારને મારી નાખવાની ધમકી પણ વારંવાર આપતો હતો. દોઢ વર્ષથી યુવતી પર વારંવાર દુષ્કર્મ આચરતો હતો. પરિણીતાએ આખરે પોતાના પરિવારને જાણ કરી હતી અને પરિવાર સાથે પરિણીતા એ પાદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પાદરા પોલીસે ફરિયાદના આધારે નરાધમની શોધખોળ શરૂ કરી હતી. ગણતરીના કલાકોમાં આસીફ સિંધા નામના યુવકની ધરપકડ કરી લીધી હતી. જેલ ભેગો કર્યો હતો પાદરા પોલીસે બળાત્કાર તેમજ મારી નાખવાની ધમકી આપવાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં દુષ્કર્મની ઘટનાઓમાં અચાનક વધારો થયો છે.

સૌથી વધુ અસર મોરબીમાં સિરામિક અને ટાઈલ્સની ફેક્ટરી ઉપર પડશે

કોરોના વાયરસથી સૌરાષ્ટ્રના વેપાર પર માઠી અસર, પોર્ટ પર કરોડોનો માલ ફસાયો

રાજકોટ

ચીનમાં જે રીતે કોરોનાવાયરસ હાહાકાર મચાવી રહ્યો છે તેની સીધી અસર રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અલગ-અલગ ઉદ્યોગો પર જોવા મળી રહી છે. ખાસ કરીને રાજકોટમાં જે ઉદ્યોગો ચાલી રહ્યા છે તેમાં મોટાભાગના ઉદ્યોગોનું સીધું કે આડકતરું કનેક્શન ચીન સાથે જોડાયેલું છે. રાજકોટમાં મુખ્યત્વે કોટનની નિકાસ થાય છે અને રાઉન્ડ બ્રાર તથા મશીનરીની આયાત કરવામાં આવે છે.

હાલ આયાત નિકાસકરો થોભો અને રાહ જુઓની પરિસ્થિતિમાં આવી ચૂક્યા છે. બીજી તરફ રાજકોટમાંથી અંદાજે ૬૦ થી ૭૦ લાખ ગાંસડી કોટનની નિકાસ ચીનમાં થાય છે. આ વર્ષે સારો વરસાદ થવાના કારણે કોટનનું ઉત્પાદન સારું થયું છે. જેથી ચીનની માંગ પણ સારી છે. ત્યારે કોટન માર્કેટ પણ કોરોનાવાયરસની ઝપેટમાં આવી ચૂક્યું છે .

આ વર્ષે સૌરાષ્ટ્રમાં મગફળીનું પણ પુષ્કળ ઉત્પાદન થયું છે. જેથી સૌરાષ્ટ્રમાંથી સિંગદાણા અને સિંગતેલ ચીનમાં મોકલવામાં આવે છે. પરંતુ આ વાયરસને કારણે સિંગતેલ અને સિંગદાણાના કન્ટેનરો પોર્ટ પર અટવાઈ ચૂક્યા છે અને અંદાજીત ૧૦૦ કરોડ જેટલો માલ ફસાયો છે.

ઉલ્લેખનીય છે કે ચીનની તેલીબીયામાં ખરીદી જોવા મળે છે. ચીનમાં લોકોની અવર-જવર બંધ કરાતા પોર્ટ ઉપર મજૂરો આવતા બંધ થઈ જતા સૌરાષ્ટ્રમાંથી મોકલાવેલા અંદાજિત ૨૦૦ કન્ટેનર ખાલી કર્યા વગર પોર્ટ પર ફસાયેલા છે.

સૌરાષ્ટ્રમાં અને ખાસ કરીને રાજકોટ તથા મોરબીથી બિઝનેસ હેતુ માટે સતત ચીનમાં અવરજવર કરતાં ઉદ્યોગકારો પણ કોરોનાવાયરસથી ડરી પોતાની ટૂર કેન્સલ કરાવી રહ્યા છે.સૌરાષ્ટ્રમાંથી દર અઠવાડિયે અંદાજિત ૫૦ જેટલા કોર્પોરેટ લોકો ચીનની વિઝીટ માટે જતા હોય છે. તો બીજી તરફ ચીનથી પણ ટેકનિશિયન અને ઉદ્યોગકારો સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓમાં આવતા હોય છે. કોરોનાવાયરસની સૌથી વધુ અસર મોરબીમાં સિરામિક અને ટાઈલ્સની ફેક્ટરી ઉપર પડશે. સિરામિક ટાઈલ્સની મોટી ફેક્ટરીઓમાં ચીનથી આવેલા ટેક્નિશિયનો કામ સંભાળતા હોય છે. અંદાજિત ૫૦૦ જેટલા ચીનના વ્યક્તિ હાલ મોરબીમાં વસવાટ કરે છે.

સગીર પ્રેમી યુગલે મંદિરની પાછળના ઝાડ પર લટકી આપઘાત કર્યો

અરવલ્લી

પ્રાપ્ત માહિતી મુજબ, માલપુર નગરમાં રહેતા ૧૭ વર્ષીય સગીર યુવકને નજીકના વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય સગીરા સાથે પ્રેમ થતા એકબીજાના પ્રેમમાં ઓતપ્રોત બન્યા હતા આ પ્રેમી યુગલ સાથે જીવવા મરવાના કોલ પણ આપ્યા હતા ત્યારે સમાજ પ્રેમી યુગલને નહી સ્વીકારે અને એક-બીજાને ભેગા રહેવા નહી દયે એવો અહેસાસ થતા સગીર પ્રેમી યુગલે બન્નેએ સાથે જીવી નહી શકાય પરંતુ બન્ને સાથે તો મરી જ શકાય એવો નિર્ણય લઈને રવિવારે ઘરેથી નીકળી ગયા પછી માલપુર નજીક આવેલા ગેલી માતાના મંદિરના ડુંગર પર ઝાડ સાથે દોરડું બાંધી બન્ને સજોડે આત્મહત્યા કરી લેતા બન્ને પ્રેમી યુગલે પ્રેમનો અંત લાવતા માલપુર ગામમાં અને સગીર યુવક-યુવતીના પરિવારજનોમાં ભારે હાહાકાર મચી ગયો છે. માલપુર પોલીસે બંને મૃતક સગીર યુવક-યુવતીના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ભણવા બાબતે માતા પિતાએ ઠપકો આપતાં ધો-૧૦નો વિધાર્થી ઘર છોડીને જતો રહ્યો

અમદાવાદ

શહેરમાં વિદ્યાર્થીઓ ગુમ થવાના કિસ્સા દિવસે ને દિવસે વધી રહ્યા છે. માતા-પિતા બાળકોને ભણવા કે સ્કૂલે ન જવા બાબતે ઠપકો આપતાં હોવાથી તે ઘર છોડીને જતાં રહે છે ત્યારે આવા જ એક કિસ્સામાં સોલા વિસ્તારમાં રહેતા ધોરણ-૧૦ના વિદ્યાર્થીને પિતાએ ભણવા બાબતે ઠપકો આપ્યા બાદ વિદ્યાર્થી રહસ્યમય રીતે ગુમ થઈ જવાની ઘટના બનતાં ચકચાર મચી જવા પામી છે.

પોલીસે વિદ્યાર્થીની શોધખોળ શરૂ કરી છે. સોલામાં આવેલ સાયોના સિટીમાં રહેતા પ્રદ્યુમન ચુડાવતે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. તેમનો દીકરો બ્રિજરાજસિંહ ધોરણ-૧૦માં અક્ષર વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો અને તે બોર્ડમાં નાપાસ થતાં ઘરે બેસીને પરીક્ષાની તૈયારી કરે છે.

સવારે પ્રદ્યુમનસિંહનાં પત્ની ઊઠ્યાં ત્યારે તેમનો દીકરો ઘરમાં હાજર ન હતો. ત્યારબાદ પ્રદ્યુમનસિંહે સોલા વિસ્તાર તેમજ આજુબાજુ, રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ તથા અન્ય સ્થળ પર તેની શોધખોળ કરી હતી. ત્યારબાદ અન્ય લોકોએ બ્રિજરાજસિંહની શોધખોળ કરી, પરંતુ તેનો કોઈ પત્તો મળી આવ્યો ન હતો, ગઈ કાલે સાંજે પિતાએ પુત્રને અભ્યાસ બાબતે ઠપકો આપ્યો હતો, જેથી તેને મનમાં લાગી આવતાં તે ઘરેથી જતો રહ્યો હતો. ત્યારબાદ સોલા પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થી કોઈક કારણસર ક્યાંક ચાલી ગયો છે અથવા કોઈક અજાણ્યો ઈસમ તેનું અપહરણ કરી ગયાની શંકા વ્યક્ત કરી પોલીસને જાણ કરી હતી. આ અંગે પોલીસે ફરિયાદ દાખલ કરી ગુમ થયેલ વિદ્યાર્થીની શોધખોળ શરૂ કરી છે.

કુપોષણ સામે સરકારે જંગના મંડાણ કર્યા: તમામ અધિકારીઓ ત્રિદિવસીય અભિયાનમાં જોડાશે

ગાંધીનગર

રાજ્ય સરકારે કુપોષણ મુક્ત અભિયાન માટે અલગથી સુપોષણ નિધિનું આયોજન કર્યું છે. જેના પગલે ગુરુવારથી રાજયભરમાં ગુજરાત પોષણ અભિયાનની શરૂઆત કરવામાં આવશે. ગુજરાતમાં કુપોષણ સામે સરકારે જંગના મંડાણ કર્યા છે જેના પગલે આજથી ૧ ફેબ્રુઆરી એટલે કે ત્રણ દિવસ સુધી રાજ્યનું પ્રધાન મંડળ, બોર્ડ નિગમના ચેરમેન, આઇપીએસ, આઇએએસ અને આઇએફએસના ઉચ્ચ અધિકારીઓ પણ આ અભિયાનમાં જોડાશે.

ત્રણ દિવસ સુધી તેમને ફાળવાયેલા જિલ્લા મથકો તેમજ સ્થળો ઉપર કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો થકી લોકોને માહિતગાર કરશે. નોંધનીય છે કે સતત ત્રણ દિવસ સુધી ચાલનારા આ અભિયાનમાં એક હજારથી વધુ સ્થળોને આવરી લેવામાં આવ્યા છે. જેનું મોનિટરિંગ ગુજરાત રાજ્ય બાળ મહિલા કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવશે .બીજી તરફ ગુરુવારથીથી શરૂ થનારા રાજ્યવ્યાપી આ અભિયાનના કારણે મંત્રી મંડળ તેમજ ઉચ્ચ અધિકારીઓની ગેરહાજરીના કારણે સ્વર્ણિમ સંકુલ અને સરકારનું વહીવટીતંત્ર ઠપ્પ થશે. આવતા સપ્તાહથી જ મંત્રીઓ તેમજ અધિકારીઓ સચિવાલયમાં જોવા મળશે. અભિયાન અંતર્ગત સતત ત્રણ દિવસ સુધી સુપોષણ ગુજરાત માટે વિભાગ દ્વારા તૈયાર કરાયેલા વિવિધ કાર્યક્રમો અનુસાર અભિયાન આગળ ધપાવાશે. બાળકોની તંદુરસ્ત સ્પર્ધાથી માંડીને અનેકવિધ કાર્યક્રમો આ માટે ઘડી કાઢવામાં આવ્યા છે.

બીમારી દૂર કરવાના બહાને યુવતી પાસેથી ૨ લાખની છેતરપિંડી, તબીબની ધરપકડ

વડોદરા

લકવાની બિમારી દૂર કરવાના નામે યુવતી પાસેથી રૂપિયા ૨ લાખની છેતરપિંડી કરનાર બોગસ તબીબ ઇનામુદ્દીન હફીઝ મહોમ્મદ શેખની રાવપુરા પોલીસે ધરપકડ કરી છે. બોગસ તબીબે ગોત્રી વિસ્તારમાં રહેતા વિજય પુરોહિત પાસેથી ૫૦ હજાર અને વારસીયા વિસ્તારમાં રહેતા બ્રિજમોહન પાસેથી સારવારના નામે ૩૫ હજાર રૂપિયાની છેતરપિંડી કરી હતી. બોગસ તબીબે લકવાગ્રસ્ત યુવતીના પગમાંથી ખરાબ લોહી કાઢવાના એક ટીપાના રૂપિયા ૩૦૦૦ પ્રમાણે ૭૯ ટીપા કાઢીને ૨.૩૭ લાખનું બીલ દર્દીના પરિવારને આપ્યું હતું. જે પૈકી પરિવારે ૮૫ હજાર રોકડા અને ૧.૧૫ હજારનો ચેક બોગસ તબીબને આપ્યો હતો.

દરમિયાન બોગસ ડોકટર ઈનામુદ્દીન હફીઝ મહોમ્મદ શેખ દિવાળીના સમયમાં લકવાગ્રસ્ત માનસીના ઘરે પહોંચી ગયો હતો. અને લકવાની બીમારીની સારવારનું નાટક શરૂ કર્યું હતું. લકવાગ્રસ્ત યુવતીના ડાબા પગમાં પિત્તળની પાઈપથી ખરાબ લોહી કાઢવું પડશે. અને એક ટીપું ખરાબ લોહી કાઢવાના રૂપિયા ૩૦૦૦ પરિવાર સાથે નક્કી કર્યા હતા. બોગસ ડોક્ટરે ૭૯ ટીપા કાઢીને રૂપિયા ૨.૩૭ લાખ થયા હોવાનું પરિવારને જણાવ્યું હતું. પરિવારે બીલમાં ઘટાડો કરવાનું જણાવતા ભેજાબાજે રૂપિયા ૩૭ હજાર ઓછા કરી આપ્યા હતા. જોકે રૂપિયા લીધા બાદ બોગસ ડોક્ટર ફરાર થઈ જતા યુવતીએ રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અને રાવપુરા પોલીસે આરોપી બોગસ ડોક્ટરની ધરપકડ કરી હતી.

યુવતીના ૨૦ ફેક એકાઉન્ટ બનાવી બીભત્સ લખાણ લખનાર યુવક ઝડપાયો

અમદાવાદ

અમદાવાદના સેટેલાઇટમાં એક બ્યુટી પાર્લરમાં કામ કરતી યુવતીએ ઇન્સ્ટાગ્રામ પર બિઝનેસ એકાઉન્ટ બનાવ્યું હતું. જેના થકી અંકિત સોલંકી નામના યુવક સાથે એક વર્ષ પહેલાં મિત્રતા થઈ અને યુવતીને છોકરાઓ મિત્ર હોવાથી વહેમ રાખતા ઝઘડો થયો હતો. જે વાતનું મનદુઃખ થતા યુવતીના નામથી અશ્લીલ શબ્દો સાથે ફેક આઇડી બનાવ્યા અને એ પણ એક બે કે ત્રણ નહિ પણ ૨૦ જેટલા એકાઉન્ટ આ યુવતીના નામના બનાવી દીધા હતા. બાદમાં તે એકાઉન્ટ પરથી યુવતી અને તેની મિત્રને ગાળો આપી અને ફેક આઇડીમાં બંનેના મોબાઈલ નંબર મૂકી લોકોને ફોન કરાવતો હતો. સાયબર ક્રાઈમે આ અંગે ફરિયાદ લેતાની સાથે જ આરોપીની પાટણથી ધરપકડ કરી છે.

સાયબર ક્રાઈમના ઈન્ચાર્જ એસીપી વી બી બારડે જણાવ્યું છે કે ઈન્સ્ટાગ્રામ પર ૨૦ ફેક આઈડી બનાવી યુવતીને હેરાન કરનાર અંકિત સોલંકી પાટણનો રહેવાસી તેમજ મિકેનિકલ એન્જીનીયર તરીકે મહેસાણામાં અભ્યાસ કરે છે. તેના માતા પિતા સરકારી શાળામાં શિક્ષક છે. જ્યારે આ અંકિત નામનો આરોપી બીભત્સ ગાળો બોલતો ત્યારે યુવતી તેને પોલીસ ફરિયાદ કરાવનું કહેતી હતી. ત્યારે આરોપી પોતાના કાકા આઇપીએસ ઓફિસર હોવાનું જણાવી તેનું પોલીસ કશું બગાડી નહીં શકે તેવી ધમકી યુવતીને આપતો હતો, પણ હકીકતમાં પોલીસે તેની પર કેસ કરી ધરપકડ કરી છે.

દેરાણીને માર મારી સળગાવી નાખવાનો પ્રયાસ કરાયો

જેઠાણીએ પતિ સાથે દેરાણીને રૂમમાં પૂરી દીધી, દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

અમદાવાદ શહેરના ચાંદખેડામાં રહેતી એક પરિણીતાએ પોતાના સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. આક્ષેપ પ્રમાણે પરિણીતાની જેઠાણીએ તેના પતિ અને તેને રૂમમાં બંધ કરી દીધા હતા, જે બાદમાં જેઠાણીના પતિએ તેની સાથે કુકર્મ કર્યું હોવાનો આક્ષેપ ફરિયાદીએ લગાવ્યો છે. આટલું જ નહીં, પરિણીતા પર પેટ્રોલ છાંટી સળગાવી દેવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.

મૂળ હરિયાણાની યુવતીનાં વર્ષ ૨૦૦૯માં લગ્ન થયા હતા. બાદમાં ગુજરાતમાં આવીને તેઓ વસતા હતા. સાબરમતી વિસ્તારમાં મકાનમાં સાસરિયાઓ સાથે આ પરિણીતા રહેતી હતી. છેલ્લા ઘણા સમયથી જ સાસરિયાઓ તેને ત્રાસ આપતા હતા. થોડા સમય પહેલા પરિણીતાની જેઠાણીએ એક ષડયંત્ર રચ્યું હતું. જેમાં તેણે પોતાના પતિને અને દેરાણીને એક રૂમમાં બંધ કરી દીધા હતા.

જેઠાણીના પતિએ ફરિયાદની યૌન શોષણ કર્યું હતું. આ સમયે પરિણીતાએ આનાકાની કરતા તેને માર પણ મારવામાં આવ્યો હતો. બાદમાં આ અંગે સાસુ તથા અન્ય લોકોને જણાવતા તેમણે પણ માર માર્યો હતો અને ફરી એકવાર મકાનમાં બંધ કરી દીધી હતી. અહીં પરિણીતાને દંડાથી માર માર્યો બાદ જેઠ અને સાસુએ તેને પેટ્રોલ છાંટી સળગાવવાની કોશિષ કરી હતી. આ સમયે મહિલાએ બૂમાબૂમ કરતા પાડોશીઓ આવી ગયા હતા અને આખરે મહિલાને મુક્ત કરાવી હતી. મહિલાએ કંટાળીને પોલીસનો સંપર્ક સાધી ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૧૪૭,૧૪૯, ૩૨૩, ૩૪૨, ૩૭૬, ૫૦૬ મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પંડિત દિનદયાલ ઓડીટોરીયમ ખાતે આવતીકાલથી ૩ દિવસ કોન્ફરન્સ

૨૫ વર્ષમાં પ્રથમવાર રાજ્યમાં પેથોલોજી વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાશે

અમદાવાદ

એઆઈઆઈસીએમઈ-૨૦૨૦ની ૨૫મી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ એ અ ા ઈ પી એ ન એ - આઈસીપીનું આયોજન બી.જે.મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સના માધ્યમથી યુએસએ, કેનેડા, ઓસ્ટ્રેલીયા સહિતના દેશોના નિષ્ણાંત તબીબો પેથોલોજીમાં થઈ રહેલા નવા સંશોધનો અંગેની જાણકારીનું આદાન પ્રદાન કરશે.

આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ૧૩ વિદેશના અને ૧૪ ભારત દેશના કુલ ૨૭ જેટલા પેથોલોજી તબીબો દ્વારા જુદા જુદા સંશોધનો અંગે ત્રણ દિવસ લેક્ચર આપવામાં આવશે. આ અંગે પેથોલોજી વિભાગના મુકેશ મહેશ્વરીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદીમાં પેથોલોજીને લગતા તમામ પ્રકારના ઈન્વેસ્ટીગેશનનું મહત્વ રોગના નીદાન અને સારવાર માટે ખુબ જ મોટુ સ્થાન ધરાવે છે.

હવે પેથોલોજી વિભાગ ફક્ત નિદાન પુરતુ સીમિત નથી પરંતુ દર્દીને કઈ સારવાર આપવી ત્યાં સુધીનું થઈ ગયું છે. આ કોન્ફરન્સમાં વિશ્વમાં થયેલા પેથોલોજી રીસર્ચની જાણકારી તબીબોને મળશે જેનો લાભ દર્દીઓને પણ થશે. કોન્ફરન્સમાં કેન્સર, ચેપીરોગ, જીનેટીક રોગગો સહિતના વિષય પર વ્યાખન અને કેસ સ્ટડી પણ રજૂ કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં ડબ્લ્યુએચઓની નવી ગાઈડલાઈન, નવા સંશોધનો રજૂ કરવામાં આવશે અને કોન્ફરન્સના કારણે ઈન્ટરનેશનલ નોલેજ એક્સચેન્જ થશે.

નોંધનીય છે કે, છેલ્લા ૨૫ વર્ષથી દર વર્ષે આ કોન્ફરન્સ દેશના જુદા જુદા ભાગોમાં યોજવામાં આવે છે. આ વર્ષે પહેલીવાર અમદાવાદના પંડિત દિન દયાલ ઓડીટોરીયમ ખાતે ૩૧ જાન્યુઆરીથી ૩ દિવસ કોન્ફરન્સ યોજાવાની છે. જેમાં દેશમાંથી ૭૬૩ લોકો ભાગ લઈ રહ્યાં છે તે પણ એક નવો રેકોર્ડ છે. આ પહેલાં વર્ષ ૨૦૦૦ યોજાયેલી કોન્ફરન્સમાં ૪૬૦ લોકોએ ભાગ લીધો હતો જે રેકોર્ડ આ વર્ષે તુટશે.

૪.૫૦ રૂપિયાની થેલી માટે મોલને ૧૫૦૦નો દંડ ફટકારાયો

અમદાવાદ

ગુજરાત સહિત સમગ્ર દેશમાં સિન્ગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાદી દેવામાં આવતા અમદાવાદના મોલ ધારકોએ પણ ગ્રાહકોને થેલી આપવાનું બંધ કરી દીધું હતું. જેની સામે થેલીની કિંમત વસૂલવામાં આવતી હોવાથી એક જાગૃત ગ્રાહકે ગ્રાહક કોર્ટમાં થેલીની કિંમત વસૂલવા સામે કેસ કર્યો હતો. જેમા કોર્ટે મોલને ૧૫૦૦ રૂપિયાનો દંડ ફટકારી મોલની બહાર કેરી બેગ મફત નહીં મળે તે લખવા સૂચના આપી હતી.

અમદાવાદના એક મોલમાં ગ્રાહકે ગ્રોસરી સહિતની વસ્તુઓ ખરીદી હતી. કેસ કાઉન્ટર પર જતા ગ્રાહકે કેરી બેગની માંગણી કરી હતી. ત્યારે તેને જવાબમાં કેરી બેગ મફત નથી તમારે થેલીના ૪.૫ રૂપિયા ચૂકવવાના રહેશે. જેથી ગ્રાહકે બે કેરીબેગના ૯ રૂપિયા ચૂકવ્યા હતા. ઘટના બાદ ગ્રાહકે મોલ વિરુદ્ધ ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. જેમા કોર્ટે મોલ પર ૧૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

ગ્રાહકના વકીલે કોર્ટમાં રજૂઆત કરી કે, કેરી બેગ માટે ચાર્જ કરવો એ કાયદેસર યોગ્ય નથી. અન્ય શોપવાળા વસ્તુની ખરીદી બાદ મફતમાં બેગ આપે છે. ત્યારે મોલમાં કેરીબેગ માટે ગ્રાહક સાથે માથાકૂટ કરવામાં આવી રહી છે. ત્યારે મોલના વકીલે પોતાની રજૂઆતમાં જણાવ્યું કે, પર્યાવરણને નુકસાન ન પહોંચે તે માટે પ્લાસ્ટિકની કેરીબેગ પર પ્રતિબંધ છે. ત્યારે અલગ-અલગ ડિઝાઈનની થેલીઓ માટે હવે ચાર્જ લેવામાં આવે છે. કોર્ટે બંન્ને પક્ષની વાતો સાંભળી અંગે ગ્રાહકના પક્ષમાં નિર્ણય લીધો હતો.

‘નારાજ’ મનસુખ વસાવાનું આદિવાસી આંદોલનકારીઓને સમર્થન આપ્યું

ગાંધીનગર

ગાંધીનગર ખાતે ખોટા આદિવાસી પ્રમાણ પત્રો લીધા હોવા છતાં આંદોલન કરતા લોકો સામે અસલ આદિવાસીઓને મોરચો માંડ્યો છે. આદિવાસી સમાજ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરવામાં આવી રહ્યું છે, જેને અનેક ધારસભ્યો અને સાંસદો તરફથી સમર્થન મળી રહ્યું છે. હવે આ યાદીમાં સાંસદ મનસુખ વસાવાનું નામ પણ જોડાયું છે. મંગળવારે જ આ મામલે સરકાર સામે બાંયો ચડાવનાર મનસુખ વસાવા બુધવારે આંદોલન કરી રહેલા અ ા દ વ ા સ ી આંદોલનકારીઓને સમર્થન આપવા પહોંચ્યા હતા. તેમજ દાહોદના ધારાસભ્ય વજુભાઈ પણદા અને ઝાલોદના યુવા ધારાસભ્ય ભાવેશ કટારા પણ આંદોલનકારીઓને સમર્થન માટે સત્યાગ્રહ છાવણી છે. ભાજપના વધુ એક નેતાની ભાજપ અને અધિકારીઓ સામેની નારાજગી સામે આવી છે. ભરૂચના ભાજપના સાંસદ મનસુખ વસાવાએ અધિકારીઓની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે, અધિકારીઓ ગાંઠતા જ નથી અને ગુજરાતમાં અધિકારીઓનું જ રાજ ચાલે છે. સરકાર કોઈપણ હોય જો આદિવાસીઓના હિતની વાત હશે તો હું બધા સામે લડીશ.

સોમનાથ ભૂદેવના હસ્તે ભૂમિપૂજન વિધિ કરાવવા બિલ્ડરે પોતાનું ચાર્ટડ હેલિકોપ્ટર મોકલ્યું

વેરાવળ

વાપીના બિલ્ડર પિયુષભાઈ મહેતાએ સોમનાથના ભૂદેવ નાનુભાઈના હસ્તે ભૂમિપૂજન કરાવવા માટે પોતાનું ચાર્ટડ હેલિકોપ્ટર સોમનાથ વેરાવળ મોકલ્યું હતું. સોમનાથના રામવાડી પાસે રહેતા નાનુભાઈ કર્મકાંડી ભૂદેવ અને જ્યોતિષ પણ છે. નાનુભાઈએ ૧૨ વર્ષ પહેલા પિયુષભાઈ ઉનામાં રહેતા હતા ત્યારે કહ્યું હતું કે,વાપીની ભૂમિ તને ફળશે અને તે વાત સાચી પડી.

પિ ય ૂ ષ ભ ા ઈ એ નાનુભાઈની આ ભવિષ્યવાણી આજ સુધી યાદ રાખી છે. પીયૂષણભાઈ રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ત્યારે તેના ભૂમિપૂજન માટે નાનુભાઈને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ પીયૂષભાઈનું આમંત્રણ આવ્યું ત્યારે નાનુભાઈનાં ઘરે પણ પ્રસંગ હતો. નાનુભાઈનાં ઘરે ૨૭ તારીખથી ત્રણ દિવસનો પ્રસંગ હતો અને પિયુષભાઈને ત્યાં વાપીમાં ૨૬ તારીખે ભૂમિપૂજન હતું. જેથી યજમાન પિયુષભાઈએ ખાસ નાનુભાઈને લેવા માટે ચાર્ટર્ડ હેલિકોપ્ટર મોકલ્યું હતું. સોમનાથથી દિવ આવવા કારની વ્યવસ્થા કરી આપી અને દિવથી દમણ સુધી ચાર્ટર્ડ હેલિકોપ્ટર દ્વારા નાનુભાઈને લઈ જવામાં આવ્યા હતા. દમણથી વાપી સુધી પણ કાર દ્વારા નાનુભાઈ બિલ્ડરની જગ્યા પર પહોંચી ભૂમિપૂજન માટેની વિધિ કરી હતી. બે કલાક ગણપતિ અને વરાહ સ્થાપન કરી વિધિ કરી હતી. વિધિ બાદ નાનુભાઈ ફરી પોતાનાં ઘરના પ્રસંગોમાં સામેલ થવા સોમનાથ પહોંચ્યા હતા.

પ્લાસ્ટિકની થેલીમાંથી નવજાત બાળક મળી આવતા હાહાકાર

અમદાવાદ

અમદાવાદ શહેરનાં ખોખરાનાં ભાઈપુરા વિસ્તારમાંથી નવજાત બાળક મળી આવ્યું છે. ત્યાં સ્થાનિક લોકોની ચર્ચા પ્રમાણે અહીં મહિલા એક કોથળી મુકીને ગઈ હતી. બાદમાં જાણ થઈ કે તેમાં એક બાળક છે. એક અજાણી મહિલા પ્લાસ્ટિકની થેલીમાં બાળકને તરછોડીને ચાલી ગઈ હોવાની આસપાસનાં લોકોમાં ચર્ચા ચાલી રહી છે. આ બાળક મળી આવ્યું ત્યારે તેના શરીર પર કોઈ કપડા જ ન હતાં. આ બાળકને જન્મતાની સાથે જ તરછોડવામાં આવ્યાંનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે, આ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. આ નવજાતને અહીં કોણ, ક્યારે અને કેવા સંજોગોમાં મુકી ગયું છે તે અંગેની તપાસ ચાલી રહી છે. આ વિસ્તારમાં આવેલા સીસીટીવી કેમેરામાં પણ આ અંગેની તપાસ કરવામાં આવશે.

નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા બનાસકાંઠાનાં લાખણી ગામે હાડ થીજવતી કડકડતી ઠંડીમાં ગત ૯મી જાન્યુઆરીએ આંતરડા બહાર આવી ગયા હોય તેવી હાલતમાં એક નવજાત બાળકી મળી આવી હતી. મા-બાપ દ્વારા તરછોડાયેલી તાજી જન્મેલી આ બાળકીને બાળ શિશુ ગૃહ દ્વારા સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલનાં પીડિયાટ્રિક વિભાગની ટીમે તાત્કાલિક આ બાળકીનું ઓપરેશન કરીને નવી જિંદગી બક્ષી છે, આ બાળકીનો ચમત્કારિક બચાવ થયો છે. સિવિલના ડોક્ટરો અને નર્સો આ બાળકીને પોતાની દીકરીની માફક પ્રેમ-હૂંફથી રાખી રહ્યા છે અને તેમણે આ બાળકીનું નામ ધ્વનિ રાખ્યું છે તેમ સિવિલ હોસ્પિટલ ખાતે સવારે પત્રકાર પરિષદ યોજી ડોક્ટરોએ જાહેર કર્યું હતું.

સગીર વિધાર્થીનીને હવસનો શિકાર બનાવતા શિક્ષકની ધરપકડ

અમદાવાદ

બાવળામાં પંચશીલ સોસાયટીમાં રહેતાં દર્શનભાઈ જયેશભાઈ સોની શ્રીનગર સોસાયટીમાં સહજાનંદ કલાસીસ અને બાવળાની ગર્લ્સ સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતો હતો. તેના કલાસીસમાં બાવળામાં રહેતી ૧૫ વર્ષની સગીરા ટ્યુશન જતી હતી. સાંજે ટ્યુશનથી ઘરે આવ્યા બાગ સગીરાને ચક્કર આવતાં તે સૂઈ ગઈ હતી. બીજા દિવસે સ્કૂલમાં પણ ચક્કર આવતાં સગીરાની મિત્ર તેને ઘરે મૂકી ગઈ હતી. ઘરે આવીને તેની મિત્રએ સગીરાની માતાને કહ્યું કે, હવેથી તેને ટ્યુશન મોકલતાં નહીં.

આ વાત સાંભળીને જ માતાને ધ્રાસ્કો પહોંચ્યો હતો. જે બાદ બીજા દિવસે સગીરા એક્ટિવા લઈને બહાર નીકળી હતી, અને ઘરે મોટી મમ્મીનાં ઘરે જઉ છું તેવું કહ્યું હતું. પણ જ્યારે પિતા ઘરે આવ્યા તો તેઓએ આ મામલે સગીરાની તપાસ કરી હતી. સગીરાનું એક્ટિવા ટ્યુશન ક્લાસના સરના ઘરની બહાર પડ્યું હતું. ઘરનો દરવાજો બંધ હતો. સગીરાના પિતાને જોઈ શિક્ષક ભાગી ગયો હતો.

જે બાદ સગીરાએ કહ્યું કે, શિક્ષકે દાખલા ગણવાના બહાને તેને બોલાવી હતી અને હું ઘરે આવતાં તેમણે ઘરનો દરવાજો અંદરથી બંધ કરી દઈને મને શેટી ઉપર સૂવડાવી દઈને કીસ કરીને શરીરે અડપલા કરતાં હતાં. અગાઉ પણ ઘરમાં બોલાવીને મારી સાથે દુષ્કર્મ કર્યું હતું. સ્કૂલમાં પણ મને અવાર-નવાર લાઈબ્રેરીમાં બોલવતાં હતા. આ મામલે પોલીસે આરોપી શિક્ષકની ધરપકડ કરી છે.

દાણીલીમડા કોર્પોરેટર પાંચ કલાકના જામીન લઈ એએમસીની સામાન્ય સભામાં હાજર રહ્યા

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભા બુધવારના રોજ મળી હતી પરંતુ ભારે હોબાળો થતા આ સભા બરખાસ્ત કરવી પડી હતી. સામાન્ય સભામાં શાહઆલમ તોફાનના કેસમાં આરોપી કોર્પોરેટર શહેજાદખાન પઠાણ હાજર રહ્યો હતો. બોર્ડમાં હાજર રહેવા માટે કોર્ટે તેને પાંચ કલાકના જામીન આપ્યા છે. કોર્પોરેશનની સામાન્ય સભામાં પોલીસ કસ્ટડી સાથે પહેલીવાર આવા કોર્પોરેટર હાજર થયા હોય તેવી આ પહેલીવાર ઘટના બની નથી. ભૂતકાળમાં કોર્પોરેટર રહી ચૂકેલા કુખ્યાત ડોન અબ્દુલ લતીફ શેખ ઉપરાંત હસનલાલા અને ગુફ્રુખાન પણ જેલમાં હતા ત્યારે કોર્ટના ઓર્ડર સાથે જેલમાંથી કોર્પોરેશનની સામાન્ય સભામાં હાજરી આપવા માટે આવતા હતા.

ડોન અબ્દુલ લતીફ ૧૯૮૭માં થયેલી કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી કાલુપુર, રાયખડ, દાણીલીમડા, જમાલપુર અને દરિયાપુરમાંથી કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવ્યો હતો. બાદમાં તેની સામે કેસો થયા હતા, જેમાં તે જેલમાં બંધ હતો. કોર્પોરેશનની સામાન્ય સભામાં હાજર રહેતો હતો ત્યારે પોલીસ છાવણીમાં આખું કોર્પોરેશન ફેરવાઈ જતું હતું ત્યારે બુધવારે શહેજાદખાન પણ પોલીસ જાપ્તા સાથે સામાન્ય સભામાં હાજર રહ્યો હતો.

બે સામાન્ય સભામાં તે ગેરહાજર રહ્યો હોવાને કારણે આગામી ત્રીજી સામાન્ય સભામાં તેને હાજર રહેવું ફરજીયાત બન્યુ છે. કોઈપણ કોર્પોરેટર સળંગ ત્રણ સામાન્ય સભામાં ગેરહાજર રહે તો તે ડીસ્કવોલીફાઈ થાય છે. જેથી શહેઝાદે સભામાં હાજર રહેવા કોર્ટમાંથી જામીન માંગ્યા હતા કોર્ટે તેને પાંચ કલાકના જામીન આપ્યા હતા અને તે સભામાં હાજર રહ્યો હતો.

ખભાનું થ્રીડી મોડેલ બનાવડાવીને તબીબોએ દર્દીના ખભાની સર્જરી કરી

વડોદરા

વડોદરા શહેરની ગોત્રી સરકારી હોસ્પિટલના તબીબોએ દાતાઓના સહયોગથી મુંબઈમાં ખભાનું થ્રીડી મોડેલ બનાવડાવીને દર્દીના ખભાની સર્જરી કરી છે. વડોદરા શહેરના દર્દીનો ખભો વારંવાર ખસી જતો એટલે કે ઉતરી જતો હતો. જેથી તેઓને વારંવાર દવાખાને જવું પડતુ હતું. અને તેઓ પરેશાન થઈ ગયા હતા. તેઓ જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, ગોત્રીમાં સારવાર હેઠળ હતા. તબીબો પણ તેમની આ તકલીફથી મૂંઝવણમાં હતા. દર્દીની સારવાર કરતા ડો.તેજસ ચોવટીયાએ ડો.શ્રીવાસ્તવ અને ડો.સ્મિત શાહ સાથે આ બાબતનો પરામર્શ કર્યો હતો અને થ્રીડી બોન મોડેલ બનાવીને સર્જરી કરવાનું નક્કી કર્યું હતું. જોકે આ સર્જરી ખુબ ખર્ચાળ હોવાથી તેમના સેવાભાવી મિત્રો મદદે આવ્યા આવ્યા હતા. અને ૨૦થી ૨૫ હજાર રૂપિયાનો ખર્ચ ઉઠાવી લીધો હતો. ત્યારબાદ દર્દીના ખભાના સોકેટનું થ્રીડી પ્રિન્ટિંગ આધારિત બોન મોડેલ મુંબઈમાં તૈયાર થયું હતું. ડો.તેજસ ચોવટીયાએ જણાવ્યું હતું કે, રાજયની સરકારી હોસ્પિટલમાં થ્રીડી બોન મોડલના આધારે થયેલી કદાચ આ પ્રથમ શસ્ત્રક્રિયા છે. આવી સર્જરી ખાનગી દવાખાનાઓમાં પણ જવલ્લેજ થાય છે. કારણ કે થ્રીડી પ્રિન્ટિંગ ટેક્નોલોજી હજી દવાખાનાઓમાં ભાગ્યે જ ઉપલબ્ધ છે.

રાજ્યમાં ઠંડીનું જોર ફરી વધશે, બે દિવસ કોલ્ડવેવની આગાહી

અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા બે દિવસમાં લઘુતમ તાપમાન ૩થી ૪ ડિગ્રી વધ્યુ છે. જેના કારણે ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે અને લોકોએ રાહત અનુભવી હતી. જોકે આ રાહત અલ્પજીવી છે કારણ કે ફરી એક વખત ગુજરાતમાં ઠંડીનુ જોર વધવાની આગાહી છે.

ગુજરાતમાં ઉત્તર-પશ્ચિમના પવનો ફુંકાતાની સાથે લઘુતમ અને મહત્તમ તાપમાન ઘટશે. જેના કારણે ઠંડીનુ જોર વધશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવની આગાહી હવામાન વિભાગે કરી છે. હવામાન વિભાગના ડાયરેકટર ડૉકટર જયંત સરકરે જણાવ્યું છે કે ભાવનગર,રાજકોટ કચ્છમાં કોલ્ડવેવની સ્થિતિ રહેશે. એટલે કે જ્યા કોલ્ડવેવની સ્થિતિ રહેશે ત્યા લઘુતમ તાપમાન ૪.૫ ડિગ્રી અથવા તો તેનાથી ઓછુ રહેવાની સંભાવના છે. આગામી ૪૮ કલાકમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનુ જોર વધી જશે. ગુજરાત ઉપર સુકા અને ઠંડા પવન ફુકાશે. જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાશે.

ગર્ભપાત
પહેલા પાનાથી ચાલુ

કરાવી શકાય છે.

આ ઉપરાંત કેબિનેટે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણયને લીલીઝંડી આપી છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ભારતના તમામ પોર્ટ પર ૨૮,૦૦૦ લોકો કામ કરે છે અને આ બધાને બોનસના બદલે પ્રોડક્ટિવિટી લિંક રિવાર્ડ મળતા હતાં આ યોજના ૨૦૧૭-૧૮માં સમાપ્ત થઈ. પણ તેને આગળ વધારતા હવે રિવોર્ડ જહાજના કુલ નફા નુકસાન પર આધારિત હશે. જેનાથી તમામ કર્મચારીઓને લાભ મળશે. ભારતના તમામ પોર્ટ પર ૨૮ હજાર લોકોનું બોનસ વધારાયું છે. જેમનું વેતન ૭૦૦૦ સુધી છે તેમને ૧૩૦૦૦ રૂપિયા બોનસ મળશે.

કેબિનેટના અન્ય એક નિર્ણય મુજબ પૂર્વોત્તર રાજ્યના બજેટની ૩૦ ટકા ફાળવણી ઉપેક્ષિત્રા ક્ષેત્ર, ઉપેક્ષિત વર્ગ માટે હશે. તેનાથી વ્યવસ્થાનું સરળીકરણ થશે, કામની ગતિ વધશે અને વિકાસની તકો વધશે. કેન્દ્ર સરકાર પૂર્વોત્તર રાજ્યોની કાઉન્સિલને ૯૦ ટકા ભાગ અત્યાર સુધી આપતી હતી અને હવે ૩૦ ટકા ઉપેક્ષિત પછાત વિસ્તારો પર ખર્ચ થશે. આ ઉપરાંત આયુર્વેદ, યુનાની અને સિદ્ધ ચિકિત્સા પ્રક્રિયા માટે કમિશન બનશે.

બંધને
પહેલા પાનાથી ચાલુ

રાખીને પશ્ચિમ વિસ્તારની સ્કૂલો પણ બંધ રહી છે. અને એપીએમસીના વેપારીઓએ પણ દુકાનો બંધ રાખીને વિરોધ નોંધાવ્યો છે. વડોદરા શહેરમાં પણ બહુજન ક્રાંતિ મોરચાના કાર્યકરો બંધ કરાવવા નીકળ્યા હતા. વડોદરામાં કેટલીક દુકાનો બંધ રહી હતી.

બગોદરાથી બાવળા હાઈવે ઉપર સર્વોદય હોટલવાળા રોડ પર ભારત બંધના સંદર્ભે ટાયરો સળગાવીને રોડ બ્લોક કરવામાં આવ્યો. ઘટનાની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી લોકોના ટોળાઓને વિખેરી નાખ્યા હતા.

અમદાવાદ અને રાજકોટ બંધ કોઈ અસર જોવા ન મળી, તમામ વિસ્તારોમાં શાળા, કોલેજો તેમજ દુકાનો ચાલુ હતી. બંધના એલાનને પગલે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસે પેટ્રોલિંગ વધારી દીધું હતું.

શરજીલ
પહેલા પાનાથી ચાલુ

રાષ્ટ્રવિરોધી ભાષણ કર્યું હોવાનો એની પર આરોપ છે અને અલીગઢ પોલીસે એની સામે ફરિયાદ નોંધી હતી.

આઇઆઈટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી-સહાયક શિક્ષક શરજીલને ઉત્તર પ્રદેશ, આસામ, મણીપુર, અરૂણાચલ પ્રદેશ અને દિલ્હી સહિત અનેક રાજ્યોની પોલીસ પકડવા માગતી હતી. આખરે દિલ્હી પોલીસે એને બિહારના જેહાનાબાદમાંથી પકડ્યો હતો અને જેહાનાબાદની કોર્ટ પાસેથી ૪૮-કલાકના ટ્રાન્ઝિટ રીમાન્ડ પર શરજીલને તાબામાં લીધો હતો.ઉલ્લેખનીય છે કે, શરજીલના પિતા ભૂતકાળમાં બિહારમાં જનતા દળ (યુનાઈટેડ)ની ટિકિટ પર વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા. ભારતીય જનતા પાર્ટીએ એમને સમર્થન આપ્યું હતું.

કોલેજમાંથી ૫૦ લાખની ચોરી કરનાર લંગોટ અને બુકાનીધારી ૨ ચોર ઝડપાયા

સુરત

વેસુ-ભરથાણા વિસ્તારમાં વીઆઈપી રોડ નજીક આવેલી શહેરની જાણીતી ભગવાન મહાવીર કોલેજમાં ગત તા. ૫ના વહેલી સવારે તસ્કરો ત્રાટક્યા હતા. લંગોટ અને બુકાનીધારી તસ્કરોએ કોલેજ કેમ્પસમાં ડી બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વારના દરવાજાના લોક તોડી અંદર પ્રવેશી એકાઉન્ટન્ટની ઓફિસના પણ તાળા તોડી એકાઉન્ટન્ટના ટેબલના ડ્રોઅરમાંથી ત્રણથી ચાર દિવસની ફી ના રોકડા રૂા. ૫૦ લાખની ચોરીનો કસબ અજમાવ્યો હતો અને સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

આ ઘટનામાં દાહોદ જિલ્લાની લીમખેડા પોલીસે બાતમીના આધારે ત્રણ પૈકી બે ચોરવાઘજીભાઈ કિકાભાઈ ભાભોર (ઉ.વ. ૩૯) અને હીમસીંગ નબળાભાઈ માવી (ઉ.વ. ૪૦) (બંન્ને રહે. નિશાળ ફળીયુ, વડવા ગામ, તા.ગરબાડા જિ.દાહોદ) ને ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂા. ૨.૩૫ લાખ અને સ્પોર્ટસ બાઈક કબ્જે લઈ તેમનો કબ્જો ખટોદરા પોલીસને હવાલે કર્યો છે.

સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના કેદ થઈ ગઈ હોવા છતા હવામાં બાચકા ભરી રહેલી ખટોદરા પોલીસ તસ્કરોની ગંધ સુધ્ધા મેળવી શક્યા ન્હોતા. તેવા સંજોગોમાં લીમખેડા પોલીસે ચાર ચોર પૈકીના બે ને ઝડપી પાડવામાં સફળતા હાંસલ કરી છે.

ભટારમાં મહિલાના પાકીટની ચીલઝડપ

મહિલાના હાથમાંથી પર્સ ઝુંટવી મોટર સાયકલ સવાર બે અજાણ્યા યુવકો નાસી ગયા હતા. ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભટાર ચાર રસ્તા કંચન જંઘા એપાર્ટમેન્ટમાં રહેતા નીતુ રવિ કેશાન વિદ્યાભારતી સ્કૂલ પાસેથી પસાર થતા હતા. ત્યારે મોટર સાઈકલ ઉપર ધસીને આવેલા બે અજાણ્યા યુવકો પર્સ આંચકીને લઈ ગયા હતા. આ પર્સમાં મોબાઈલ ફોન, ઘરની ચાવી ત્રણેક હજાર રોકડા રૂપિયા હતા. ખટોદરા પોલીસે ફરિયાદ દર્જ કરી હતી.

કોસાડ આવાસમાં માતા-પુત્ર પર હુમલો

કોસાડ આવાસમાં ચાર જણાંએ માતા-પુત્ર સાથે ઝઘડો કરી પુત્રને ચપ્પુ હુલાવી નાસી ગયા હતા. અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમરોલી કોસાડ આવાસમાં રહેતાં રેહાનાબેન લાલાભાઈ મલ્લીકે આરોપી ઈરફાન, લતીફ, અખ્તર, મોહસીન બસીર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી તથા તેણીના દિકરા અકરમ સાથે ઝઘડો કરી અકરમને ચપ્પુ મારી નાસી ગયા હતા. અમરોલી પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ગાંધી નિર્વાણ દિવસે ગાંધી વંદના યોજાશે

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૨૦ને ગુરૂવારનારોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે.

વોર્ડ નં૪માં ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૪, નોંધ નં.૪૨૩૯ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી કાંતિલાલ બાબુભાઈ વારાણસીવાલા તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૮/૦૧/૨૦૨૦ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેરી વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમા માળે આશરે ૧૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૪૦૦ ચો.ફુટ સેન્ટરીંગ શટરીંગ તથા સળિયા દુર કરવામાં આવેલ છે તેમજ ડીમોલીશન પેટે રૂા.૩૫,૦૦૦/ વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

ગણતંત્ર દિન નિમિત્તે દેવધમાં તિરંગા વંદન

કૌશલ વિકાસ ઉદ્યમિતા મંત્રાલય ભારત સરકાર દ્વારા સંચાલિત જન શિક્ષણ સંસ્થાન સુરત અને મોર્ડન પબ્લિક શાળા, દેવધગામ સાથે મળી ગણતંત્ર દિવસ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ તથા જુદા જુદા કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી જેમાં શાળાના બાળકોઓ એ વિવિધ કૃત્રિઓ રજુ કરી તથા જન શિક્ષણ સંસ્થાન સુરત દ્વારા પૂર્ણ થયેલા ફેશન ડિઝાઈનના તાલિમ વર્ગનું પ્રમાણપત્ર વિતરણ શાલાના સંચાલકશ્રી કૈશલભાઈ બલદાણીયા, ટ્રસ્ટીશ્રી ધીરૂભાઈ રાઠોડ તતા સંસ્થાના નિયામકશ્રીમતી પ્રફુલાબેન સુરતીના હસ્તે કરવામાં આવ્યું. તાલિમાર્થી બહેનો દ્વારા બનાવેલા ફેન્સી ડ્રેસ દ્વારા ફેશન શો કરવામાં આવ્યો. જેમાં શાળાના બાળકો , વાલીઓ, ગ્રામજનો તથા સંસ્થાનો સ્ટાફ અને તાલીમાર્થી બહેનો આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

વરીયાવ જૂથ પાણી પુરવઠા યોજના તા. ૩૧મી સુધી બંધ

સુરત જીલ્લાની વરીયાવ જુથ યોજનાની પાઈપ લાઈનની સમારકામની કામગીરી કરવાની હોવાથી વરીયાવ જુથ યોજના આધારીત સાંધીયેર, પાનેસરા, કારેલી, અંભેટા, હજીરા, બુડીયા જુથ યોજનામાં સમાવિષ્ટ તમામ ગામોમાં તથા સચીન અને કનકપુર-કનસાડ નગરપાલિકાને તા. ૨૯ થી ૩૧મી જાન્યુઆરી ૨૦૨૦ સુધી પાણી પુરવઠો મળશે નહી. હાલમાં યુધ્ધના ધોરણે રીપેરીંગ કામગીરી ચાલી રહી છે. જેની સમસ્ત ગ્રામ પંચાયત તથા નગરપાલિકાઓએ નોંધ લેવા કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની યાદીમાં જણાવાયું છે.

અમરોલીમાંથી લગ્નની લાલચ આપી સગીર છોકરીનું અપહરણ

અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા.૧૦/૦૧/૨૦૨૦ના રોજ ૫૮, રામનગર સોસા., ભરથાણા, અમરોલી(મૂળ વતનઃ- દોલતપુરા, જી.ધાર(મધ્યપ્રદેશ) ખાતે રહેતા પ્રભુભાઈ ભીમાભાઈ બગાડાની ૧૫ વર્ષીય પુત્રી સોનુબેનને પોતાના ઘરેથી કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી કોઈ અજાણ્યા ઈસમે અપહરણ કરેલ છે. તે શરીરે પાતળા બાંધાના, રંગે ગૌર વર્ણ અને ઉંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે પીળા રંગની સાડી તથા પીળા કલરનો ચણિયો, બ્લાઉઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

અમરોલીમાંથી ૨૬ વર્ષીય છોકરી વિષ્ણુ પ્રિયા ગુમ

અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૬/૦૧/૨૦૨૦ના રોજ ૮૭, મનિષા સોસા., અમરોલી (મૂળ વતન-જાત્રાસુની થાના-બુગુડા જી.ગંજામ(ઓરિસ્સા)) ખાતે રહેતા શિશિરકાન્તભાઈ બંછાનિધી બિસોઈની ૧૬ વર્ષીય પુત્રી વિષ્ણુપ્રિયાબેન પોતાના ઘરેથી કોઈ અજાણ્યા ઈસમે અપહરણ કરેલ છે. તેમણે કેસરી રંગનો પંજાબી ડ્રેસ, કાળા કલરની લેંગીઝ તથા કોફી કલરનું સ્વેટર પહેર્યું છે. તેમની ઉંચાઈ ૫.૦ ફૂટ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

મહિલા આયોગના અધ્યક્ષ સ્થાને વ્યારા ખાતે નારી સમ્મેલન યોજાયું

મહિલાઓના કાનૂની હક્કો અને રક્ષણ માટે લીલાબેન અંકોલીયાનું માર્ગદર્શન

વ્યારા

રાજ્ય મહિલા આયોગ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે મહિલાઓમાં નારી અદાલત યોજનાની સમજ તેમજ મહિલા સશક્તિકરણ અને નારી વિષયક યોજનાઓનું માર્ગદર્શન મળે તે હેતુથી ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ શ્રીમતી લીલાબેન અંકોલીયાના અધ્યક્ષપદે નારી સંમેલન યોજાયું હતું.

શ્યામા પ્રસાદમુખર્જી હોલ વ્યારા ખાતે આયોજિત નારી સંમેલનના અધ્યક્ષ સ્થાનેથી શ્રીમતી લીલાબેન અંકોલીયાએ જણાવ્યું હતુ કે, દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિના પરિણામે મહિલાઓના બંધારણીય અને કાનૂની હક્કોના રક્ષણ માટે તથા મહિલાઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક વિકાસની સાથે સ્ત્રી સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના આશયથી વર્ષ ૨૦૦૫માં ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના કરવામા આવી હતી. મહિલાઓને નિષ્પક્ષ અને ઝડપી ન્યાય મળી રહે અને તેમને થતા અન્યાયો સામે પોતાનો અવાજ ઉઠાવી શકે તે માટે મહિલા આયોગ સતત પ્રયત્નશીલ છે. ગુજરાતમાં નારી અદાલતના પ્રયોગને મળેલી સફળતાથી પ્રેરાઈને કેન્દ્ર સરકાર ગુજરાતના 'નારી અદાલત' યોજનાના મોડેલનું દેશભરમાં અમલીકરણ કરવાં જઈ રહી છે.

શ્રીમતી અંકોલીયાએ હાલ ગુજરાતમાં ૨૭૦ નારી અદાલતો કાર્યરત હોવાનું જણાવી ઉમેર્યું કે, મહિલા આયોગ દ્વારા રાજયભરના દરેક તાલુકા મથકે નારી અદાલતો શરૂ કરવાનું લક્ષ્ય છે. મહિલા આયોગ અને નારી અદાલતના કારણે અત્યાર સુધીમાં મહિલાઓને લગત હજારો કેસોનું સુખદ નિરાકરણ કરવામાં આવ્યું છે. પરિણામે રાજયમાં મહિલાઓ માટે કાર્યરત કરવામાં આવેલી નારી અદાલતો ખૂબ ઉપકારક બની રહી છે. મહિલા આયોગમાં સ્ત્રીઓ પોતાના પ્રશ્નોને એક સાદા કાગળ પર હસ્તલિખિત સ્વરૂપે રજૂ કરે તો પણ આયોગ ન્યાય અપાવે છે. મહિલાઓ તેમના હકકોથી વાકેફ થાય, સમાજમાં કુરિવાજો, અંધશ્રદ્ધાથી મુક્ત થાય તેમજ જાતિય સતામણીનો ભોગ ન બને તે માટે મહિલા આયોગ દ્વારા રાજયભરમાં ૩૦૦ તાલુકામાં કાયદાકીય કાર્યક્રમો-નારી સંમેલનો યોજવામાં આવ્યા છે. ઉપરાંત શાળા કોલેજો-યુનિવર્સીટી દ્વારા નારી અધિકારોની જાણકારી આપવાની શરૂઆત કરીને ૨૭ કોલેજો અને યુનિવર્સીટીમાં મહિલા જાગૃત્તિના સેમિનાર યોજયા હોવાનું જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે, મહિલા આયોગ બંને પક્ષને સમાધાન દ્વારા નજીક લાવી સમસ્યાનો નિવેડો લાવવાનો પ્રામાણિક પ્રયાસ કરી શકય હોય ત્યાં સુધી મહત્તમ કેસોમાં પરિવારને તોડવાનું નહિ, પણ જોડવાનું કામ કરે છે. મહિલાઓ ઉપર સાસરીપક્ષ દ્વારા થતા શારીરિક-માનસિક અત્યાચાર, ઘરેલું હિંસા, મિલકત અને છૂટાછેડાના પ્રશ્નો, બાળકોની કસ્ટડી, ભરણપોષણના કેસો, સ્ત્રીનું અપહરણ, શાળા કોલેજ જેવા અભ્યાસના અને કામના સ્થળે થતી જાતીય સતામણી, મહિલાઓ સંબંધિત સમસ્યાઓનું નિવારણ વિના મૂલ્યે કરવામાં આવે છે. આ ઉપરાંત રાજય મહિલા આયોગ દ્વારા પીડિત અને મદદની જરૂરિયાત ધરાવતી કોઈ પણ મહિલાનું કાઉન્સિલીગ કરવામાં આવે છે.

રાજય સરકાર મહિલા સશક્તિકરણના અભિયાન દ્વારા સતત સ્ત્રીઓના ઉત્થાન માટે સક્રિય છે ત્યારે મહિલાઓ કાયદાકીય સમજ કેળવી બંધારણીય હકો પ્રાપ્ત કરવા સુસજજ બને તેવી અપીલ શ્રીમતી અંકોલીયાએ કરી હતી. આ પ્રસંગે જિલ્લા કો.ઓ. યોગિતા ચૌધરીએ નારી અદાલત નીકામગીરી,એડવોકેટ સવિતાબેને કાયદાકિય માહિતી અને બંધારણ, કોકિલા ચૌધરીએ વન સ્ટોપ સેન્ટર, શક્તિ કેન્દ્રના ધારા ચૌધરી સહિતના વક્તાઓ દ્વારા મહિલાલક્ષી માર્ગદર્શન, રાજય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી.કાર્યક્રમમાં કલેકટર આર.જે.હાલાણી, નગર પાલિકા પ્રમુખ મહેનોષ જોખી, ચીફ ઓફિસર એસ.બી.પટેલ, મહિલા અને બાળ અધિકારી શ્વેતા દેસાઈ, દહેજ પ્રતિબંધક અધિકારી ધર્મેશ વસાવા સહિત મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી. ઉલ્લેખનીય છે કે, આયોગ દ્વારા મહિલાઓને બંધારણ અને કાયદાઓથી મળેલા હકકોની જાણકારી આપવામાં આવે છે. આ ઉપરાંત માર્ગદર્શન અને સહાયતા માટે ટોલ ફ્રી નં.: ૧૮૦૦-૨૩૩-૧૧૧૧ પર સંપર્ક કરીને કાયદાકીય મદદ અને સલાહ મેળવી શકાય છે. ઉપરાંત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અંતર્ગત પણ ૨૪ કલાક દરમિયાન કોઈ પણ મહિલા તાત્કાલિક મહિલા પોલિસની મદદ, પારિવારિક વિખવાદ, જાતીય સતામણી જેવા મુદ્દે તાત્કાલિક મદદ પ્રાપ્ત કરી શકે છે.

સુરતના સાત જુવાનોએ માયનસ ૩૫ ડિગ્રીમા ફોજીઓ સાથે ચાદર ટ્રેક પર ૨૬મી જાન્યુઆરીએ ઊજાવ્યો પ્રજાસત્તાક દિન

વ્યારા ખાતે નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ઉજવણીના ઉપલક્ષ્યમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

વ્યારા

ભારત સરકાર દ્વારા દરેક જીલ્લામાં વર્ષ:૨૦૦૯ થી નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ઉજવણીના ઉપલક્ષ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.હર્ષદ પટેલના અધ્યક્ષસ્થાને જીલ્લાકક્ષાનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.હર્ષદ પટેલે જણાવ્યુ હતુ કે, દિકરા-દિકરીના પ્રમાણ વચ્ચે જે અસમાનતા જોવા મળે છે તેમાં ઘટાડો કરી એક સરખું પ્રમાણ જળવાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. તાપી જીલ્લામાં ચાલુ વર્ષ દરમ્યાન જન્મ સમયનો ૯૬૩ જાતિ પ્રમાણદર નોંધાયેલ છે તાપી જીલ્લાનો જાતિ પ્રમાણ દર એકંદરે સારો છે જે આપણાં માટે સારી બાબત છે પરંતુ તે જાળવી સૌ સાથે મળી જાતિ પ્રમાણદરમાં ઉત્તરોત્તર સુધારો થાય તેવા પ્રયત્નો કરવા અપીલ કરી હતી આ પ્રસંગે આયોજિત જનજાગૃતિ રેલીને ડો.હર્ષદ પટેલ દ્વારા રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતુ. રેલી સયાજી ગ્રાઉન્ડ, વ્યારાથી કબુતર ખાના, વ્યારા સુધી બેટી વધાવોના બેનર તથા સુત્રોચ્ચાર સહિત વ્યારા નગરમાં ફરી હતી અને દિકરી દિવસનો સંદેશ નગરજનોને આપ્યો હતો. રેલીમાં આરોગ્ય શાખાના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, નસ'ગ સ્કુલની વિદ્યાર્થીનીઓ તથા હોમીયોપેથીક કોલેજના વિદ્યાર્થીઓ સહિત ૫૦૦ થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રેલી બાદ ડી.જે.ના તાલે બેટી વધાવો અંગેના ગરબા દ્વારા નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ની ઉત્સાહભેર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

બીએપીએસ સ્વામિનારાયણ મંદિર નવસારીનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

પરમ સ્વરૂપોની દિવ્ય-ભવ્ય નગર યાત્રા

સુરત

પરંપરાગત ભારતીય શિલ્પ-સ્થાપત્યકળાથી અલંકૃત થયેલ અને નવસારીની ઓળખ-સમાન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર દર્શનીય મૂર્તિઓને શણગારેલા કલાત્મક રથોમાં બિરાજીત કરી નગરજનોને દર્શન કરાવવામાં આવ્યા હતા. મયુર રથમાં બિરાજીત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ (ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા શ્રી ગુણાતીતાનંદ સ્વામી), મુક્તિનાથ રથમાં બિરાજીત શ્રી નીલકંઠવર્ણી. કમળ રથમાં બિરાજીત શ્રી ઘનશ્યામ મહારાજ, મોરપીંછ રથમાં બિરાજીત શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણ દેવ, વિજય રથમાં બિરાજીત શ્રી સીતા-રામ-હનુમાનજી, શિવલિંગ રથમાં બિરાજીત શ્રી શિવ-પાર્વતીગણેશજી તથા મંદિર રથમાં બિરાજીત ગુણાતીત ગુરુવર્યોની મનોહર મૂર્તિઓના નવાસારીના રાજમાર્ગ પર સૌ દર્શન કરી અભિભૂત થયા હતા.

આ અતિ ભવ્ય અને દિવ્ય નગરયાત્રાથી સંસ્કારી નગરી નવસારીના નગરજનો ખૂબ પ્રભાવિત થયા હતાં. નવસારીના રાજમાર્ગો ઉપર આવી દર્શનીય નગરયાત્રા પ્રથમ વખત જોવા મળી હતી. આ નગરયાત્રામાં

સદગુર સંતો, નવસારી મંદિરના મહંત પૂ. આચાર્ય સ્વામી, પૂ. કોઠારી સ્વામી, પૂ. પુરુષોત્તમચરણ સ્વામી તથા, ધારાસભ્યશ્રી પીયૂષભાઈ દેસાઈએ પૂજન — આરતી કરી પ્રસ્થાન કરાવી હતી.

દોઢ કી.મી.થી વધારે લાંબી નગરયાત્રામાં સ્પોર્ટ્સ જીપ, બી.એ.પી.એસ.ના વિરાટ ધજાધારી યુવાનો, ડંકા નિશાન, બેન્ડ, સા ફાધારી બાઈક સવાર યુવાનો, ઘોડેસવારો, રાસ રમતાં યુવાનો, સંતોની બગી, ચિચલી-પાવરી નૃત્ય કરતાં યુવાનો, વિવિધ દેશોની ધજાઓ, યુવાનોને જોમ જગાડતો નાસિક ઢોલ, તોપ દ્વારા પુષ્પવૃષ્ટિ અક્ષરદેરીનાં પ્રતધારી હરિભક્તો, ઊંટગાડી પર વેશભૂષાધારી બાળકો, લેઝીમ મંડળી, વિવિધ ભજન મંડળી. કરાટેવીરો. મશાલધારી યુવાનો, કર્ણપ્રિય કીર્તનભક્તિમાં ગુલતાન સંતમંડળી, બોરપાડાની પાવડી ઢોલ મંડળી. રંભાસ શાળાના વિદ્યાર્થીઓનું ડાંગી નૃત્ય, ઘેરૈયા નૃત્ય, બેડાધારી બાઈક, ટીમલી નૃત્ય, અમલસાડી ભજન મંડળી, છાબડી ડાંગી નૃત્ય, મારવાડી સમાજની પ્રસ્તુતિ, ગોધરાના આદિવાસીઓનું નૃત્ય, દક્ષિણ ભારતીય મંડળી દ્વારા નૃત્ય, તૂર-થાળી મંડળી, ખીમાણી ડાંગી નૃત્ય કરતાં યુવાનો, મનોરંજન કરાવતી સાંઢડી. આમ કુલ ૬૦થી વધારે રચનાત્મક અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓથી સમૃદ્ધ આ નગરયાત્રા અભૂતપૂર્વ બની હતી. સમગ્ર ભારત-ભરમાંથી બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના ૩૦૦થી વધારે સંતો નગરયાત્રામાં ઉપસ્થિત રહ્યાં હતાં.આ નગર યાત્રામાં ૪૦૦૦થી વધુ હરિભક્તો જોડાયા હતા અને નવસારી શહેર તથા ગ્રામ્યવિસ્તારના લાખો ભાવિકભક્તોએ નગરયાત્રાના દર્શનનો લહાવો લીધો હતો. હજારો હરિભક્તોની ધૂન અને કીર્તન-ભક્તિની રમઝટથી અદ્વિતીય નજારો સર્જાયો હતો. સવિશેષ આ નગરયાત્રા દરમ્યાન ગુરુહરિ મહંતસ્વામી મહારાજે મંદિરનાં પોડિયમ પર બિરાજમાન થઈ સૌ નગરયાત્રીઓને દર્શન આપ્યા હતાં. નગર યાત્રા દરમિયાન હરિભક્તો માટે પાણી તથા લીંબુ-શરબતની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર નગરયાત્રા દરમિયાન સ્વચ્છતા જળવાય તે માટે ૫૦ કરતા વધારે સ્વયંમસેવકોએ ખડે પગે સેવા કરી હતી તથા સલામતી અને તકેદારીના ભાગરૂપે સુરક્ષાકર્મીઓ અને એમ્બ્યુલન્સ સામેલ હતી.

આ નગરયાત્રા ગાર્ડી કોલેજના હોસ્ટેલ ગ્રાઉન્ડથી ગાંધી પ્રતિમા-ફુવારા સર્કલ થઈ ગોલવાડ, ટાવર, જૂના થાણા, કાલિયાવાડી, ગ્રીડ થઈ સ્વામિનારાયણ મંદિર પરિસરમાંથી પસાર થઈને પૂર્ણા નદીના કિનારે વિશ્વશાંતિ યજ્ઞ સ્થળે વિરામ પામી હતી. સવિશેષ આ નગરયાત્રા દરમ્યાન જોવા મળેલ બી.એ.પી.એસના ભક્ત સમુદાયની શિસ્ત અને સ્વચ્છતાને સૌ નગરજનોએ વખાણી હતી.

આજે નવસારી નુતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે પુણા નદીને કિનારે વિશ્વશાંતિ મહાયજ્ઞ નું આયોજન થયું છે. જેમાં ૩૮૦૦ જેટલા યજમાન હરિભક્તો યજ્ઞમાં આહુતી આપશે.

મુંબઈમાં શંખેશ્વર પૂરમ તીર્થની અંજનશલાકા વિધિ સંપન્ન થઈ

૪૦૦થી વધુ સાધુ-સાધ્વી ભગવંતોની નિશ્રામાં વિધિ પરિપૂર્ણ

સુરત

મુંબઈના ચર્ચગેટ ક્રોસ મેદાનમાં ૨૧થી ૨૬ જાન્યુઆરીનો પરમાત્મા શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો અંજનશલાકાનો ભવ્ય કાર્યક્રમ ગચ્છાધિપતી આ દોલતસાગરસુરિ મહારાજા, તેમજ પ્રેરણાદાતા અનુયોગચાર્ય લબ્ધિચંદ્રસાગરજી મહારાજા આદિ ૪૦૦થી વધુસાધુ–સાધ્વી ભગવંતોની નિશ્રામાં પરિપૂર્ણ થયો.

આ કાર્યક્રમમાં આ. નંદીવર્ધનસાગરસુરિજી, બંધુ બેલડી આ. જિનચંદ્રસાગરસુરિજી, આ. હેમચંદ્રસાગરસુરિજી, આ. હર્ષસાગરસુરિજી, આ. સાગરચંદ્રસાગરસુરિજી, આ. જિનચંદ્રસાગરસુરિજી, આ. કલાસુંદરસુરિ, હર્ષવલ્લભસુરિજી, સોમસુંદરસુરિજી, નયપદ્મસાગરજી આદી ગુરુભગવંતોએ નિશ્રા પ્રદાન કરી

૨૬ જાન્યુઆરીના સવારે અલગ અલગ વિષયના વામા માતાના ૨૩૦૦ થાળ લઈને શ્રાવિકાઓ ઉમટ્યાં હતાં. જેમાં મીઠાઈમાંથી શંખેશ્વરપૂરમ તીર્થ, પ્રભુના પાંચ કલ્યાણકો, અલગ અલગ તીર્થો વગેરે બનાવ્યાં હતાં. શરૂઆત સવારે પૂ.ગુરુભગવંતોના મંગલાચરણથી થઈ હતી જેમાં તીર્થના પ્રેરક લબ્ધિચંદ્રસાગરજી મ.સા.ની વિશેષ એન્ટ્રી થઈ હતી.

અલકાપુરી બ્રીજ પર ટેન્કરની અડફેટે બાઈક સવારનું મોત

બાઈક સવાર કતારગામના રહીશનું ઘટના સ્થળે મોત

સુરત

સુમુલ ડેરીના દુધના ટેન્કરે મોટર સાયકલ સવારને અડફેટમાં લેતા મોટર સાયકલ સવારનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટના વરાછા ભવાની સર્કલ ફુલ માર્કેટ પાસે અલ્કાપુરી બ્રીજ ઉપર બની હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ જયંતી ફળીયુ આકાર ફ્લેટમાં રહેતા મનીષ ગોવિંદ કાકડીયાનો ભાઈ મેહુલભાઈ પોતાની મોટર સાઈકલ નંબર જીજે-૫-ડીસી-૩૦૨૦ લઈને વરાછા ભવાની સર્કલ ફુલ માર્કેટ પાસેથી પસાર થતા હતા. આ સમયે સુમુલ ડેરીના દૂધ ટેન્કર નંબર જીજે-૫-બીએક્સ-૭૮૯૯ના ચાલકે પોતાનું ટેન્કર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને મેહુલ ભાઈની મોટર સાયકલને અડફેટમાં લેતા મેહુલભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે મૃત્યુ નીપજ્યું હતું. વરાછા પોલીસે ટેન્કર ચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નાણાવટ ઉર્દૂ શાળામાં ૭૧માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી

સામાજીક કાર્યકર ખલીલ બેગ મિર્ઝાના હસ્તે તિરંગો લહેરાયો

સુરત

ડો. ઝાકીર હુસૈન ઉર્દુ પ્રાથમિક શાળા ક્રમાંક-૧૪૭, નાણાવટ સુરત ખાતે ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ખુબજ રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત તીલાવાતે કુરઆને પાક દ્વારા કરવામાં આવી હતી. ૭.૪૫ કલાકે શાળાના પટાંગણમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સૌ બાળકો, શાળાના તમામ શિક્ષણગણ, શાળાના આચાર્યશ્રી, શાળાનો વાલીગણ તથા એ.એમ.સીનાં સભ્યશ્રીઓ તમામે કાર્યક્રમમાં હાજરી આપી હતી. સૌએ પૂરી દેશભાવના સાથે તથા ખુબજ શિસ્તપૂર્વક ધ્વજને સલામી આપી હતી. વિસ્તારના સામાજિક કાર્યકર અલ-ખલીલ ટી સેન્ટરના પ્રોપ્રાઈટર ખલીલબેન મિર્ઝાના વરદહસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ રાખવામાં આવ્યો . કાર્યક્રમમાં શાળાના વાલીઓ, સામાજિક કાર્યકર ફિરોજભાઈ, એસએમસી અધ્યક્ષ હાજર રહ્યા . ત્યારબાદ ધો.૮ના વિદ્યાર્થી આસિયા, સમીરા, દ્વારા ઝંડાગીત રજુ કરવામાં આવ્યું. સૌ ઉપસ્થિત મહેમાનશ્રીઓ તથા શાળા પરિવારે પણ સાથ આપ્યો હતો. શાળાના ધો ૭ના વિદ્યાર્થી ઓ દ્વારા હમ હોંગે કામયાબ ગીત રજુ કરવામાં આવ્યું. દેશ ભક્તિ ગીત સારે જહાં સે અચ્છા ધો ૬નાં વિદ્યાર્થી સાકિબ અને મકસુદ દ્વારા રજુ કરવામાં આવ્યું. આજના પ્રજાસત્તાક દિન નિમિત્તે શાળાના બાલકોએ તેહરીમુન્નીશા ધો૭ , રાશિદ દો ૮ દ્વારા પોતાના વકતવ્ય રજુ કર્યા. ધો ૬ અને ૭નાં વિદ્યાર્થીઓ દ્વારા સુંદર દેશ ભક્તિ ગીત રજુ કરવામાં આવ્યા હતા.

ડુમસ રોડ પર કારમાં આવેલા છ લોકો દ્વારા બે ભાઈઓ પર હુમલો

બંને વેપારી ભાઈઓને માર મારી વીડિયો રેકોર્ડિંગ પણ કરી લીધુ

સુરત

ડભોલીના વેપારી અને તેના ભાઈને કારમાં આવેલા પાંચથી છ જણાંએ ડુમસ રોડ ખેતલા આપા ટી સ્ટોલ પાસે આંતરી પ્લાસ્ટિકના પાઈપથી હુમલો કરી માર મારતો વીડિયો રેકોર્ડિંગ કરી જાનથી મારી નાંખવાની ધમકી અપાયાની ઘટના ઉમરા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડભોલી સહજ ઈમ્પેરિયામાં રહેતા વેપારી ભગીરથ પોપટ લાઠિયાએ આરોપી તુષાર સુતરિયા તથા અન્ય પાંચથી છ જણાં વિરૂદ્ધ ઉમરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી તથા તેનો નાના ભાઈ હાર્દિક ડુમસ રોડ વાસ્તુ લક્ઝરીયા બિલ્ડિંગ સામે ખેતલા આપા ટી સ્ટોલ પાસે હતા. ત્યારે આરોપીઓ કારમાં ધસી આવી ફરિયાદી તથા તેના ભાઈ ઉપર હુમલો કરી ઈજા પહોંચાડી મોબાઈલ ફોનમાં રેકોર્ડિંગ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

રૂા.૧૨ લાખના ચેક રીર્ટન કેસમાં ખેડૂતને નિર્દોષ ઠરાવતી કોર્ટ

ફરિયાદ પક્ષ કોર્ટમાં આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ

સુરત

ગોડાદરા ધ્રુવતારક સોસાયટીમાં રહેતાં અને ઈમીટેશન મટીરિયલ્સનો વેપાર કરતા એક વેપારી પાસેથી કરિયાણાના ધંધા તેમજ વતનમાં રહેલી જમીન છોડાવવા માટે હાથ ઉછીના રૂા.૧૨ લાખ ખેડૂતે લીધા હતા. જે પેટે ખેડૂતે આપેલા બે ચેકો બાઉન્સ થતાં વેપારીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ મુજબ ખેડૂત સામે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેની સુનાવણી પુરી થતા અદાલતે આરોપીના એડવોકેટ અશરફ ગાંજીયાનીની દલીલોને ધ્યાનમાં રાખી ખેડૂતને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગતો એવી છે કે, ગોડાદરા ધ્રુવતારક સોસાયટી ખાતે નરશીભાઈ મથુરભાઈ કાતરીયા રહે છે. મૂળ ભાવનગર જિલ્લાના જેસર તાલુકા ઉગલવાણ ગામના વતની ગોપાલભાઈ સીસારાએ કરિયાણાના ધંધા તેમજ વતનમાં આવેલી જમીન છોડાવવા માટે રૂા.૧૨ લાખ નરશીભાઈ કાતરીયા પાસેથી ઉછીના લીધા હતા. દેવુ ચૂકવવા વરાછા કો.ઓ. બેંકનો અઢી લાખ તથા બેંક ઓફ ઈન્ડિયાનો સાડા નવ લાખનો ચેક આપ્યો હતો. જે બંને ચેકો બાઉન્સ થયા હતા. અપુરતા ભંડોળને કારણે બાઉન્સ થયેલા ચેકો સામે નરશીભાઈએ ખેડૂત ગોપાલ સામે કોર્ટ ફરિયાદ કરી હતી. જેની સુનાવણી દરમ્યાન બચાવ પક્ષના એડવોકેટ અશરફ ગાંજીયાનીએ દલીલો કરી હતી કે, આરોપી અને ફરિયાદી સગા સંબંધી થતા હોય અને તેમની વચ્ચે સારો મનમેળ હોય તેવો કોઈ પુરાવો રજૂ કરાયો નથી. આરોપી ગોપાલે કઈ તારીખે નાણાંની માંગણી કરી હતી તેનો કોઈ ઉલ્લેખ નથી. ફરિયાદી આવકવેરો ભરતા નથી. અદાલતે બંને પક્ષોની દલીલો પુરી થતા ખેડૂત ગોપાલ ભાઈને ચેક રિર્ટન કેસમાં નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

ઉદ્યોગ-૨૦૨૦ પ્રદર્શનમાં ટ્રાફિક અને રોડ સેફ્ટી અંગે જનજગૃતિ

ટ્રાફિક અવેરનેસ અંગે ૩૫૦૦થી વધુ લોકોને માહિતી આપવામાં આવી

સુરત

૩૦૦૦ કરતા વધુ નગરજનો અને ઈન્ડસ્ટ્રીઝમાં કાર્યરત લોકોને ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના બ્રિજેશ વર્મા અને તેમની ટીમ દ્વારા 'ટ્રાફિક અવેરનેસ' અંગેના પ્રદર્શન મેળામાં સ્ટોલ પરથી તા. ૨૫, ૨૬ તથા ૨૭ જાન્યુઆરી દરમિયાન રોડ સેફટી અંતર્ગત માહિતી આપવામાં આવી હતી. mParivahan અને Digilocker જેવી જાહેરજનતાને ઉપયોગી એપ્લીકેશન અંગે જાણકારી આપવામાં આવી હતી.

પ્રદર્શન સ્ટોલમાં નગરજનોને જાતે ડ્રાઇવિંગ લાઇસન્સ કેવી રીતે મેળવી શકાય તથા વ્હીકલના HSRP નંબરપ્લેટ અંગેનું મહત્વ તેમજ તેની પ્રોસેસ કેવી રીતે કરવી એ વિશે સમજૂતી આપવામાં આવી હતી. વધુમાં સુરત શહેરમાં જયાં પણ અવેરનેસ અંગેના કાર્યક્રમો કરવા હોય તો વિના મુલ્યે સેમીનાર કરવામાં આવશે તે અંગેની વિગતો આપવામાં આવી હતી. રાજય સરકારની વિવિધ યોજનાઓ જેમ કે, સોલેશ્યમ સ્કિમ અને અકસ્માત થાય ત્યારે આપવામા આવનારી સહાય વિશે પણ લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

નગરજનો પાસેથી ટ્રાફિક અંગે પડનારી મુશ્કેલીઓ અંગે સવે કરવામાં આવ્યો હતો જેમાં સમસ્યા અને તેનું સમાધાન અંગેના ફિડબેક લેવામાં આવ્યા હતા. જે તમામ ફિડબેકની રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

એનઆરસીને બદલે બેરોજગાર રાષ્ટ્રીય રજીસ્ટર બનાવોઃ યુથ કોંગ્રેસ

સુરત

દેશમાં નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર (એન.આર.સી) નહીં પરંતુ બેરોજગાર રાષ્ટ્રીય રજિસ્ટર જાહેર કરવાની માગણી સાથે યૂથ કોંગ્રેસ દ્વારા બેરોજગારી સંકટ સામે અભિયાનનો આરંભ કર્યો છે. આ માટે યુવા પાંખ દ્વારા એક ટેલિફોન નંબર જાહેર કરાયો છે. જેમાં નોકરીથી વંચિત બેરોજગારો પાસે મિસ્ડકોલ રૂપે સંખ્યા મેળવવાનો દેશભરમાં પ્રયાસ શરૂ થયો છે. આ ટેલિફોન નંબર ૮૧૫૧૯૯૪૪૧૧ ઉપર મિસ્ડ કોલ કરવાની અપીલ કરતા શહેર યૂથ કોંગ્રેસ પ્રમુખ જયેશ દેસાઈ અને રાષ્ટ્રીય કો-ઓર્ડિનેટર પ્રદીપ સિંઘવે જણાવ્યું હતું કે , સરકાર દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓના આંકડા છુપાવી રહી છે અને તેની સાથે ચેડાં કરી બેરોજગારીની ચર્ચા ટાળી રહી છે. અત્યારે દેશમાં બેકારીનો આંક છેલ્લા ૪૦ વર્ષમાં સૌથી ઓછો હોવાનું જણાવતા તેમણે જણાવ્યું હતું કે શહેરી વિસ્તારમાં બેકારી ૯ ટકા છે. જ્યારે ગ્રામીણ ક્ષેત્રે ૬૮ , સ્ત્રી બેકારી ૧૭.૫ અને દેશમાં ૭.૫ ટકા બેકારી દર છે. આ આંકડા સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયા ઈકોનોમિના છે. આમ છતાં કેન્દ્ર સરકાર તેનો સ્વીકાર કરી બેકારી પે ચર્ચાને બદલે ભળતી વાતો કરી રહી છે ત્યારે કોંગ્રે હવે નવા આંકડા બહાર પાડશે. આ પ્રસંગે પાલિકાના વિપક્ષી નેતા પપન તોગડિયા તેમજ યુવા પાંખના પાર્થ લાખાણી અને કિરણ રાયકા સહિતના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલઃ પોસ્ટલ વિભાગ દ્વારા વિશેષ ટપાલ કવરનું વિમોચન

સુરત

નવસારી જિલ્લાના દાંડી ખાતે આવેલા 'નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલ' ને એક વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં ભારત સરકારના ગુજરાત પોસ્ટલ સર્કલ અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુક્ત ટપાલ કવરનું વિમોચન તથા ગાંધીજીના જીવનને સંબંધિત વિશિષ્ટ પોસ્ટલ કવરનું પ્રદર્શન તારીખ ૩૦ જાન્યુઆરીના રોજ સવારે ૧૧-૩૦ કલાકે નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલ ખાતે ખુલ્લુ મુકવામાં આવશે.

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને જલાલપોર વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય આર.સી.પટેલ તથા નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ અમિતાબેન પટેલની ઉપસ્થિતિમાં પોસ્ટલ કવરનું વિમોચન તેમજ પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, 'નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલ' નું એક વર્ષ પહેલાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ફેબ્રુઆરીથી નવેમ્બર - ૨૦૧૯ સુધીના સમયગાળામાં લગભગ ૬.૬૧ લાખ જેટલા પ્રવાસીઓએ દાંડી સ્મારકની મુલાકાત લીધી છે. આમ, દૈનિક સરેરાશ પ્રવાસીઓની સંખ્યા અંદાજિત ૨૦૧૭ થાય છે.

સુરત ડિસ્ટ્રીક્ટ લેડી એડવોકેટ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

નાટક, ભક્તિગીત અને ગરબાની રજુઆત

સુરત

ધી સુરત ડિસ્ટ્રીક્ટ લેડી એડવોકેટ્સ એકટીવ કમિટિ કે જેની સ્થાપના સને:૨૦-૫માં થયેલી, કમિટિ દ્વારા સતત મહિલા વકીલોને પ્રોત્સાહન મળે, નૈતિક હિંમત ખુલે, તેમજ બહેનોમાં રહેલી કાર્યક્ષમતા, હુન્નરને સ્ટેજ મળી રહે, ઉપરાંત મહિલા વકીલોના પ્રશ્નોને વાંચા મળે તેવા અનેક કાયદાકીય , સામાજીક મેડીકલ કેમ્પ, સાંસ્કૃતિક , યાત્રા-પ્રવાસ, સેમિનાર- શિબિર વિગેરે અનેક કાર્યક્રમો, વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિવસોની અનોખી ઉજવણી વર્ષોથી કરતાં આવેલા છે.

ગત તારીખ ૨૫.૧.૨૦૨૦નાં રોજ બપોરે ૩થી ૬ કલાક દરમ્યાન ગેટ ટુ ગેધર, ચાલો જીવી લઈએ, થીમ પર મનોરંજન અમર્યાદિત લઈને મંગલપાક, પીપલોદ, સુરત મુકામે, કાર્યક્રમનું આયોજન કન્વીનર શ્રીમતિ પ્રીતિ જીજ્ઞેશ જોષી, ભારતી મુર્ખજી, સંગીતા ખુંટ, ચેતના શાહ, કલ્પના પાઠક, બીના દરજી, નીતા પટેલ, સોનલ શર્મા, જયશ્રી પટેલ, સહિનતા મહિલા વકીલો દ્વારા આયોજન કરવામાં આવેલું. જેમાં વિવિધ થીમ ઉપર નાટયકૃતિ , યોગા, એક પાત્રીય અભિનય, દેશ ભક્તિના ગીતો, ગરબા વિગેરેનું સુંદર આયોજન કરવામાં આવેલું. કાર્યક્રમને અંતે ઈનામ આપી દરેક વકીલોને સન્માનિત કરવામાં આવેલા. આ કાર્યક્રમમાં અંદાજે ૮૦ મહિલા વકીલોએ ભાગ લઈ સફળ બનાવેલો.

ભાગ્યોદય અને સર્વોદય વિદ્યાલયમાં ૭૧માં ગણતંત્ર દિવસની ઉજવણી

સુરત

ભેસ્તાન સ્થિત ચોયાર્સી ગ્રામ સેવા સમાજ ટ્રસ્ટ સ્ચાલિત ભાગ્યોદય તેમજ સર્વોદય વિદ્યાલયનાં સંયુક્ત નેજા હેઠળ ૭૧માં પ્રજાસત્તાક દિન સમારોહ એન.આર.આઈ શ્રી ઠાકોરભાઈ પટેલનાં પ્રમુખ પદે અને શ્રીમતી પ્રસન્નાબેનનાં અતિથિ વિશેષ પદે શાળાનાં પ્રાંગણમાં યોજાયો હતો. મુખ્ય મહેમાન ઠાકોરભાઈ પટેલે ધ્વજ ફરકાવી પ્રસંગોચિત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે દેશની વિકાસની હરણફાળમાં ઉગતી પેઢીએ મહત્વનો ભાગ ભજવવાનો છે, તેને માટે તમારે અત્યારથી જ કટિબદ્ધ થવાનું છે. સરકારશ્રીના બેટી બચાવો બેટી પઢાવોનાં અભિપ્રાયથી પ્રેરાઈને આ સંસ્તાએ પણ તમામ શૈક્ષણિક સુવિધાઓ સાથેની મફત કન્યાશાળા આ વર્ષથી શરૂ કરી છે. તેની પ્રશંસા કરી હતી. અતિથિ વિશેષ પ્રસન્નબેને વિદ્યાર્થીઓને આર્શીવાદ આપ્યા હતા. બે કલાકનો રંગારંગ મનોરંજનથી પ્રેક્ષકો અભિભુત થયા હતા. સમારંભના અંતે બીસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આર.ટી.ઓ.કચેરી દ્વારા ફોર વ્હીલરો માટે બાકી રહેલા નંબરો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા જોગ

નવસારી

એ.આર.ટી.ઓ.કચેરી નવસારી ધ્વારા મોટરીંગ પબ્લીકના સગવડતા માટે સિલ્વર અને ગોલ્ડન નંબરની ફાળવણી માટે ઓનલાઈન ઈ-ઓકશન શરૂ કરવામાં આવેલ હતી. કચેરીમાં લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર) ના નંબરો માટેની સીરીઝ (ફોર વ્હીલર) બાકી રહેલા નંબરો માટે ઈ-ઓકશન માટે શરૂ કરવામાં આવ્યાં છે. ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમનાં વાહનનું રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઈ-ઓકશન માં ભાગ લઈ શકશે.

તા.૦૧/૦૨/૨૦૨૦ થી તા.૦૩/૦૨/૨૦૨૦ સુધીના રોજ ઈ-ઓકશન ઓનલાઈન માટે ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવાના રહેશે અને એપ્લીકેશન કરવાની રહેશે. તા.૦૪/૦૨/૨૦ના રોજ ઈ-ઓકશનનું બીડીંગ કરવાનું રહેશે. તા.૦૫/૦૨/૨૦ ના રોજ ફોર્મ કચેરીએ જમા કરાવવાના રહેશે. ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ ઉપર દર્શાવેલ વેબસાઈટ ઉપર જઈને સી.એન.એ.ફોર્મ વાહન ખરીદીના સાત દિવસમાં અચૂક ઓનલાઈન ભરી દેવાનું રહેશે. વાહનનાં સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસના અંદરના જ અરજદારોએ હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકાશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે. તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની યાદી જણાવે છે.

ભેદભાવની દિવાલો તોડી પ્રેમના પુલ બનાવોઃ માતા સુદિક્ષાજી

સુરત

સુરત, નિરંકારી સદ્ગુરુ માતા સુદિક્ષા જી એ નાસિક માં સમાપ્ત થયેલ મહારાષ્ટ્ર નો ૫૩ મોં વાર્ષિક નિરંકારી સંત સમાગમ માં માનવીય મનો માં ઉત્પન્ન થયેલ ભેદભાવ ની દીવાલો મિટાવી પ્રેમ નો પુલ બનાવવા નો આહ્વાન કર્યો. બીજા ના મન ને દુખાવવાની જગ્યા એ આપણે બીજા ના આસુ લૂછવા જોઈએ. સંસાર માં માનવ ને પ્રેમ ની જરૂરત છે, ઘૃણા ની નહિ.

સુરત ઝોન ના ઝોનલ ઈન્ચાર્જ શ્રી ઓન્કાર સિંહ જી એ જણાવ્યું કે સુરત સહિત ગુજરાત ના હજારો ભક્તો એ નાસિક માં સદ્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ ના આશીર્વાદ નો લાભ પ્રાપ્ત કર્યું.

સદ્ગુરુ માતા સુદિક્ષા જી મહારાજ પહેલાં દિવસે કહ્યું કે વિભિન્ન સંસ્કૃતિ, ભાષા, વેશભૂષા હોવા છતાં પણ દરેક ઈન્સાન ના અંદર એક પરમાત્મા નો અંશ સમાન રૂપ થી નિવાસ કરે છે. ઈશ્વર ની અંશ આ આત્મા ને જાણવા માટે એના મૂળ પરમાત્મા ને જાણવા ની જરૂરત છે. પરમાત્મા ને જાણ્યા પછી જ ભક્તિ પ્રારંભ થાય છે અને ત્યાર પછી કરેલા દરેક કર્મ ભક્તિ બની જાય છે. સત્ય જ્ઞાન પર આધારિત જીવન સુંદર બની જાય છે. આપણે સાચા અર્થ માં માનવ બની જઈએ છે. ફકત તન થી જ નહિ પણ કર્મ થી માનવ બનવા ની જરૂરત છે. એ માટે આ જ્ઞાન નો પ્રકાશ દરેક માનવ સુધી પહોંચાડવાની જરૂરત છે.

ઉધના ઝોને મિલ્કતો સીલ કરતા ૪૭ લાખનો વેરો ભરાયો

૨૮ દિવસમાં રૂ. ૮.૬૯ કરોડની વેરાની વસુલાત કરાઈ

સુરત

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત તા. ૨૮/૦૧/૨૦૨૦ના રોજ ઉધના –મહાદેવ કોમ્પ., અમીન કોમ્પ. ભેસ્તાન ગણેશનગર, આર્શીવાદ ઈન્ડ, પંચશીલ નગર, પાંડેસરા જી.આઈ.ડી.સી.– જી.આઈ.ડી.સી. કોલોની, ગભેણી-કર્મયોગી નગર, ઉન નગર, વડોદ–રણછોડ નગર વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલે ૩૦ મિલકતોને સીલ કરવાની તથા ૧૧ ખુલ્લા પ્લોટો ઉપર ટાંચમાં લેવા અંગેના નોટીસ બોર્ડ પ્રદર્શિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યિાન ૦૬ જેટલા મિલ્કતદારોએ સ્થળ પર રૂપિયા ૮.૩૭ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને રૂપિયા ૪૭ લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં ચાલુ માસ દરમ્યાન આજ દિન સુધી રૂપિયા ૮.૬૯ કરોડ વસુલાત થયેલ અને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તા. ૨૮/૦૧/૨૦૨૦ સુધીમાં કુલ રૂપિયા ૧૮૪.૭૨ કરોડ જેટલી વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

ડભોલી અને ભેસ્તાનમાં મુખ્યમંત્રી આવાસ ભાડે આપવાનું કૌભાંડ

સ્થળ પર તપાસ હાથ ધરાતા સંખ્યાબંધ ફ્લેટ બંધ મળી આવ્યા

સુરત

સુરત મહાનગર પાલિકાના કતારગામ ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૫ (કતારગામ) ફા.પ્લોટ નં.૧૨૧, ડભોલી રોડ, ગુલાબવાડી ખાતે મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ બાંધવામાં આવેલ સુમન શ્રેષ્ઠ બિલ્ડીંગ-૪સી૪ માં ફલેટો ભાડે આપવામાં આવેલ હોવા બાબતે સુરત મહાનગરપાલિકા કમિશનર દ્વારા તપાસ કરાવતા કુલ-૧૮ ફલેટોમાં અન્ય વ્યકિત રહેતા હોવાનું ચકાસણી દરમ્યાન જણાતા આ તમામ ૧૮ ફલેટોની ફાળવણી રદ કરવા તથા કુલ-૩૫ ફ્લેટો બંધ હાલતમાં જોવા મળતા તમામ ફલેટ હોલ્ડરોને ઝોનલ ચીફ ધ્વારા નોટીસ આપી કાર્યવાહી કરવા સુરત મહાનગરપાલિકા કમિશનર દ્વારા આદેશ કરવામાં આવેલ છે.

જયારે ઉધના ઝોન વિસ્તારમાં મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ EWS-૫, સુમન શકિત, ટી.પી.સ્કીમ નં.૪૮(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૬૯ ખાતે બિલ્ડીંગ નં.બી માં એફોર્ડેબલ હાઉસીંગ સેલ ધ્વારા ફાળવવામાં આવેલ આવાસોમાં પણ સુરત મહાનગરપાલિકા કમિશનર દ્વારા તપાસ કરાવતા ૪(ચાર) ફલેટોમાં અન્ય વ્યકિત રહેતા હોવાનું ચકાસણી દરમ્યાન જણાતા સદરહુ ૪ ફલેટોની આવાસની ફાળવણી રદ કરવા તથા ૨(બે) ફલેટોમાં પુરાવાઓ ચેક કરી અન્ય વ્યકિત માલમ પડે તો તેઓની ફાળવણી રદ કરવા આદેશો કરવામાં આવેલ છે. વધુમાં આ બિલ્ડીંગમાં કુલ-૫૩ ફલેટો બંધ હાલતમાં ચકાસણી દરમ્યાન માલમ પડતા આ તમામ ફલેટ હોલ્ડરોને નોટીસ આપી રદ કરવાની કાર્યવાહી કરવા પણ સુરત મહાનગરપાલિકા કમિશ્નર દ્વારા આદેશ કરવામાં આવેલ છે.

સુરત જિલ્લામાં ગુજરાત પોષણ અભિયાનનો પ્રારંભ

સુપોષણયુક્ત આંગણવાડી નંદઘરની આંગણવાડી કાર્યકર્તા-આશાવર્કર- તેડાગર બહેનોને પુરસ્કારથી સમ્માનિત કરાશે

સુરત

પ્રધાનમંત્રીશ્રીના સહિ પોષણ-દેશ રોશનને ચરિતાર્થ કરવા ગુજરાત પોષણ અભિયાન-૨૦૨૦-૨૨ અંતર્ગત જનભાગીદારી દ્વારા બાળકોના પોષણ સ્તરમાં સુધારો આવે તેવા આશયથી સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહોના સહિયારા પ્રયાસોથી બાળકો, કિશોરીઓ અને માતાઓના પોષણ સ્તરમાં વધારો કરવાના હેતુથી આગામી તા.૩૦/૦૧/૨૦૨૦ થી તા.૧/૦૨/૨૦૨૦ એમ ત્રણ દિવસ કાર્યક્રમો યોજાશે.

આ અભિયાનમાં જિલ્લા પંચાયતની ૪૦ સીટો તથા નગરપાલિકાની છ સીટોમાં મંત્રીશ્રીઓ, પ્રભારી સચિવશ્રી, કૃષિ બોર્ડના ચેરમેન, જનરલ સેક્રેટરીઓ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહેશે. રાજય સરકારના બધા જ વિભાગો શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી અભિયાન જેમ જ પોષણ અભિયાનમાં જોડાશે. આંગણવાડી વર્કર, આશા વર્કર અને એ.એન.એ.બહેનોની પોષણ ત્રિવેણી રચી બાળકોને કુપોષણમાંથી મુકત કરવાના સઘન પ્રયાસો કરવામાં આવશે.

પ્રથમ દિને તા.૩૦/૦૧/૨૦૨૦ના રોજ કૃષિ, ગ્રામ વિકાસ મંત્રીશ્રી આર.સી.ફળદુ સવારે ૧૧.૦૦ વાગે ઓલપાડ તાલુકાના મોર ગામે તથા બપોરે ૨.૦૦ વાગે ઓલપાડના પીજરત ખાતે પોષણ અભિયાનમાં ઉપસ્થિત રહેશે. સુરતના પ્રભારી સચિવ અને સામાન્ય વહીવટ વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરીશ્રી કમલકુમાર દયાની સવારે ૧૧.૦૦ વાગે ચોર્યાસી તાલુકાની હજીરા ગામની પ્રાથમિક શાળા ખાતે તથા બપોરે ૨.૦૦ વાગે મોરા ગામે ઉપસ્થિત રહેશે.

બીજા દિવસે કૃષિમંત્રીશ્રી આર.સી.ફળદુ તા.૩૧/૦૧/૨૦૨૦ના રોજ સવારે ૧૧.૦૦ વાગે ઓલપાડ તાલુકા પંચાયત કચેરી કેમ્પસ ખાતે તથા બપોરે ૨.૦૦ વાગે દેલાડ ગામે ઉપસ્થિત રહેશે. વન, આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સવારે ૧૧.૦૦ વાગે માંડવીના અરેઠ ગામે તથા ૨.૦૦ વાગે ઘંટોલી ગામે હાજરી આપશે. જયારે પ્રભારી સચિવશ્રી કમલ દયાની સવારે ૧૧.૦૦ વાગે ચોર્યાસી તાલુકાના કુંભારીયા તથા બપોરે ૨.૦૦ વાગે પલસાણા તાલુકાના ચલથાણ ગામે ઉપસ્થિત રહેશે.

ત્રીજા દિવસે તા.૧લી ફેબ્રુઆરીના રોજ ચોર્યાસી તાલુકાના કનકપુર-કનસાડ ગામે સવારે ૧૧.૦૦ વાગે કૃષિ બોર્ડના ચેરમેનશ્રી રમણભાઈ પટેલ તથા બપોરે ૨.૦૦ વાગે સચીન ખાતે ઉપસ્થિત રહેશે. સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા માંડવી ખાતે બપોરે ૨.૦૦ વાગે ઉપસ્થિત રહશે. અભિયાન હેઠળ સુપોષણયુકત આંગણવાડી-નંદઘરની આંગણવાડી કાર્યકર્તા-આશાવર્કર-તેડાગર બહેનોને પુરસ્કારથી સન્માનિત કરાશે.

દક્ષિણ ગુજરાતમાં ઠંડી વધી નવસારીમાં ૧૧ ડીગ્રી તાપમાન

સુરતમાં ૧૫ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું

સુરત

ઉત્તર ભારતમાં ફરી એક વખત ઠંડીનું મોજુ ફરી વળતા શીત લહેરની અસર રાજ્યમાં જોવા મળી રહી છે. દક્ષિણ ગુજરાતમાં ગતરોજની સરખામમીએ આજે ૩ થી ૪ ડીગ્રી તાપમાન ઘટ્યું છે. આગામી ૪૮ કલાક દરમ્યાન રાજ્યમાં શીત લહેરની અસર વધશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી ઉત્તર દિશાનો કલાકના ૫ કિલોમીટરની સરેરાશ ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૧.૨ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૫ ડીગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીએ આજે અધિકતમ અને ન્યુનતમ તાપમાનમાં ૩ થી ૪ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલી શીત લહેરની અસર આગામી ૪૮ કલાક દરમ્યાન વધશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

સુરતમાં બાળ મજૂરી નાબુદી ઝુંબેશ હેઠળ કુલ ૫૩ બાળકો મુક્ત કરાયા

ટાસ્ક ફોર્સની બેઠકમાં કામગીરી અંગે સમીક્ષા હાથ ધરાઈ

સુરત

બાળમજૂરી પ્રથા નાબૂદી અભિયાન હેઠળ ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ કમિટી અને નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેકટ સોસાયટી તથા બાળમજૂર પુનઃ વસન અને કલ્યાણનિધિ સંચાલન સમિતિની બેઠક નિવાસી અધિક કલેકટરશ્રી એસ.ડી. વસાવાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી.

બેઠકમાં અધિક કલેકટરશ્રીએ બાળમજૂરીમાંથી છોડાવવામાં આવેલા ભૂલકાંઓના શિક્ષણ અને પુનર્વસનની કામગીરી સાથે સુરતમાં બાળમજૂરી પ્રથા નાબૂદી અભિયાનની કામગીરીની સમીક્ષા કરી હતી.

બેઠકમાં નાયબ શ્રમ આયુક્તશ્રી એ.એસ. ગાંધીએ જણાવ્યું હતું કે, બાળમજૂરીના દૂષણમાંથી માસૂમ બાળકોને બચાવવા અને તેમના શિક્ષણ, આરોગ્યની સારસંભાળ માટે સઘન પગલાઓ લેવામાં આવી રહ્યા છે. જાન્યુઆરી,૨૦૨૦ માસ દરમિયાન સુરતમાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સેલને સાથે રાખીને જુદી જુદી આઠ રેડ કરી ૫૩ બાળકોને છોડાવાયા હતા. મુક્ત કરાયેલા આ બાળકો મુખ્યત્વે ભાઠેના, લિંબાયત જેવા જરદોશી- ખાટલી વર્કના કામમાં જોડાયેલા હતા. બાળમજૂરી કરાવનાર માલિકો સામે એફ.આઈ.આર. નોંધાવી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

શ્રી ગાંધીએ કહ્યું કે, બાળમજૂરીની આડમાં માનવ તસ્કરી ન થાય તે માટે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સેલને પણ બાળમજૂરી નિવારણની કામગીરીમાં સક્રિય કરવામાં આવ્યું છે. શ્રી ગાંધીએ ડિસેમ્બર,૨૦૧૯ માસ દરમિયાન પણ ત્રણ રેડ કરી ૪ બાળકોને મુક્ત કરાવ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે બાળમજૂરી કરાવનાર એકમો સામે સીધી એફ.આઈ.આર. નોંધી સખ્ત કાર્યવાહી કરવામાં આવશે એમ સ્પષ્ટપણે કહ્યું હતું.

બેઠકમાં ગત માસ દરમિયાન એન. સી. એલ. પી.ના ખર્ચ અંગેની વિગતો રજૂ કરવામાં આવી હતી. બેઠકમાં મદદનીશ પોલિસ કમિશનર(વિશેષ શાખા)શ્રી પી.એલ. ચૌધરી, બાળ સુરક્ષા અધિકારીશ્રી જયેન્દ્ર ઠાકોર, ચાઈલ્ડ લાઈન, પ્રથમ સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

ખટોદરામાં પોલીસે બુલેટ ચાલક પાસે કાગળીયા માંગતા હોબાળો

બુલેટ સવાર પુરૂષ અને મહિલાએ પોલીસ સાથે માથાકૂટ કરતા ગુનો દાખલ

સુરત

ખટોદરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ યુનિક હોસ્પિટલ ચાર રસ્તા પાસે બુલેટ સવારે ટ્રાફિક પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાથે માથાકૂટ કરી તાયફો કરી લોકો વાહન ચાલકોને ઉશ્કેરતાં પોલીસે આ દંપતિ વિરૂદ્ધ ખટોદરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ટ્રાફિક શાખાના પીએસઆઈ જયપ્રકાશ રામતેજ શુક્લા યુનિક હોસ્પિટલ પાસે ટ્રાફિકનું સંચાલન કરતા હતા. ત્યારે રોંગ સાઈડમાં આવતી બુલેટને અટકાવી ચાલક સુશીલ બ્રહ્મદેવ મિશ્રા પાસે ગાડીના કાગળીયા માંગ્યા હતા. જે આરોપી સુશીલ પાસે ન હોવાથી પીએસઆઈ શુકલાએ દંડ ભરવાનું જણાવતાં આરોપી સુશીલ અને તેની સાથેની મહિલાએ બુલેટને મારેલુ લોક તોડવાનો પ્રયાસ કરી ભારે હંગામો મચાવ્યો હતો. તેમજ પોલીસ સાથે ઝપાઝપી કરી અન્ય વાહન ચાલકોને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. ખટોદરા પોલીસે સુશીલ અને સીમા નામની મહિલા વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ગ્રામીણકક્ષાએ કાર્ય કરતી આશાએ સરકારની આરોગ્યક્ષેત્રે સંવેદનાસભર પ્રયાસ -જિલ્લા પંચાયત પ્રમુખ ડો.અમિતાબેન પટેલ

દિનકરભવન મજીગામ ખાતે આશા સંમેલન યોજાયું

નવસારી

નવસારી જિલ્લાની આરોગ્ય ક્ષેત્રે કામ કરતી આશા બહેનોને પ્રોત્સાહિત કરવા આજરોજ દિનકર ભવન, મજીગામ, ચીખલી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ડો.અમિતાબેન પટેલના અધ્યક્ષસ્થાને આશા સંમેલન યોજાયું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ડો.અમિતાબેન પટેલે આશા બહેનો દ્વારા આરોગ્ય ક્ષેત્રે જિલ્લામાં થઇ રહેલી ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી, છેક છેવાડેના ગ્રામીણ વિસ્તારોમાં પાયાનું કામ કરનારી આશાબહેનોને સંવેદના સાથે સતત જાગૃત રહેવાનું જણાવ્યું હતું.

જિલ્લા આરોગ્યવિભાગને શુભેચ્છા પાઠવી ડો.અમિતાબેન પટેલે છેક છેવાડાના ગામડાઓમાં કામગીરી સંભાળતી આશા બહેનોએ તથા તમામ આરોગ્ય કર્મયોગીઓની સંવેદનાને કારણે, આપણે નવસારી જિલ્લો આરોગ્ય ક્ષેત્રે અગ્રિમસ્થાન ધરાવે છે.

જિલ્લા વિકાસ અધિકારી ડો.વિપિન ગર્ગે જણાવ્યું હતું કે, સ્વસ્થ અને સંસ્કારી સમાજ નિર્માણ માટે અમલી જુદી જુદી યોજનાઓની જાણકારી છેવાડાના જરૂરિયાતમંદ સુધી અસરકારક રીતે પહોંચાડવાની જવાબદારી આશા બહેનો સુપેરે પાર પાડી છે.

ગ્રામીણકક્ષાએ કાર્યરત આશાએ પાયાના ઘડતરનું કામ કરી શકે છે તેમ જણાવીડો.વિપિન ગર્ગે સૌને એક સાથે કદમથી કદમ મિલાવી સમાજ ઘડતરના પવિત્ર યજ્ઞ કાર્યમાં આહુતિ આપવાનું પણ આહ્વાન કર્યું હતું.

આ અવસરે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.સુજીત પરમારે શાબ્દિક સ્વાગત તથા આભારવિધિ ડો.મેહુલ ડેલીવાલાએ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે ઉત્કૃષ્ટ કામગીરી કરનારી આશા બહેનોનું જાહેર સન્માન કરી પ્રશસ્તિપત્ર અને પ્રોત્સાહક પારિતોષિક અર્પણ કરાયા હતા. આ કાર્યક્રમમાં જાહેર આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી પિયુષભાઇ પટેલ, ગણદેવી તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ભાણીબેન પટેલ, નવસારી તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ચંચળબેન પટેલ સહિતના પદાધિકારીશ્રીઓ સહિત જિલ્લાના તબીબી અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં આશા બહેનો ઉપસ્થિત રહી હતી.

યુવકનું ગળું કાપીને હત્યા કરાતા ખળભળાટ, પત્ની પર શંકાની સોય

સુરત

સુરત શહેરનાં પાંડેસરામાં વિસ્તારમાં વડોદગામનાં ગણેશનગર પાસે આવેલા મહાવીર નગરનાં એક રૂમમાં શાકભાજીનાં વેપારીનું ગળું કાપીને હત્યા કરવામાં આવી છે. મૃતક પ્રેમલાલ ગુમા મૂળ યુપીનો રહેવાસી છે. તે પત્ની અને ત્રણ સંતાનો સાથે આ રૂમમાં રહેતો હતો. હાલ પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ મામલે મળતી માહિતી પ્રમાણે, પાંડેસરા વિસ્તારનાં વડોદગામનાં ગણેશનગર પાસે આવેલા મહાવીર નગરનાં ચાર નંબરનાં રૂમમાંથી આ યુપીનો પરિવાર રહે છે. મૃતક પ્રેમલાલ ગુમા શાકભાજીનો વેપારી અને ગેસ સિલેન્ડર રિપેરિંગનું છૂટક કામ કરતો હતો. બુધવારે સવારે પાંચ કલાકે મૃતકની પત્નીએ બુમાબુમ કરી આસપાસવાળાઓને જણાવ્યું કે ચાર નકાબવાળા માણસો આવીને ઘરમાં ઘુસી ગયા હતાં. જે બાદ પતિનું ગળું કાપીને ભાગી ગયા હતાં. જે બાદ આ અંગે પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસને પત્નીનાં નિવેદન પર શંકા જતા વધુ તપાસ હાથ ધરી છે.

આ હત્યાની તપાસમાં મૃતકનાં પાડોશીઓએ જણાવ્યું કે, પતિ પત્ની વચ્ચે વારંવાર ઝઘડાઓ થતા હતાં. જેથી પત્નીએ જ પતિની હત્યા કરી હોવાની પણ લોકોને શંકા જઈ રહી છે. હાલ પોલીસે મૃતકનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. આ અંગે ડૉક્ટરોએ જણાવ્યું છે કે, મૃતકને નાક, ગળા અને ગુપ્તાંગનાં ભાગે ચપ્પુનાં ઘા મારવામાં આવ્યાં છે. કપાળ પર ઘસરકાનાં નિશાન પણ મળી આવ્યાં છે.

રાંદેર પોલીસ મથક પાસે તિક્ષ્ણ હથિયાર વડે હુમલો

મારી પત્ની વિરૂદ્ધ કેમ ફરિયાદ કરે છે તેમ જણાવી હુમલો કરાયો

સુરત

રાંદેર પોલીસ સ્ટેશનના મેઈન ગેટ પાસે પત્નીના વિરૂદ્ધમાં કેમ ફરિયાદ કરેલ છે ? તેમ જણાવી આરોપીએ તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હોવાનો બનાવ રાંદેર પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શીતલ ટોકીઝની બાજુમાં ખતીજાબીબીના મકાનમાં અલીમ બાબુ શેખ રહે છે. ગતરોજ સાંજના સુમારે અલીમ હસન પટેલ રાંદેર પોલીસ સ્ટેશનના મુખ્ય દરવાજા પાસેથી પસાર થતા હતા. ત્યારે આરોપી અબ્દુલ હસન પટેલે અલીમ બાબુ શેખને રસ્તામાં રોકી તુ મારી પત્નીની વિરૂદ્ધમાં ફરિયાદ કેમ આપે છે તેવું જણાવી લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. રાંદેર પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

લિંબાયતમાં પોલીસ પર કાશ્મીર સ્ટાઈલમાં હુમલો કરાયો : સાંસદ સી.આર. પાટીલ

સુરત

સુરત શહેરના લિંબાયત વિસ્તારમાં કેટલાક અસામાજીક ત્વોએ સીએએ અને એનઆરસીના વિરોધમાં બળજબરીથી દુકાનો બંધ કરાવવાની શરૂઆત કરતા પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જેથી ટોળાઓએ પોલીસને ટાર્ગેટ કરી તેમના પર પથ્થરમારો ચલાવ્યો હતો.

આ ઘટના અંગે સાંસદ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, કેટલાક અસામાજીક તત્વો આ પ્રકારના કામ કરી રહ્યા છે. કાશ્મીરની જેમ મોઢાપર રૂમાલ બાંધીને પોલીસને ટાર્ગેટ કરવામાં આવી છે. આવા લોકો કોંગ્રેસ અને અન્ય રાજકીય પાર્ટીઓનો હાથો બની રહ્યા છે. આ લોકોને આવું કરવા માટે ફંડ આપવામાં આવે છે.

નોંધનીય છે કે બુધવારે બહુજન ક્રાંતિ મોરચા સહિત અનેક મુસ્લિમ સંગઠનો દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. સુરતના ૯૫ ટકા વિસ્તારમાં બંધની કોઇ અસર જોવા મળી ન હતી. પરંતુ ચોકબજાર વિસ્તાર અને લિંબાયત તેમજ આંજણા વિસ્તારમાં થોડી અસર જોવા મળી હતી. બપોરના સમયે કેટલાક અસામાજીક તત્વો લિંબાયત વિસ્તારમાં દુકાનો બંધ કરાવવા માટે નીકળ્યા હતા. આ મામલે પોલીસે તેમને આમ કરતા રોક્યા હતાં. જે બાદમાં એક મોટું ટોળું મોઢા પર રૂમાલ બાંધીને પથ્થરો લઈને પોલીસ પર તૂટી પડ્યું હતું. ટોળાએ પોલીસ પર હુમલો કરી દીધો હતો.

સુરત હીટ એન્ડ રનઃ સુમુલ ડેરીનાં ટેકરે બાઈકને અડફેટે લેતા યુવકનું મોત

સુરત

સુરત શહેરમાં અકસ્માતનાં બનાવો ધીરે ધીરે વધી રહ્યાં છે. આ અકસ્માતો જીવલેણ બનતા જાય છે. ત્યારે મોડી રાતે જ શહેરનાં અલકાપુરી બ્રિજ પર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે જેમાં એક યુવકનું મોત નીપજયું છે. શહેરનાં અલકાપુરી બ્રિજ પર સુમુલ ડેરીનાં દૂધ વાહને બાઈક પર જતા ૨૮ વર્ષનાં યુવાનને અડફેટે લેતા ઘટનાસ્થળે જ મોત નીપજયું છે. જેના કારણે ત્યાં મોડી રાતે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ભેગા થયા હતાં. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસની ટીમ ઘટના સ્થળે આવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ૨૮ વર્ષનાં યુવકની મોતને કારણે પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

આ ઉપરાંત શહેરમાં હજીરા એલએન્ડટી ગેટ સર્કલ પર બાઈક સવાર બે યુવકોને ટ્રકે ટક્કર મારી હતી. જેમાં એક યુવકની હાલત ગંભીર છે. આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત બંન્ને યુવાનોને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. આ અકસ્માતમાં ટ્રક ડ્રાયવર ફરાર થઈ ગયો હતો. ઈછાપોર પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રેસિડન્સી સ્કૂલમાં 'રાષ્ટ્રીય પર્વ'ની ભવ્ય ઉજવણી

સુરત


રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કુલમાં ૧૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થા સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ દ્વારા વિશિષ્ટ પરેડ કરવામાં આવી હતી અને જાણીતા કાર્ડીયોલોજીસ્ટ ડો. જીતેન્દ્ર ડુમસવાલા, ડો. મુકુંદ કારીયા અને લાયન મોના દેસાઇના વરદહસ્તે ધ્વજવંદન કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ તબક્કે ટ્રસ્ટી હિતેન્દ્ર ચુડાવાળા, ટ્રસ્ટી પ્રા. એન.એમ.કારીયા, આચાર્ય કુ.દીપિકા શુકલ, લાયન પ્રેસિડન્સીના સભ્યો, સિનીયર સીટીઝન વાચનાલયના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ બાળકોને પ્રેરક ઉદબોધન કર્યુ હતું

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્સિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

ભારત બંધના એલાનને નર્મદા જિલ્લામાં બીટીપીના સમર્થનમાં ડેડીયાપાડા સહિતના વિસ્તારોમાં ભારે પ્રતિસાદ







CAA NRCના વિરોધમા આપેલ બંધના એલાનને ડેડીયાપાડા સહિત વિસ્તારોમાં બીટીપીના સમર્થનમાં દુકાનો, બજારો બંધ રહ્યા

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કોઈના સમર્થનમાં નહિ પણ પોતાની લડાઈ માટે આદિવાસીઓએ બંધ પાડ્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

આજે ભારત બંધના એલાનને પગલે નર્મદા જિલ્લામા ભીલીસ્થાન ટાઈગર સેના એ CAA NRCના વિરોધમા જિલ્લામાં એક દિવસીય બંધના એલાનની જાહેરાત કરતા પોલીસ તંત્રમા પણ ખડે પગે રહ્યું હતું સમગ્ર જિલ્લામાં આપેલા બંધને પગલે ડેડીયાપાડા સહિતના વિસ્તરમાં મોટાભાગની દુકાનો સહિત બજારો બંધ જોવા મળ્યા હતા બીટીપીએ આપેલા બંધને મોટો પ્રતિસાદ મળ્યો હતો જ્યારે મુખ્ય મથક રાજપીપળામાં બંધની કોઈ અસર જોવા ન મળી હતી.તમામ દુકાનો રાબેતા મુજબ ચાલુ હતી.

દેશમાં વિવિધ સંગઠનો તેમજ રાજકીય પાર્ટીઓ દ્વારા ઠેર ઠેર CAA NRCનો ભારે વિરોધ નોધાવી વિવિધ સ્થળોએ જલદ વિરોધ પ્રદર્શન કરી ધરણા કરવામાં આવી રહ્યા છે. સરકાર દ્વારા CAA NRC ની દેશમાં અમલવારીને લઈને ગતિવિધિની શરૂઆત કરાતાની સાથે જ દેશમાં ઠેર ઠેર સરકાર સામે વિરોધનો સુર ઉઠી સાથે રોષ ભભુકી ઉઠ્યો છે.ત્યારે નર્મદા જિલ્લામા બીટીપી દ્વારા સમગ્ર જિલ્લામાં CAA, NRC, NPR,EVR સહિતના કાયદાના વિરોધમાં તા.૨૯ જાન્યુઆરીના રોજ બંધનુ એલાન આપવામાં આવ્યું હતું જેને પગલે ડેડીયાપાડા સહિતના વિસ્તારોમાં વેપારીઓ સહિત વિવિધ દુકાનદારો એ બંધને સમર્થન આપ્યુ હતુ અને તમામ વેપારીઓ બંધમા જોડાઈને દુકાનો બંધ રાખી હતી બીટીપી દ્વારા અપાયેલા બંધને પગલે સમગ્ર જિલ્લાના ડેડીયાપાડા,સાગબારા,સેલંબા,કેવડિયા સહિતના વિસ્તારોમાં બંધને ભારે સમર્થન મળ્યું હતું પરંતુ જીલ્લા ના વડા મથક રાજપીપળા ખાતે આ બંધ ની કોઈ અસર જોવા ન મળી અને તમામ દુકાનો બજાર રાબેતા મુજબ ચાલુ રહ્યા હતા.

જોકે જાણવા મળ્યા મુજબ આજે ભારત બંધના એલાનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કોઈના સમર્થનમાં નહિ પણ પોતાની લડાઈ માટે આદિવાસીઓએ બંધ પાડ્યો હતો.જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે તમામ લારી ગલ્લા દુકાનો બંધ રહેતા પ્રવાસીઓ અટવાયા હતા.ખાણી પીણી માટે તંગી જોવા મળી હોવાનું જાણવા મળ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે લારીગલ્લા અને દુકાનો ચલાવતા સ્થાનિક આદિવાસીઓએ સ્વયંભૂ દુકાનો બંધ રાખી એક વિરોધ નોંધાવ્યો હતો, એક બાજુ CAA અને NRCA ને લઈને ભારત બંધનું એલાન આપ્યું છે. ત્યારે અહીયા કોઈ નિયમ કે કાયદાના સમર્થનમાં નથી સમજતા પણ જે કેવડિયાનો કાળો કાયદો બનાવ્યો છે. આ કાયદાની આડ હેઠળ આદિવાસીઓની જમીન લઈ લેવાનો કારશો સરકારે રચ્યો છે જેના વિરોધમાં સ્થાનિકોએ બંધ પાડ્યો હતો.

ગરુડેશ્વરના ઈન્દ્રવર્ણા ગામના અસ્થિર મગજના આધેડે ઝેરી દવા પી જતા મોત



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના ગરુડેશ્વર તાલુકાના ઈન્દ્રવર્ણા ગામમાં એક અસ્થિર મગજના આધેડ વ્યક્તિ નું ઝેરી દવા પીતા સારવાર દરમિયાન મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ઈન્દ્રવર્ણા ગામ માં રહેતા કંચનભાઈ મોહનભાઈ તડવી (ઉ.વ.૫૬)એ પોતે અસ્થિર મગજના હોય ગત તારીખ ૨૪ જાન્યુઆરી ના રોજ પોતાના ઘરે પોતાની જાતે કોઈ અજાણી દવા પી જતા તેમને ગરૂડેશ્વર સરકારી હોસ્પીટલમાં લઈ ગયા બાદ રાજપીપળા હોસ્પીટલમાં રીફર કરાયા બાદ વધુ સારવાર માટે વડોદરાની S.S.G હોસ્પિટલ ખાતે લઈ જતા ત્યાં સારવાર દરમિયાન તા.૨૮ જાન્યુઆરી એ તેમનું મોત થયું હતું.

સુરતમાં એર કાર્ગો ટર્મિનલ ખુલ્લું મૂકાયું, વેપાર-ઉદ્યોગને વેગ મળશે



સુરત

ઔદ્યોગિક શહેર સુરતના ઉદ્યોગો માટે લાંબા સમયથી કાર્ગો ટર્મિનલ વિકસાવવાની માગ કરવામાં આવી હતી. જે માંગ પુરી થઈ છે અને કાર્ગો ટર્મિનલ ખુલ્લું મૂકવામાં આવ્યું. ૨૮૦૦ ચો.મીટર વિસ્તારમાં બનેલા કાર્ગો ટર્મિનલ પ્રોજેક્ટને લઈને શહેરના વેપાર-ઉદ્યોગને મોટી રાહત થઈ છે.

સુરત એરપોર્ટમાં ૨૮૦૦ ચો.મીટર વિસ્તારમાં કાર્ગો ટર્મિનલ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. જે પૈકી ૧૪૦૦ ચો. મીટર વિસ્તારમાં કાર્ગો ટર્મિનલનું બાંધકામ કરવામાં આવ્યું છે. આ કાર્ગો ટર્મિનલ હાલમાં ડોમેસ્ટિક કક્ષાનું રહેશે અને ત્યાંથી ડોમેસ્ટિક કક્ષાના પાર્સલની અવર-જવર રહેશે. આ સુવિધાથી સ્થાનિક ટેક્સ્ટાઈલ, ડાયમંડ સહિતના ઉદ્યોગો તથા ખેતીવાડી ઈન્ડસ્ટ્રીને મોટી રાહત થશે. ડોમેસ્ટિક સ્તરે વિવિધ ગુડ્ઝ મોકલી શકાશે.

સ્થાનિક સ્તરેથી દેશના અન્ય શહેરોમાં ટેક્સટાઈલ એક્સપોર્ટર્સને કાપડ-ટેક્સટાઈલ ગુડ્ઝનો મોટો જથ્થો પહોંચાડવામાં આવે છે. જે ડોમેસ્ટિક સ્તરની કાર્ગો ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમથી થાય છે. ઘણી વખત નિકાસકારો દ્વારા નિકાસ ઓર્ડર પૂરા કરવા ખૂબ જ ઝડપથી ગુડ્ઝ ડિમાન્ડ કરવામાં આવે છે. આ સમયે આ સુવિધા ઘણી મદદરૂપ બની રહેશે તેમ એસઆરટીઈપીસીના વાઈસ ચેરમેન ધીરૂભાઈ શાહે જણાવ્યું હતું.

પાંડેસરાના મકાનમાં ગળુ કાપી વેપારીની પત્નીની ઘાતકી હત્યા

ચાર લોકો હત્યા કરી ભાગી ગયા : પોલીસને પતિ પર શંકા

સુરત

પાંડેસરામાં વિસ્તારમાં આવેલા મહાવીર નગરમાં શાકભાજીના વેપારીની ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. તપાસ કરતા પતિ-પત્ની વચ્ચે વારંવારના ઝઘડામાં પત્નીએ જ પતિની હત્યા કરી હોવાનું અનુમાન પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. હાલ પોલીસ દ્વારા પત્નીની પૂછપરછ હાથ ધરાઈ છે.

પાંડેસરા વિસ્તારમાં વડોદ ગામના મહાવીર નગરમાં મૂળ યુપીનો પ્રેમલાલ ગુપ્તા પત્ની સાથે રહેતો હતો અને શાકભાજીનો વેપારી અને ગેસ બોટલ રીપેરીગનું કામ કરતો હતો. પ્રેમલાલ છેલ્લા એક વર્ષથી જ મહાવીર નગરના પ્લોટ નંબર ૨૭ના રૂમ નંબર ૪માં ભાડે રહેતો હતો. આજે સવારે પાંચ વાગ્યે પત્નીએ બૂમાબૂમ કરી સોસાયટીવાસીઓને જણાવ્યું હતું કે, ૪ જણા ઘરમાં ઘૂસીને પતિનું ગળું કાપી ભાગી ગયા હતા. ત્યારબાદ પોલીસને જાણ કરાતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસને પત્નીના નિવેદનમાં જ શંકા જતા તપાસ હાથ ધરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, પતિ-પત્ની વચ્ચે વારંવાર ઝઘડાઓ થતા હતા. જેને લઈને પત્નીએ જ પતિને મોતને ઘાટ ઉતાર્યો હોવાની શંકાને લઈને પત્નીની વધુ પૂછપરછ હાથ ધરાઈ છે.

પ્રેમલાલની હત્યાના પગલે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. ડોક્ટરોએ જણાવ્યું હતું કે, નાક, ગળા અને ગુમાંગના ભાગે ચપ્પુના ઘા મારવામાં આવ્યા છે. કપાળ પર ઘસરકાના નિશાન પણ મળી આવ્યા છે.

ડીંડોલી સ્થિત માતૃશ્રી શાળા સંચાલક મંડળના દસ ટ્રસ્ટીઓની ધરપકડ

શાળાના નવા વર્ગો માટેની મંજૂરી માટે ટ્રસ્ટીઓએ બોગસ દસ્તાવેજો રજૂ કર્યા હતા

સુરત

નવાગામ ડીંડોલી માતૃશ્રી ટ્રસ્ટ સંચાલિત શાળાના પ્રમુખ-ટ્રસ્ટીઓ સહિત દસ જણાંની ડીંડોલી પોલીસે ધરપકડ કરી હતી. ૨૦૧૯માં સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ધો.૧૦-૧૧ના વર્ગોની મંજૂરી માટે ખોટા દસ્તાવેજો રજૂ કરનાર માતૃશ્રી ટ્રસ્ટ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ડીંડોલી પોલીસે લાંબી તપાસ બાદ ૧૦ જણાંની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ માતૃશ્રી ટ્રસ્ટના નિંબા અભિમન પાટીલ, ભાલચંદ્ર ભાઉરાવ પાટીલ, અનિલ ગંગાધર સોનવણે, સતીષ ઉર્ફે જગુ સાહેબરાવ પાટીલ (પવાર), સુભાષ સીતારામ ચૌહાણ, ડૉ. દિલીપ ભાઉરાવ પાટીલ, સુધાકર મહારૂ પાટીલ, અતુલ વસંતરાવ પાટીલ, પ્રકાશ ગોરખ પાટીલ, વિશ્વનાથ ભાલચંદ્ર પાટીલની ગઈકાલે સાંજે ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની તપાસ કરનાર પીએસઆઈ જે.આર. બલાતના જણાવ્યા મુજબ આરોપીઓ વિરૂદ્ધ ૨૦૧૯માં શાળાના વર્ગોની મંજૂરી માટે સરકારમાં બોગસ દસ્તાવેજો રજૂ કરી છેતરપિંડી કરી હતી. આરોપીઓ વિરૂદ્ધ ડીંડોલી પોલીસ સ્ટેશને ઈપીકો કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબનો ગુનો દર્જ થયો હતો. પકડાયેલા આરોપીઓ ટ્રસ્ટના પ્રમુખ ટ્રસ્ટીઓ તેમજ ગુનામાં સામેલ આરોપીઓ છે.

નર્મદા જિલ્લાના ૩૫૦ જેવા HIV પીડિતોને તબીબી સહાયના નાણાં આપવામાં તંત્રના અખાડા

સરકારના કાયદાની ઉપરવટ જાઈ પોતાના નિયમ બનાવી મનમાની કરતા આરોગ્ય વિભાગના કેટલાક કર્મચારીઓ સામે અધિકારીઓ કેમ મૌન સેવી રહ્યા છે.?

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં લગભગ ૩૫૦ જેવા HIV પીડિતો હોય તેમની હાલ શુ દશા છે એ તરફ તંત્ર તદ્દન નિષ્ક્રિય બની બેઠું હોય એમ લાગે છે જેમાં હાલ આ જિલ્લામાં HIV પીડિતોની સંખ્યાનો સાચો આંકડો પણ કદાચ કોઈ પાસે નથી હોય સાથે આ પીડિતો માટે સરકાર નવી નવી યોજનાઓ કે સહાયો ભલે શરૂ કરે પરંતુ એ જેતે દર્દીઓ સુધી નિયમિત પહોંચતી નથી જેમાં આરોગ્ય વિભાગના કેટલાક મનમાની કરતા કર્મચારીઓ જવાબદાર હોય તેવા કર્મચારીઓ વિરુદ્ધ અધિકારીઓ કેમ પગલાં લેવામાં ખચકાટ અનુભવી રહ્યા છે એ સમજાતું નથી.



સરકારની કોઈ પણ સહાય હોય લાભાર્થીએ વર્ષ માં એક વાર તેનું નવું રિન્યુઅલ કરાવવું પડે તેવો નિયમ હોવા છતાં HIV પીડિતોને દર મહિને મળતા તબીબી સહાયના ૫૦૦/- રૂપિયા નિયમિત મળતા નથી ઉપરથી આરોગ્ય વિભાગના કકર્મચારીઓ દર મહિને પીડિતોએ ફોર્મ ભરી નવું રિન્યુઅલ કરવાના ખોટા નિયમો બનાવી દર્દીઓને ખોટા ધક્કા ખવડાવે છે છતાં આવા મનમાની કરતા સ્ટાફ વિરુદ્ધ આરોગ્યના અધિકારીઓ પગલાં લેતા ન હોય ભારે રોષ જોવા મળી રહ્યો છે.

એક તરફ ફોર્મ લેનાર કર્મચારી એમ જણાવે છે કે ઉપરી અધિકારી નો હુકમ છે માટે દર મહિની હયાતીનો દાખલો આપવો પડશે નહીતો સહાય નહિ મળે.જ્યારે બીજી બાજુ અધિકારી મેં કઈ આવું કહ્યું નથી છતાં ક્યાં અટકે છે તે હું તપાસ કરાવી લવ તેવી વાત કરતા હોય બંને ની બાય બાય ચાયની વચ્ચે બિચારા HIV પીડિતો કામ ધંધા છોડી સહાય માટે ધક્કા ખાઈ રહ્યા છે. ત્યારે નર્મદાના દરેક HIV પીડિતોને નિયમિત નિયમ મુજબ સહાય મળે તેવી માંગ ઉઠી છે.

કોઈ પણ સહાયમાં વર્ષમાં એક વાર એફિડેવિટ કરાવવાના બદલે તબીબી સહાય માટે દર મહિને નવું ફોર્મ ભરવા દબાણ કરવાના ખોટા નિયમ કોના હુકમથી બન્યા

કરોડપતિ હીરાનાં વેપારી પરિવાર સહિત ૭ લોકોએ દીક્ષા ગ્રહણ કરી



સુરત

સુરત શહેરમાં ૧૦૦ કરતા વધુ દીક્ષા થવા જઈ રહી છે ત્યારે પહેલી દીક્ષામાં એક સાથે ૭ લોકો દીક્ષા લઈને સંયમનાં માર્ગે ગયા છે. ત્યારે જૈનશાસનમાં દીક્ષાદાનેશ્વરીનું બિરૂદ ધરાવતા આચાર્યશ્રી ગુણરત્નસુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પાલમાં સામૂહિક દીક્ષાઓ થશે. જેમાં એક આખો પરિવાર અને ત્રણ અન્ય દીક્ષાર્થીઓ છે.

સુરતમાં એકજ અઠવાડિયામાં ૧૦૦ કરતા વધુ દીક્ષા થવાની છે. ત્યારે સુરતનાં પાલ ખાતે મંડપમાં આ દીક્ષાઉત્સવ વિજયોત્સવ તરીકે મનાવવામાં આવ્યો હતો. જોકે, આ દીક્ષામાં અનેક આકર્ષણનાં કેન્દ્ર રહ્યાં હતા. જેમાં પહેલી વાર સુરતમાં પ્રથમવાર ઓગમેન્ટેડ રીયાલિટી ટેકનોલોજી દ્વારા આકાશમાં નરકનો હોરર શો ઉભો કરવામાં આવ્યો હતો. દીક્ષાનગરીનો પ્રવેશદ્વાર રાજમહેલ થીમ આધારિત છે. ૭૦ ફૂટ લંબાઈ અને ૨૫ ફૂટ પહોળાઈ ધરાવતો આ ગેટ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આર્ટગેલેરીમાં જૈનિઝમ કોર્સ વિશે પણ સવિસ્તાર માહિતી આપવમાં આવી હતી. અત્યાર સુધી ૨૯ પરિવારોને દીક્ષિત કરી ચુકેલા દીક્ષાદાનેશ્વરી આ વિજયોત્સવમાં ત્રીસમાં પરિવારને દીક્ષિત કર્યા હતા. સુઈગામનાં મુમુક્ષુ વિજયભાઈ આંગડિયા, તેમની ધર્મપત્ની સંગીતાબેન, પુત્રી દ્રષ્ટી અને આંગી એમ સંપૂર્ણ પરિવાર સંયમ સ્વીકાર્યું હતું. તા૨૭મી જાન્યુઆરીએ બાહુબલી થિમ પર વર્ષીદાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી.

પાંડેસરામાં સાંઈ જ્વેલર્સના તાળા તોડી ચોરી કરવાનો પ્રયાસ નિષ્ફળ

૧૦૮ના પાયલોટે પોલીસને જાણ કરતા ચોર ઈકો કારમાં ભાગ્યા

સુરત

પાંડેસરામાં તસ્કરો દ્વારા સાંઈ જ્વેલર્સના તાળા તોડવાનો પ્રયાસ ૧૦૮ના પાયલોટે નિષ્ફળ બનાવ્યો હતો. વહેલી સવારની ઘટના બાદ પોલીસ અધિકારીઓ દોડતાં થઈ ગયા હતા. ૧૦૮ના પાયલોટને જાણ થતા પોલીસને જાણ કરી જ્વેલર્સ તરફ પોલીસ સાથે દોડી જતા તસ્કરો કારમાં ફરાર થઈ ગયા હતા.

પાંડેસરા વિસ્તારમાં આવેલા સાંઈ જ્વેલર્સને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. મારૂતિ ઈકો કારમાં આવેલા ૩ અજાણ્યા ઈસમો સાઈ જ્વેલર્સના તાળા તોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જેની જાણ રાહદારીએ ૧૦૮ના પાયલોટ કરણ આહીરને કરતા જ કરણ સતર્ક બની પીએસઆઈ રબારીને જાણ કરી જ્વેલર્સ દુકાન તરફ દોડી ગયા હતા. પોલીસ સ્ટાફ અને ૧૦૮ના કર્મચારીને જોઈ તસ્કર ટોળકી ઈકો કારમાં ભાગી ગયા હતા. પીએસઆઈ રબારીએ સચિન હાઈવે સુધી આ ટોળકીનો પીછો પણ કર્યો હતા. ઈમરજન્સી દર્દીઓના જીવ બચાવનાર ૧૦૮ના પાયલોટ કરણ આહીરની જાગૃતતાને પોલીસ અધિકારીઓએ પણ બીરદાવી હતી. ઘટના ની જાણ થતા ની સાથે જ પોલીસ અધિકારીઓ નો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

૧૦૮ પાયલોટ કરણે જણાવ્યું હતું કે, હું જ્યારે જોવા ગયો તો કેટલાક ઈસમો કટરથી તાળા કાપવાનો પ્રયાસ કરતા હતા. વહેલી સવારના સુમશાન વિસ્તારમાં તાળા કાપવાનો અવાજ ચોખ્ખો સંભળાઈ રહ્યો હતો. જેથી તાત્કાલિક પીએસઆઈ રબારીને ફોન કરી જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા. ત્યારબાદ તેઓ પણ આ ટોળકીને પકડવા દોડ્યા હતા. જોકે, પોલીસ અને મને જોઈ આ ટોળકી કારમાં ભાગી ગઈ હતી. પીએસઆઈ રબારી તેમની પાછળ દોડ્યા હતા અને બીજા કર્મચારીઓએ પોલીસના ઉચ્ચ અધોકારીઓને જાણ કરી હતી. હાલ પોલીસ વધુ તપાસ કરી રહી છે.